॥ णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स ॥
॥ आयओ गुरुबहुमाणो ॥

# વિનય

પરમ પાવન શ્રી ઉત્તરાધ્યયનસૂત્રના
પ્રથમ અધ્યયન - વિનય - આધારિત
પ્રવચન - ઝલક

**પ્રિયમ્**


**अहो श्रुतम्**
શા. બાબુલાલ સરેમલજી
સિદ્ધાચલ બંગ્લોઝ, હીરા જૈન સોસાયટી,
સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫. મો. ૯૪૨૬૫૮૫૯૦૪
ahoshrut.bs@gmail.com

# *May I Come In ?*

સાંજનો સમય છે. સદ્ગુરુ ઉપાશ્રયમાં છેલ્લા છેલ્લા સૂર્યપ્રકાશનો સદુપયોગ કરી રહ્યા છે. એક વ્યક્તિ એમના કક્ષના દરવાજે આવીને ઊભી છે, થોડી ક્ષણો સુધી એ વ્યક્તિ સદ્ગુરુને જોયા કરે છે.

મોક્ષને એ જોઈ શકે છે, જે આત્માને જોઈ શકે છે. આત્માને એ જોઈ શકે છે, જે પરમાત્માને જોઈ શકે છે, પરમાત્માને એ જોઈ શકે છે, જે તત્ત્વને જોઈ શકે છે, તત્ત્વને એ જોઈ શકે છે, જે સદ્ગુરુને જોઈ શકે છે. સદ્ગુરુને મળવું, સદ્ગુરુને સાંભળવા. સદ્ગુરુને સ્વીકારવા. સદ્ગુરુને સમર્પિત બની જવું, આ બધી જ પછીની ઘટના છે, પહેલી ઘટના હોય છે સદ્ગુરુને જોવા. **साहुदंसणेण** આ આગમ-પદાર્થનું હાર્દ આ જ છે. આપણી ખરી તકલીફ આ જ છે કે આપણે સીધો દશમો માળ જ ચણવો છે. પાયો, ગ્રાઉન્ડફ્લોર, એક થી નવ માળ - આમાંથી કશું જ આપણને જોઈતું નથી. **પુષ્પમાલામાં પૂ.મલધારી હેમચન્દ્રસૂરિ** મહારાજા કહે છે -

**तो सेविज्ज गुरुं चिय मुक्खत्थी मुक्खकारणं पढमं ।**

**તમને મોક્ષ જોઈએ છે ?**
**તો તમે સદ્ગુરુની જ સેવા કરો.**
**સદ્ગુરુ એ જ મોક્ષનો પાયો છે.**
**મોક્ષનું પ્રથમ કારણ છે.**

સદ્ગુરુના સાન્નિધ્યની ઝંખના એ વ્યક્તિને થાય છે, એ સદ્ગુરુને પૂછે છે - હું અંદર આવી શકું ? સદ્ગુરુનું સ્મિત એનું સ્વાગત કરે છે. વ્યક્તિ સદ્ગુરુના ચરણોમાં બેસે છે. બરાબર એ જ સ્મિત સાથે સદ્ગુરુ એને કહે છે - 'હું અંદર આવી શકું ?' એક મિનિટ પહેલા પોતે જ પૂછેલો પ્રશ્ન એ વ્યક્તિને પાછો મળ્યો છે. પોતાનો પ્રશ્ન સ્થૂળ હતો. સદ્ગુરુનો પ્રશ્ન સૂક્ષ્મ છે. પોતાનો પ્રશ્ન છીછરો હતો. સદ્ગુરુનો પ્રશ્ન ગંભીર છે. પોતાનો પ્રશ્ન ભૌતિક સ્તરનો હતો, સદ્ગુરુનો પ્રશ્ન આધ્યાત્મિક સ્તરનો છે.

મોક્ષમાર્ગનો અર્થ છે બે સ્ટેપ (૧) તમે અંદર જાઓ = સદ્ગુરુની સમીપ આવો. (૨) સદ્ગુરુ તમારી અંદર આવે = તમે તમે મટીને સદ્ગુરુમય બની જાઓ. મોટા ભાગના જીવો સદ્ગુરુની સમીપ જ આવી શકતા નથી. સર્વ જીવોના અનંતમા ભાગના જીવો જ સદ્ગુરુની સમીપ આવતા હોય છે. ને એમના ય અનંતમાં ભાગના જીવો જ એવા હોય છે જેમની અંદર સદ્ગુરુ આવી શકતા હોય છે.

તમે પ્રવેશો + સદ્ગુરુ પ્રવેશે = મોક્ષ. આટલો સરવાળો ન આવડ્યો - ન ફાવ્યો એટલે જ આપણું ભયાનક ભવભ્રમણ થયું છે. સદ્ગુરુ આપણને અનંતવાર મળી ચૂક્યા છે. અનંત સદ્ગુરુઓએ આપણને આ જ પ્રશ્ન પૂછ્યો હતો, 'હું અંદર આવી શકું.' આપણે જાત જાતના પ્રતિભાવો આપ્યા હતા, એ દરેક પ્રતિભાવનો સાર હતો - ના.

આપણે બહુ જ સ્પષ્ટ હતા. સદ્ગુરુના પ્રવેશનો અર્થ હતો 'હું'ની વિદાય. ને આપણે 'હું'ને કોઈપણ ભોગે ગુમાવવા માંગતા ન હતા. નરકમાં જવું પડશે તો ચાલશે. તિર્યંચ બનવું પડે તો વાંધો નથી. નિગોદમાં જવા સુધીની આપણી તૈયારી હતી, સદ્ગતિ ને મોક્ષ સુધીના સુખોને ગુમાવવા આપણે તૈયાર હતા, પણ 'હું'ને ગુમાવવા આપણે તૈયાર ન હતા.

'હું'નો અર્થ છે સંસાર અને સદ્ગુરુનો અર્થ છે મોક્ષ. **અષ્ટાવક્ર ગીતા** કહે છે -

**यदा नाहं तदा मोक्षः, यदाऽहं बन्धनं तदा ।**

જ્યારે હું નથી ત્યારે છે મોક્ષ. જ્યારે હું છું ત્યારે છે બંધન.

સદ્ગુરુનું સ્વાગત એ મોક્ષપુરુષાર્થનું હાર્દ છે. દ્રવ્યથી આપણે સદ્ગુરુના અનંત સામૈયા કર્યા છે. હવે એક ભૂમિકા રચવી છે - ભાવ-સામૈયાની. વિનયના વાજા... સમર્પણનું સંગીત... શરણાગતિની રંગોળી... અહોભાવના મંગળ કળશ... ને આત્મવિસર્જનના વધામણા. બસ... સદ્ગુરુનો પ્રવેશ... આપણા મોક્ષપ્રવેશ માટે આથી વધુ બીજું કશું જ જરૂરી નથી.

✻ ✻ ✻ ✻ ✻

## ❀ ઉત્તરાધ્યયન – ભૂમિકા ❀

જીવનમાં અઢળક પાપો કરનાર, દુનિયાના ઘણા દેશોની ઘણી હોટલોમાં જલસાબાજી કરનાર, ધર્મનો સ્પર્શ સુદ્ધા ન કરનાર એક અબજોપતિ માણસ એક વાર ઉપાશ્રયમાં જઈ ચડ્યો. જિનવાણીના ગણીને ચાર શબ્દ એણે સાંભળ્યા, એનો અર્થ એ સમજ્યો ને સંસારને લાત મારીને એણે દીક્ષા લીધી. દીક્ષાના આગલા દિવસે બહેનોની સાંજી હતી. એમાં હીરાની વીંટીની પ્રભાવના થઈ.

દીક્ષા બાદ છટ્ઠ ને પારણે આંબેલની ઘોર સાધના એ મહાત્માએ ચાલુ કરી. રોજ બપોરે ૨ થી ૫ અગાશીમાં જઈને આતાપના ચાલુ કરી. એમણે એમના જીવનનો સાર એક વાક્યમાં આપી દીધો હતો – હું સંસારમાં હતો ત્યારે રોજ દિવાળી હતી, સંયમમાં આવ્યો ત્યારથી રોજ સંવત્સરી છે.

ગુલાબી જિંદગીમાંથી આવીને ઘોર તપથી કાળા કોલસા જેવું શરીર કરી દેનાર એ મહાત્માના જીવનપરિવર્તનનું મૂળ શું હતું ? એ જિનવાણીના ચાર શબ્દો કયાં હતાં ? એ હતી ઉત્તરાધ્યયનસૂત્રના ચોથા અધ્યયનની પહેલી પંક્તિ – **असंखयं जीवियं मा पमायए** – બીજું બધું મરામત યોગ્ય થઈ શકે છે, પણ આયુષ્ય તૂટે ત્યારે એમાં કોઈ મરામત થઈ શકતી નથી.

આજે આપણે ઉત્તરાધ્યયનસૂત્રને નથી સમજવું પણ ઉત્તરાધ્યયનસૂત્રના મૂલ્યને સમજવું છે. શબ્દોની દુનિયામાં કોઈ કમી નથી, વાતોનાં શબ્દો હોય છે, ફિલ્મી ગીતોનાં શબ્દો હોય છે, ઝઘડાંનાં શબ્દો હોય છે, ઘોંઘાટોના શબ્દો હોય છે, રાગ-દ્વેષના તોફાનો ઊભા કરી દે એવા પણ શબ્દો હોય છે, કષાયોના તાંડવ ખડા કરે એવા પણ શબ્દો હોય છે, મોહના બંધનોમાં જીવ વધુ જકડાય એવા કાલીઘેલી ભાષામાં બાળકના શબ્દો પણ હોય છે. ભ્રમણા વધારે દૃઢ થાય એવા પ્રેયસીના શબ્દો પણ હોય છે. ઈષ્ટવિયોગના હૈયાફાટ રુદનના પણ શબ્દો હોય છે. અનિષ્ટસંયોગની હાયવોયના પણ શબ્દો હોય છે.

**આ બધાં શબ્દોનું સ્વરૂપ અને તેમના પરિણામનો વિચાર કરીએ તો**

**એમ લાગે કે આ બધાં શબ્દોની બાબતમાં બહેરાપણું અને મૂંગાપણું આવી જાય એમાં જ આપણા આત્માનું અને સામી વ્યક્તિના આત્માનું હિત છે. બોલવા ને સાંભળવા જેવા તો છે પ્રભુના શબ્દો, જે આપણા અંતરના અંધારાને ઉલેચી નાંખે, આપણા મોહના પડળોને ધોઈ નાંખે, આપણી પાંપણોની સિલાઈને ખોલી આપે, આપણી આંખો ઉઘાડી આપે.**

ઉત્તરાધ્યયનસૂત્ર એટલે પ્રભુના શબ્દો. 'શબ્દો' કહેવા માટે લાયક હોય, તો પ્રભુના જ શબ્દો છે, બાકી બધો જ ઘોંઘાટ છે. નકરો ઘોંઘાટ. વિખૂટા પડેલ દીકરા માટે મા એ રસ્તાની માહિતી આપતી ચિટ્ઠી છોડી હોય, ને એ રસ્તો પોતાને મળવા જણાવ્યું હોય, **એ ચિટ્ઠી જેવું છે ઉત્તરાધ્યયનસૂત્ર.**

પોતાને ભયાનક રોગ થયો હોય, બધા વૈદ્યો નિષ્ફળ ગયા હોય. બધી દવાઓ ઊંધી પડી હોય, મોત માથે ભમતું હોય, એ સમયે કોઈ સિદ્ધ-ઔષધ મળવાની શક્યતા ઊભી થાય અને પૂર્ણ આરોગ્યની આશા જાગે, **એ સિદ્ધૌષધિ જેવું છે ઉત્તરાધ્યયનસૂત્ર.**

ઉત્તરાધ્યયનસૂત્ર એ **આગમ** છે એ બીજા નંબરની વાત છે, એ આપણી **આવશ્યકતા** છે એ પહેલા નંબરની વાત છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **પ્રવચન** છે એ બીજા નંબરની વાત છે, અંધારામાં આથડતાં આપણા જેવા જીવો માટે એ **પ્રકાશ** છે એ પહેલા નંબરની વાત છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **શાસ્ત્ર** છે એ બીજા નંબરની વાત છે, આધ્યાત્મિક વિશ્વમાં ભિખારી જેવા આપણા માટે એ **શ્રીમંતાઈ** છે એ પહેલા નંબરની વાત છે.

ઉત્તરાધ્યયનસૂત્ર એ **વર્ષાઋતુ** છે, જે આપણા આત્માની અનાદિની સંતપ્ત ભૂમિને ઠારે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **વસંતઋતુ** છે જે આત્મગુણોના ઉપવનને મહેંકાવે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **શરદઋતુ** છે, જે આત્મજળને સહજ રીતે નિર્મળ કરી દે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **શિશિરઋતુ** છે, જે એના વચનના હિમથી મોહવનને બાળી દે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **હેમંતઋતુ** છે જે એના સૂસવાટાભર્યા વાયરાથી કષાયોની ધૂળ ઉડાવી દે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **પાનખર ઋતુ** છે જે ભવવૃક્ષના બચેલા પાંદડાઓને ખેરવી દે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ **ગ્રીષ્મઋતુ** છે, જે સંસારજળને સૂકવી દે છે.

ઉત્તરાધ્યયનસૂત્ર એ **મૂળ** છે, એ આધાર પણ છે, શરૂઆત પણ છે, પોષણ પણ છે અને સર્વસ્વ પણ છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ થડ છે, જે વિરાટ આત્મકલ્યાણનો આધારસ્તંભ છે. ઉત્તરાધ્યયનસૂત્ર એ પ્રભુની **શબ્દશાખા** છે. ઉત્તરાધ્યયનસૂત્ર સદ્‌ગુણોની સુવાસ રેલાવતું **પુષ્પ** છે. ઉત્તરાધ્યયનસૂત્ર માનવ અવતારનું **ફળ** છે. ઉત્તરાધ્યયનસૂત્ર સંસારના તડકામાં શીતળ છાયા અર્પતું **વૃક્ષ** છે.

ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારની **સામાયિક** છે, જે આત્માને સમભાવમાં તાણી જાય છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનું **પ્રતિક્રમણ** છે, જે આત્માને વિભાવોથી પાછો લાવે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનો **પૌષધ** છે, જે આત્માને ભીતરી પોષણ આપે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનું **ઉપધાન** છે, જે આત્માને આગમમાર્ગે આગળ વધવાનો અધિકાર આપે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનું **જિનાલય** છે, જેના શબ્દે શબ્દે પ્રભુનો નિવાસ છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારની **પૂજા** છે, જેના પ્રત્યેક ઉદ્‌ગાર અને પ્રત્યેક શ્રવણમાં પ્રભુની ઉચ્ચ ઉપાસના છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનું **આયંબિલ** છે, જેમાં વિકૃતિઓનો (વિગઈઓનો) ત્યાગ સાકાર થઈ જાય છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનો **ઉપવાસ** છે, **सम्यग् वासो गुणैः सह** – ગુણો સાથે સમ્યક્‌વાસ – આ ઉપવાસનું લક્ષણ એમાં બરાબર ઘટે છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનો **નવકારમંત્ર** છે, જેની અંદર ૬૮ તીર્થ અને ચૌદ પૂર્વ સમાયેલા છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારની **જીવદયા** છે, જેના બોધથી ચૌદે રાજલોકના સર્વ જીવોને શાશ્વત અભયદાન આપી શકાય છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારની **અનુકંપા** છે, જેની અર્થપરિણતિ કંગાળને પણ ન્યાલ કરી શકે છે.

ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **મેરુ પર્વત** છે, ત્રણે કાળમાં એના પદાર્થો વિચલિત થતાં નથી. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **ગંગા નદી** છે, દ્રવ્યાસ્તિકનયથી એનો પ્રવાહ કદી પણ અટકતો નથી. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **મહાવિદેહક્ષેત્ર** છે, મહાન વિદેહી પુરુષોની એ જન્મભૂમિ છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **ઉત્તરકુરુ** છે, એની એક એક ગાથા કલ્પવૃક્ષ છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **કંચનગિરિ** છે, એનો ટૂંક પરિચય

સ્વર્ણશિલાઓનો સરવાળો છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **પદ્મસરોવર** છે, એના પાને પાને સુવાસ મહેંકી રહી છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **જ્યોતિશ્ચક્ર** છે, અજવાળું એ જ એનું અસ્તિત્વ છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **માનુષોત્તર પર્વત** છે, મનુષ્યત્વની મર્યાદાનો એ આધ્યાત્મિક નિયામક છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **ક્ષીરસમુદ્ર** છે. **सद्यः शक्तिकरं पयः ।** દૂધ એ તાત્કાલિક શક્તિ આપે છે - આ વચન આત્મિક શક્તિના સંદર્ભમાં અહીં સાકાર બન્યું છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **નંદીશ્વરદ્વીપ** છે, એનું એક એક અધ્યયન શાશ્વતા જિનાલય સમાન ભવ્ય છે, ને એની એક એક ગાથા શાશ્વતી પ્રતિમા જેવી જાજરમાન છે. ઉત્તરાધ્યયનસૂત્ર એક અપેક્ષાએ **સ્વયંભૂરમણ** સમુદ્ર છે, એની ભીતરમાં રત્નોનો અખૂટ ખજાનો ભરેલો છે.

ઉત્તરાધ્યયનસૂત્રમાં ત્રણ શબ્દો છે. પહેલો શબ્દ છે **ઉત્તર.** આ શબ્દની કેટલીક અર્થ-સંભાવનાઓ આ મુજબ છે -

(૧) પ્રભુએ અંતિમદેશનામાં વણપૂછ્યા ૩૬ પ્રશ્નોના **ઉત્તર** આપ્યા હતા. તે પ્રશ્નોના ઉત્તર આમાં સમાવિષ્ટ છે.

(૨) અંગ આગમોની **ઉત્તર** = પછી આની રચના થઈ છે.

(૩) સંસારસાગરથી પાર ઉતારનાર છે = **ઉત્તરણ** કરાવનાર છે.

(૪) પ્રભુએ આનાથી **ઉત્તર** = પછી કોઈ ઉપદેશ આપ્યો નથી.

(૫) આમાં કહેલ આચારોના પાલનથી આત્મા **ઉત્તરોત્તર** ઉચ્ચ સ્થાન પામે છે.

શ્રુતકેવળી શ્રીભદ્રબાહુસ્વામી મહારાજા ઉત્તરાધ્યયનનિર્યુક્તિમાં '**ઉત્તર**' શબ્દનું રહસ્ય જણાવે છે કે આચારાંગસૂત્રની ઉત્તર - પછી ભણવામાં આવે છે, માટે એને ઉત્તરાધ્યયનસૂત્ર કહેવામાં આવે છે. તેનો મૂળ પાઠ આ મુજબ છે -

**कमउत्तरेण पगयं आयारस्सेव उवरिमाइं तु ।**
**तम्हा उ उत्तरा खलु अज्झयणा हुंति णायव्वा ॥**

બીજો શબ્દ છે અધ્યયન. નિર્યુક્તિ કહે છે -

**अज्झप्पस्साणयणं कम्माणं अवचओ उवचियाणं ।**

**अणुवचओ य णवाणं तम्हा अज्झयणमिच्छंति ॥**

અધ્યાત્મનું આનયન = અધ્યાત્મને લાવનાર એનું નામ અધ્યયન. જે અધ્યયનમાં ઉપયુક્ત થાય એના પૂર્વકર્મોનો ક્ષય થાય છે અને આશ્રવનિરોધ થાય છે.

અધ્યયનના નામે અબજો રૂપિયાનો વેડફાટ દુનિયામાં થઈ રહ્યો છે. શ્રુતકેવલી ભદ્રબાહુસ્વામી મહારાજા આખી દુનિયાને આ ગાથા દ્વારા એટલું જ કહેવા માંગે છે કે તમે જેને અધ્યયન કહો છો એમાં અધ્યયન નથી, તમે જેને વિદ્યા કહો છો એમાં વિદ્યા નથી. તમે જેને શિક્ષણ કહો છો, એમાં શિક્ષણ નથી, તમે જેને પુસ્તક કહો છો, એમાં પુસ્તક નથી. તમે જેને વિદ્યાલય કહો છો, તે વિદ્યાલય નથી. અભ્યાસના નામે તમે સરેઆમ છેતરાયા છો.

જે અધ્યાત્મને લાવી આપે એનું નામ અધ્યયન. જે દોષોથી મુક્ત કરે એનું નામ વિદ્યા. જે આત્માની કેળવણી કરે તે શિક્ષણ. જે ભીતરના અંધારા ઉલેચી નાંખે એનું નામ પુસ્તક. જે સમ્યક્ જ્ઞાનનો સ્રોત હોય એનું નામ વિદ્યાલય.

નોલેજના નામે તન, મન, ધન, જીવનથી સારું એવું ઘસાયા પછી તમે તમને એક પ્રશ્ન કરો - કે એમાં તમને અધ્યાત્મ શું મળ્યું છે ? અધ્યાત્મને લાવે એનું નામ અધ્યયન. અધ્યાત્મ વિનાનું અધ્યયન એટલે પાણી વગરનો દરિયો... ઊંચાઈ વગરનો પર્વત.. સુવાસ વગરનું પુષ્પ... સંતાનના સર્વાંગીણ વિકાસ માટે તમે અમેરિકન યુનિવર્સિટી સુધી લાંબા થાઓ છો. પણ એના એન્ટ્રેન્સ ફોર્મથી માંડીને ડિગ્રી સર્ટિફિકેટ સુધી ક્યાંય અધ્યાત્મ હોતું નથી. આ ખામી એ સંતાનને કાયમ માટે સર્વાંગીણ વિકલાંગતા અર્પતી હોય છે. આપઘાતો, વિધર્મી સાથેના લગ્નો, છૂટાછેડાઓ, ભયાનક પરિણામ લાવનારા દેવાઓ, કષાયોથી ભડકે બળતા ઘર-સંસારો - આ

બધું જ અધ્યાત્મની ખામીથી સર્જાય છે. જે મા-બાપે સંતાનને અધ્યાત્મ નથી આપ્યું, એમણે સંતાનને કશું નથી આપ્યું. એમણે સંતાનનો પરલોક તો બગાડ્યો જ છે, સંતાનનો આલોક પણ બગાડ્યો છે. યાદ આવે પૂ. હરિભદ્રસૂરિ મહારાજા -

**दृष्टबाधैव यत्रास्ति ततोऽदृष्टप्रवर्तनम् ।**

**असच्छ्रद्धाभिभूतानां केवलं ध्यान्ध्यसूचकम् ॥ शास्त्रवार्तासमुच्चय ॥**

જે પ્રત્યક્ષ જ દેખાય છે, કે એ ખોડ-ખાંપણવાળું છે, એનાથી અદષ્ટ લાભ પામવાની આશા રાખવી એ ખોટો વિશ્વાસ છે. એવો ખોટો વિશ્વાસ જેમને ભરખી જાય છે, તેઓ પોતાના અજ્ઞાનનું પ્રદર્શન કરતા રહે છે.

અધ્યાત્મ વિનાની સ્કુલ ખોટી છે, અધ્યાત્મ વિનાની કોલેજ પણ ખોટી છે, ને અધ્યાત્મ વિનાનો ધર્મ પણ ખોટો છે. **સવા સો ગાથાના સ્તવન**માં મહો. યશોવિજયજી મહારાજ કહે છે -

**અધ્યાતમ વિણ જે ક્રિયા તે તનુ મલ તોલે ।**

અધ્યાત્મ વગરની પ્રવૃત્તિ શરીરના મેલ સમાન છે.

સંઘના મોટા ભાગના પ્રશ્નોનું મૂળ અધ્યાત્મની ખામી છે. સાધારણનો તોટો આપણને ખટકે છે, અધ્યાત્મનો તોટો આપણને ક્યારે ખટક્યો ? **अज्झप्पस्साणयणं** - આજે મહાત્મા મને સંઘની ડિરેકટરી આપી ગયા. ઉપર ઉપરથી મેં નજર કરી. નામ-સરનામું-સ્કુલ-કોલેજનો અભ્યાસ-બ્લડ ગ્રુપ-એક સારી કહેવાય એવી ડિરેકટરી. સંઘના સભ્યોની સપરિવાર વિગત. અત્યારે વિચાર આવે છે કે દરેક સંઘની આવી ડિરેકટરીમાં ધાર્મિક અભ્યાસની વિગત અને અધ્યાત્મિક સ્તરની વિગત હોવી જોઈએ. દરેક વ્યક્તિનો ખરો પરિચય એનું આધ્યાત્મિક સ્તર છે. સંઘની ખરી મૂડી અધ્યાત્મ છે. આપણી બધી જ સમસ્યાઓની માતા એની ઉપેક્ષા છે. **अज्झप्पस्साणयणं** - વ્યક્તિની, પરિવારની, સંઘની, સમાજની, દેશની, વિશ્વની બધી સમસ્યાઓનું સમાધાન છે ઉત્તરાધ્યયનસૂત્ર. આપણા આત્માની અનાદિની ભૂખને ભાંગનાર આ ભોજન છે. તાપ-સંતાપ-તરસ બધું જ શમાવી દેનાર અમૃત છે

ઉત્તરાધ્યયનસૂત્ર. અધ્યાત્મની અંજનશલાકા છે ઉત્તરાધ્યયનસૂત્ર. અધ્યાત્મની પ્રતિષ્ઠા છે ઉત્તરાધ્યયનસૂત્ર. અધ્યાત્મની યાત્રા છે ઉત્તરાધ્યયનસૂત્ર.

ત્રીજો શબ્દ છે સૂત્ર. **सूचनात् सूत्रम् ।** જે 'પરમ'ની દિશાનું સૂચન કરે તે સૂત્ર.

વિશ્વના સર્વ જીવોનું હિત કરનાર છે શાસન અને શાસનનું હિત સૂત્રથી છે. **વિશેષાવશ્યકભાષ્ય** કહે છે -

**सासणस्स हियट्ठाए तत्तो सुत्तं पवत्तेइ ।**

શાસનના હિતાર્થ માટે સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

સૂત્રના ચાર ફાયદા છે -

(૧) **घेत्तुं व सुहं** - સૂત્રમાં ગુંથેલી પ્રભુની વાણી સુખેથી ગ્રહણ કરી શકાય છે.

(૨) **सुहगुणधारणा** - સૂત્રનું પરાવર્તન કરવું સરળ પડે અને એની સ્મૃતિ રાખવી પણ સરળ પડે.

(૩) **दाउं** - સૂત્રાત્મક જિનવાણી શિષ્યને આપવી સરળ પડે.

(૪) **पुच्छिउं चेव** - સૂત્રાત્મક શ્રુત વિષે પ્રશ્ન કરવો પણ સહેલો પડે.

**વિશેષાવશ્યકભાષ્ય** 'સૂત્ર'ની વ્યાખ્યા કરે છે - **अप्पगंथ-महत्थ सुत्तं** - જેમાં શબ્દો ઓછા હોય અને જેનો અર્થ મહાન હોય એને સૂત્ર કહેવાય. મહોપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ કહે છે -

**સૂત્ર અક્ષર પરાવર્તના સરસ શેલડી દાખી ।**
**તાસ રસ અનુભવ ચાખીએ જિહાં એક છે સાખી ॥**

**॥ સવાસો ગાથાનું સ્તવન ॥**

સૂત્રના અક્ષરોની ગુણની એ સરસ શેરડી છે. એનો રસ અનુભવ ચાખીએ, જ્યાં એક પ્રભુ સતત સાક્ષી બને છે.

ઉત્તરાધ્યયનસૂત્ર એક પ્રકારનું હાલરડું છે. જે પરમાત્મા મહાવીરે ખુદ ગાયું છે. આપણા માટે ગાયું છે. જેનાથી આપણે બાહ્યભાવોની બાબતમાં

ઘસઘસાટ સૂઈ જઈએ. આત્મભાવની બાબતમાં જાગૃત થઈએ. અનુભવ કરીએ કે આપણે પારણામાં સૂતા છીએ. પ્રભુ વીર બાજુમાં બેઠાં છે ને દોરી ખેંચીને આપણું પારણું ઝુલાવી રહ્યા છે. એમના શ્રીમુખે જે હાલરડું માધુર્યનું રસપાન કરાવી રહ્યું છે, એનું જ નામ ઉત્તરાધ્યયનસૂત્ર.

યાદ આવે **પંચવિંશતિકા** -

**जाग्रत्यात्मनि ते नित्यं, बहिर्भावेषु शेरते ।**
**उदासते परद्रव्ये, लीयन्ते स्वगुणामृते ॥**

તેઓ આત્મામાં સદા જાગૃત હોય છે અને બાહ્ય ભાવોમાં સૂઈ જાય છે, પરદ્રવ્ય પ્રત્યે ઉદાસીન રહે છે, પોતાના ગુણ-અમૃતમાં લયલીન થઈ જાય છે.

*　*　*　*　*

॥ ૧-૧ ॥

❑ જેનાથી સંસારથી અનુત્તરણ થાય, એનું નામ સંયોગ. એ છે ઔદયિક ભાવો અને માતા, પિતા, પુત્ર વગેરે. એ બધાંથી જે વિપ્રમુક્ત છે, એવા અણગાર-ભિક્ષુના વિનયને હું પ્રગટ કરીશ.

*　*　*　*　*

॥ ૧-૨ ॥

❑ **આજ્ઞાનિર્દેશકર** આ પદના બે વ્યાખ્યાવિકલ્પો પૂ.શાંતિસૂરિ મહારાજા જણાવે છે - (૧) **તત્કરણશીલ** - જેનો સ્વભાવ ગુર્વાજ્ઞાનિર્દેશ કરવાનો જ છે. (૨) **તદનુલોમાનુષ્ઠાન** - જેની દરેક પ્રવૃત્તિ ગુર્વાજ્ઞાનિર્દેશને અનુકૂળ છે.

❑ **को वा करोति विनयं कुलजेषु पुंसु ?**
મોરના પીંછાને કોઈએ ચીતર્યા નથી હોતા, એ સહજ હોય છે. ખાનદાન ઘરના લોકોને કોઈએ વિનય શીખવ્યો નથી હોતો, એ સહજ હોય છે.

- यदा यदा मुञ्चति वाक्यबाणं,
  तदा तदा जातिकुलप्रमाणम् ॥
  જ્યારે જ્યારે વાક્ય-બાણ છોડવામાં આવે છે, ત્યારે ત્યારે હકીકતમાં પોતાના જાતિ-કુળની સાબિતી આપવામાં આવે છે.
- સહજ ગુર્વનુવર્તન એ સહજ મોક્ષમાર્ગ છે.
- ગુરુથી પ્રતિકૂળ ચાલવા કરતાં સ્થાવર-પણું સારું.
- એક નાનકડો બાળક. કોઈએ એને પૂછ્યું - 'તારા પપ્પા શું કરે છે ?' એણે જવાબ આપ્યો - 'મારી મમ્મી કહે તે.' આજ્ઞાનિર્દેશકરત્વ દુર્લભ નથી. એ તો આપણને અનંત વાર મળી ચૂક્યું છે. દુર્લભ છે ગુર્વાજ્ઞા-નિર્દેશકારિત્વ.
- શિષ્યનો મુખ્ય ગુણ છે શ્રવણશક્તિ. ગુરુવચનને સાંભળવાનું સામર્થ્ય. જે સાંભળતો બંધ થઈ જાય એ શિષ્ય નથી. શિષ્યના સંદર્ભમાં શ્રવણશક્તિનું આયુષ્ય એ જ વિકાસશક્તિનું આયુષ્ય છે, એ જ શિષ્યત્વનું પણ આયુષ્ય છે.
- હું સમજદાર છું આ ગુરુત્વની સંવેદના છે. હું અબુઝ છું આ શિષ્યત્વની સંવેદના છે. મને બધી ખબર પડે છે, આ ગુરુત્વની સંવેદના છે, મને કશી ખબર નથી પડતી આ શિષ્યત્વની સંવેદના છે. વાસ્તવિક ગુરુત્વ વગર ગુરુત્વની સંવેદના એ મૂર્ખામી છે. એક પાગલ પોતાને P.M. સમજે એના જેવી આ પ્રતીતિ છે. આ એક જોખમ છે. સમજ વગરની સમજદારી એ હકીકતમાં સમજનો પ્રવેશનિષેધ હોય છે. જ્ઞાન વગરની જ્ઞાનની સભાનતા એ હકીકતમાં જ્ઞાનનો અંતરાય હોય છે.
- જેને કહી શકાય છે, તે શિષ્ય છે; જેને કહી નથી શકાતું, તે શિષ્યનું મડદું છે. મડદાનું કશું જ થઈ શકતું નથી, મડદું ફક્ત બળી શકે છે. શિષ્યનું મડદું સંસારની ચિતામાં બળતું રહે છે. **દશવૈકાલિકસૂત્ર**નું - **ण हु तस्स मोक्खो** - પદ આ જ વાત કરે છે.
- ગુરુદેવના એક શિષ્ય હતાં - પૂ.હિતવર્ધનવિજયજી મ.સા. ૭૦ વર્ષે

દીક્ષા લીધી. વર્ષો પૂર્વે કાળ કરી ગયા. પણ ગુરુદેવ આજે પણ એમના આજ્ઞાનિર્દેશકરત્વને યાદ કરે છે. કોઈ પણ વાત હોય, એમાં ગુરુદેવને એક જ જવાબ – 'તમે કહો તેમ.' અંતસમયે ગુરુદેવે એમને કહેલ – 'તમને જ્યારે કોઈ નવકાર વગેરે સંભળાવતું ન હોય, ત્યારે તમારે પોતે આંગળીના વેઢા પર નવકાર ગણવા.' તેમનો જવાબ – 'તમે કહો તેમ.' એક વાર મહાત્માઓ ગોચરી વાપરતા હતા. પૂજ્યશ્રી એકલા હતા. એ સમયે એ કાળ કરી ગયા. મહાત્માઓ આવ્યા ત્યારે જોયું, એમની આંગળી વેઢા પર હતી. શરીર જાપ મુદ્રામાં હતું. 'તમે કહો તેમ' – આ સમર્પણમંત્રે એમને સમાધિમૃત્યુની ભેટ ધરી દીધી હતી – **आणाणिद्देसयरे ।**

- ❑ બાળમુનિ મને રોજ પૂછે છે – 'ગુરુ મહારાજ ! આપ મારાથી પ્રસન્ન છો ? મારી કોઈ ભૂલ થતી હોય તો કહેજો.' સાચો શિષ્ય ગુરુને પ્રસન્ન કરવા ઈચ્છે છે. ખોટો શિષ્ય સ્વયં પ્રસન્ન થવા ઈચ્છે છે. પણ એ બિચારાને ખબર નથી, કે ગુરુની પ્રસન્નતા વિના પ્રસન્ન થવું એ શક્ય જ નથી. શિષ્ય માટે તો ગુરુની પ્રસન્નતા એ જ પોતાની પ્રસન્નતા હોય છે. ગુરુની અપ્રસન્નતાને મંજૂર કરીને પોતાની પ્રસન્નતાની શોધ કરવી એ દુનિયાભરની અપ્રસન્નતાઓને નોતરવાની ચેષ્ટા છે.
- ❑ વ્યક્તિગત લક્ષ્યો એ અંતરાયો છે. એક જ લક્ષ્ય રાખવા જેવું છે – ગુર્વાજ્ઞાપાલન. ઉપનિષદો કહે છે – **एकमेव कृतं येन स कृतार्थो भवेदसौ ।** જેણે આ એક જ કર્યું તે કૃતાર્થ થઈ ગયો. આ વાત પ્રસ્તુત સંદર્ભમાં સારી રીતે બેસે છે.
- ❑ ગુરુથી બહુ દૂર બેસવું એ ગુર્વાજ્ઞાનો વિરોધ કરવા જેવું છે. એનો અર્થ ગુરુના માથે બેસવું. ગુરુથી બહુ નજીક બેસવું એ ગુરુને નડ્યા કરવા જેવું છે. એનો અર્થ છે ગુરુના માથે પડવું. ઉપપાતનો અર્થ છે ગુરુની દૃષ્ટિ આપણા પર પડે તેમ યોગ્ય અંતરે બેસવું. બહુ દૂર નહીં, બહુ નજીક નહીં.

- ❑ જ્યોતિષશાસ્ત્રો કહે છે ગુરુની દૃષ્ટિ પડે તો બધાં દોષો જતાં રહે. ઉત્તરાધ્યયનસૂત્ર કહે છે તમે ગુરુની દૃષ્ટિમાં બેસો, તમારા બધાં દોષ જતાં રહેશે.
- ❑ ગુરુ શિષ્યની જવાબદારીને વહન કરીને જે ઉપકાર કરે છે, એનો બદલો ઉત્કૃષ્ટ સેવા કરીને પણ વાળી શકાય તેમ નથી. ગુરુની અનન્યભાવથી આરાધના કરવી જોઈએ, તેની બદલે અબુઝ જીવ પોતાના મનની આરાધના કરે છે.
- ❑ બે પ્રકારના ઉપપાત (ગુરુની નજીક રહેવું) છે - દ્રવ્ય ઉપપાત અને ભાવ ઉપપાત. ભાવ ઉપપાત વગરનો દ્રવ્ય ઉપપાત મટીને ઉત્પાત બની જાય છે. (જે દ્રવ્યથી ગુરુની નજીક છે, પણ ભાવથી નજીક નથી.)
- ❑ ગુરુની જે વાત આપણને ખોટી લાગે, એ પણ સાચી હોઈ શકે છે. ગુરુની વાત ખોટી હોય, તો ય શિષ્ય માટે સાચી હોઈ શકે છે. ગુરુની વાત ખોટી હોય, તો ય ગુરુ સાચા હોઈ શકે છે. સ્વક્ષયોપશમઅનુસાર સાચા ભાવથી શ્રુત-ઉપયોગથી પ્રામાણિકપણે ૪૨ દોષનો પરિહાર કરીને મહાત્મા ગોચરી લાવ્યા હોય, તેમાં મહાત્મા ક્યાંક છેતરાઈ ગયા હોય, ગોચરીમાં અમુક દોષ લાગ્યો હોય, મહાત્મા કેવળજ્ઞાની ભગવંતને વિનંતિ કરે, ‘મને લાભ આપો.’ તો કેવળજ્ઞાની કદી એમ ન કહે, કે ‘આ દોષિત ગોચરી છે.’ કેવળજ્ઞાની એમ ન કહે કે ‘આ હું નહીં વાપરું.’ કેવળજ્ઞાની એ ગોચરી પણ સ્વીકારે. કારણ કે ગોચરી ખોટી છે, પણ મહાત્મા સાચા છે. બરાબર એ જ રીતે ગુરુની વાત ખોટી હોય, તો ય ગુરુ સાચા હોઈ શકે છે.
- ❑ **ववहारो वि हु बलवं जं वंदइ केवली वि छउमत्थं ।**
  **आहाकम्मं भुंजइ, सुअववहारं पमाणंतो ॥ पुष्पमाला ॥**
  વ્યવહાર પણ બળવાન છે કારણ કે કેવળજ્ઞાની પણ જ્યાં સુધી ઓળખાય નહીં ત્યાં સુધી પૂર્વવ્યવહારને જાળવી રાખે છે, ને એના માટે છદ્મસ્થને

પણ વંદન કરે છે. શ્રુતવ્યવહારને પ્રમાણ ગણીને કેવળજ્ઞાની આધાકર્મી ગોચરી પણ વાપરે છે.

- **अपमाणं सुअं भवे इहरा ।** જો કેવળજ્ઞાની ભગવંત એમ કહી દે કે 'તમારી ગોચરી દોષિત છે,' તો મહાત્મા વિચારે કે મેં શ્રુતોપયોગથી કાળજીપૂર્વક લાવેલી ગોચરી પણ જો દોષિત હોય, તો પછી શ્રુત ને કાળજીનો કોઈ અર્થ જ નથી. એ બધું ખોટું જ છે. હવેથી આડે ઘડ લઈ આવવું.
- શાસ્ત્રસમર્પણપૂર્વક પ્રામાણિકપણે કહેતાં/કરતાં ગુરુને તોડી પાડવા એ સર્વ વ્યવહારને તોડી પાડવા બરાબર છે. એનો અર્થ એ છે કે તમારે કાંઈ બોલવું જ નહીં, તમારે કાંઈ કરવું જ નહીં.
- એક માણસ તમારા ઘરે આવે છે. તમે એને આવકાર આપો છો, એ તમારો દોષ કાઢે છે - 'તમારે આ રીતે આવકાર આપવો જોઈએ. આવો અભિનય અને આવા શબ્દો હોવા જોઈએ.' તમે એને ધુત્કાર્યો ન હતો. સારા ભાવથી સારો જ આવકાર આપ્યો હતો. પણ તમારા ક્ષયોપશમ મુજબ આપ્યો હતો. આવકાર જ્યારે સારો છે, સારા ભાવથી છે, ત્યારે એની અમુક ચોક્કસ પદ્ધતિનો આગ્રહ રાખનાર, એની શબ્દસંહિતા, સ્વરસંહિતા અને અભિનયસંહિતાની જરૂર અનુભવનાર એ માણસ કેવો ગણાય ? એનું વલણ કેવું કહેવાય ? ગુરુના ઉપકારનો દોષ કાઢનાર એના કરતાં પણ જાય એવો છે.
- ગુરુ જ્યાં સુધી ભગવાન લાગે છે, ત્યાં સુધી શિષ્યનો વિકાસ થતો રહે છે. પછી શિષ્ય ત્યાંના ત્યાં રહે કે તેથી પણ નીચે ઉતરે. તાત્ત્વિક દૃષ્ટિએ જેને ગુરુ ભગવાન ન લાગે, તે શિષ્ય જ નથી.
- ગુરુનો ઈશારો એ મોક્ષનો ઈશારો છે. એને ન સમજે એનો સંસાર નિશ્ચિત છે. દોઢ વર્ષના દિકરાનો ઈશારો માણસ સમજી શકે છે, જે નરકમાં ઘસડી જવાની છે એવી પ્રેયસીના ઈશારાને માણસ સમજી શકે છે, ઘરાકના આશયને વાંચીને એ એને ખુશ રાખી શકે છે. પોતાના

નોકર-ચાકરને સમજી શકવાનું સામર્થ્ય માણસમાં છે. પણ ગુરુ ગમે તેટલું સમજાવી સમજાવીને થાકી જાય ને એ કશું સમજે જ નહીં એ એની સર્વોત્કૃષ્ટ કરુણતા છે.

- ❑ મોહના સૂક્ષ્મ ઈશારાઓને પણ આપણો જીવ સમજ્યો છે. ને એ મુજબ એ વર્ત્યો છે. ગુરુના સ્થૂલ સીધા સાદા ઉપદેશની સમક્ષ એનો જે પ્રતિભાવ હતો, એ બહેરાશનું લક્ષણ હતું.
- ❑ આપણી નાની પણ ઈચ્છાની પૂર્તિ આપણે ફરજિયાત ગણીને ચાલીએ ને મહાન પણ ગુરુવચનના પાલનને આપણે મરજીયાત ગણીને ચાલીએ, એમાં હકીકતમાં આપણી આત્મવૈરિતા સિવાય બીજું કશું નથી.
- ❑ દીક્ષા બાદ ગૃહસ્થપણાના શહેરમાં અમે આવશું, ત્યારે ગુરુ સાથે રહેવું કે સંસારી ઘરના વિસ્તારમાં જઈ આવવું, આવા વિકલ્પો ઊભા થઈ શકશે. મુંબઈ જઈ આવીએ ને કદાચ તે વિસ્તારમાં ગયા જ ન હોઈએ તો ૬૦૦ x ૨ = ૧૨૦૦ કિ.મી.ના ધક્કા જેવું લાગશે. કદાચ મનમાં એવું થશે કે આ વિકલ્પો તો જીવનમાં ક્યારેક આવે, પણ હકીકતમાં આ વિકલ્પો રોજના હોય છે. સ્વચ્છંદતાની દિશા એ ઘર-સંસાર છે, ગુર્વાજ્ઞાપાલનની દિશા એ સંયમ હોય છે. બહિરંગ વિહાર હોય કે ન હોય, અંતરંગ વિહાર તો સતત ચાલ્યા જ કરે છે. એની દિશા આપણે નક્કી કરવાની છે.
- ❑ પૈસાના લક્ષ્યથી કમાણીનો ક્ષયોપશમ જાગી જાય છે, વિનયનું લક્ષ્ય હશે, તો ગુરુના ઈંગિત-આકાર સમજવાનો ક્ષયોપશમ જાગી જશે.
- ❑ ગુરુના ઈશારાને સમજવાની ઝંખના ન થવી, એ પણ ગુરુની આશાતના છે.

* * * * *

॥ ૧-૩ ॥

- ❑ ચાર પ્રકારના શિષ્ય હોય છે -

**(૧) ડુંગર જેવા** - જેમનું અનુશાસન કરતાં કરતાં ગુરુને હાંફ ચડી જાય.

**ઉપદેશમાલા** કહે છે -

**थद्धा छिद्दपेही अवण्णवाइ सयंमई चवला ।**
**वंका कोहणसीला सीसा उव्वेयगा गुरुणो ॥**

અક્કડ, દોષદર્શી, નિંદક, સ્વચ્છંદ, ચંચળ, વક્ર અને ક્રોધી શિષ્યો ગુરુના ઉદ્વેજક હોય છે.

**रुसइ य चोइज्जंतो वहइ हिअएण अणुसयं भणिओ ।**
**ण य कम्हि करणिज्जे गुरुस्स आलो ण सो सीसो ॥**

એને પ્રેરણા કરવામાં આવે, તો એ રીસાઈ જાય, એને કહો, તો એ મનમાં ગાંઠ રાખે, ગુરુના કોઈ કામમાં એ આવે નહીં, એને ગુરુનું કલંક કહેવાય, ગુરુનો આક્ષેપ કહેવાય, શિષ્ય નહીં.

છગને એક વાર રસ્તામાં સ્મશાનયાત્રા જોઈ. એ ખૂબ જ ધીમે ચાલતી હતી. છગને કારણ પૂછ્યું, તેઓ કહે - 'બાપુજીને શ્વાસ ચડે છે.' છગન કહે, 'હવે ન હાંફે, તમે હંફાવી તો દીધા.'

ગુરુને હંફાવી દેનાર શિષ્ય ડુંગરા જેવા છે. ગુરુને હંફાવી દેનાર પાસે મોહરાજા ફાવી ગયો હોય છે.

ગુરુ પાસે જીતી જનારા મોહરાજા પાસે હારી ગયા હોય છે. ગુરુ પાસે હારી જનાર મોહરાજા પાસે જીતી ગયા હોય છે.

ડુંગરા જેવા શિષ્યો દૂરથી રળિયામણા હોય છે. એમનું સામીપ્ય ભયાનક હોય છે. જે પોતાના ગુરુનો ન થયો એ બીજા કોનો થવાનો છે ? ગુરુ પ્રત્યેનો દુર્વ્યવહાર દુર્જનતાની પરાકાષ્ઠા છે. જે ત્યાં દુર્જન છે, એ ક્યાં દુર્જન નહીં હોય ?

સંન્યાસી પોતાના ચેલાને અડધી રાતે કહે છે - 'વત્સ, બહુ ઠંડી લાગે છે.' ચેલો કહે - 'આપના પગ પાસે રજાઈ છે, ઓઢી લો.' થોડી વાર પછી ગુરુએ કહ્યું, 'જો તો બહાર વરસાદ આવે છે ?' ચેલો કહે - 'જુઓ હમણાં જ બહારથી એક બિલાડી આપના ખાટલા પાસે આવી છે. એના પર હાથ ફેરવો એટલે ખબર પડી જશે.' થોડી

વાર પછી ગુરુએ કહ્યું, 'મને તરસ લાગી છે, પાણી આપીશ ?' ચેલો કહે - મેં બે કામ કર્યા, હવે ત્રીજું કામ તમે કરી લો.

**(૨) ઢાળ જેવા** - ગુરુ કહે ને શિષ્ય કરે. ગુરુના આદેશને અક્ષરશઃ અનુસરે. ગુરુને પ્રસન્નતા મળે. આવા શિષ્યો ઢાળ-વાળા રસ્તા જેવા હોય છે. તેમાં ન હાંફ ચડે, ન થાક લાગે.

બાળમુનિની દીક્ષાની સાંજે પૂ.ગચ્છાધિપતિશ્રીને વંદનાર્થે જવાનું થયું. બાળમુનિએ હિતશિક્ષા માંગી. પૂ. ગચ્છાધિપતિશ્રીએ મારા તરફ ઈશારો કરીને એમને કહ્યું, 'એ કહે એમ કરજે.' પૂજ્યપાદશ્રીનું કહેવું આ હતું - તું ચઢાણ જેવો નહીં, ઢાળ જેવો બનજે. ચઢાણ જેવા શિષ્યને ગુરુના પ્રત્યેક પગલાનો વિરોધ હોય છે. ઢાળ જેવા શિષ્યને ગુરુના પ્રત્યેક પગલાનું સ્વાગત હોય છે. ચઢાણને રીસ છે, તીખાશ છે, અવ્યક્ત આક્રમણ છે. ઢાળને આનંદ છે, મીઠાશ છે, અવ્યક્ત ટેકો છે.

ગુરુ આપણા પર કામ કરતા થાકી જાય, એ આપણી નામોશી છે, શું આપણે એટલા મૂર્ખ છીએ કે આપણું ઘડતર કરનારને નડીએ ? શું આપણે એટલા ભોટ છીએ કે આપણે શું કરી રહ્યા છીએ, એનો આપણને ખ્યાલ જ ન આવે ? ગુરુનું ન માનવું એ ગાંડપણ છે. જીદ્દી, અહંકારી, ક્રોધી, અસ્તવ્યસ્ત ને આળસું માણસ પણ ડોક્ટર આગળ નમ્ર અને સીધો થઈ જાય છે. દવા અને પરેજીમાં ચોક્કસ થઈ જાય છે. ડોક્ટરની આગળ ડહાપણ એ ગાંડપણ સિવાય બીજું કશું જ નથી. ખરો સવાલ આપણા સ્વભાવ, અભિપ્રાય, પસંદ-નાપસંદ, અનુકૂળતા-પ્રતિકૂળતાનો નથી. ખરો સવાલ આપણને આપણા ભાવરોગની ગંભીરતાનો ખ્યાલ છે કે નહીં એનો જ છે.

ગુરુએ પોતે આપેલા ઉપદેશનું પાલન કરવું જોઈએ, આવો આગ્રહ ત્યારે આવી શકે, જ્યારે પોતાના ભાવરોગ પરથી દૃષ્ટિ ખસી ગઈ હોય. શરદી મટાડવા દહીં બંધ કરવાનું કહેતા ડોક્ટર ડબલ ન્યુમોનિયામાં

દહીં ખાતા હોય એનો વાંધો ઉઠાવવાથી દર્દીને શું ફાયદો છે ? તું દહીં છોડીશ, તો તારી શરદી મટશે, નહીં છોડે તો નહીં મટે. ડોક્ટર શું કરે છે, એની સાથે તને લેવા દેવા જ નથી.

પરાતમાં અમે પાણી ઠાર્યું હોય, તેને ઘડામાં ગાળતા હોઈએ, ત્યારે કોઈ વાર તદ્દન વિલક્ષણ અનુભવ થાય. ઘડાને પરાતમાં રાખીને અમે એમાં પાણી ભરવા જઈએ ને એ ઘડો ઢળી પડે. પાણી બહાર જાય, ફરી એને સરખો ઊભો કરીને એને ભરવા જઈએ ને એ દડી પડે. ફરી એને પરાતની ધારે સ્થિર ગોઠવીને એમાં પાણી ભરવા જઈએ, ત્યાં એ ઊંધો વળે. થોડું પાણી ભરતા હોઈએ એ ય બહાર જાય.

આ પ્રક્રિયા દરમિયાન મને ‘અપાત્ર શિષ્ય’નું સ્મરણ થાય છે. ગુરુ એને પૂર્ણ કરવા ઈચ્છે છે, ને એ સખણો રહી શકતો નથી. એણે ફક્ત સીધા રહેવાનું હતું, ને એ ભરાઈ જાત, પણ એને એટલું ય ફાવતું નથી, એ આડો ચાલે છે, એ આડો ફાટે છે, એ આડાઈ કરે છે. એ જાણે ઊંધો વળી ગયો હોય એવો દેખાવ કરે છે, ગુરુની કરુણા અપરંપાર છે. ગુરુ એને બેઠો કરે છે, સ્થિર કરે છે, ટેકો આપે છે. એનામાં જ્ઞાનધારા કરવાનો પ્રયાસ કરે છે. એ ધારાના પ્રત્યેક બિંદુમાં ગુરુની અનંત કરુણા સમાયેલી હોય છે. પણ અપાત્ર એને સમજી શકતો નથી. ઝીલી શકતો નથી. સદ્ગુરુ મહાજહેમતે એનામાં કંઈ રેડી દે, તો ય એ ટકી શકતું નથી. સદ્ગુરુની ધારા અદ્ભુત છે, અમૂલ્ય અને અતુલ્ય છે, પણ એના માટે એ નિષ્ફળ જાય છે.

અપાત્રનો અર્થ છે સદ્ગુરુની સમક્ષ એક ચેલેન્જ. તમારી તાકાત હોય, તો મને ભરી બતાવો. તમે જુઓ હું તમને કેવા નિષ્ફળ કરું છું ! શું સમજો છો તમે ? તમે બહુ કુશળ છો ? નિષ્ણાંત છો ? શિષ્યને ભરી દેવાની તમારામાં બહુ આવડત છે ? જુઓ હું તમને કેવા ભોંઠાં પાડું છું ! આવો મને ભરવા. તમને થકવી ન દઉં તો મારું નામ અપાત્ર નહીં. તમે મને ભરશો ? નોટ પોસિબલ એટ ઓલ.

આનું નામ ચેલેન્જ. મૂર્ખતાનું આનાથી મોટું પ્રદર્શન બીજું કયું હોઈ શકે ? અપાત્ર એટલે મૂર્ખશિરોમણિ, અપાત્ર એટલે આત્મઘાતી. અપાત્ર એટલે કોમનસેન્સની ય એબ્સન્સ.

ચઢાણ થવું એટલે દુર્ગતિમાં જવું. ઢાળ થવું એટલે સદ્ગતિમાં જવું. ચઢાણનું ઉદ્દેશ્ય આ છે કે ગુરુને કેમ વધુ પ્રતિકૂળતા રહે ? ઢાળનું ઉદ્દેશ્ય આ છે કે ગુરુને કેમ વધુ અનુકૂળતા રહે ? ગુરુને પ્રતિકૂળ વર્તવું એટલે ભવસાગરમાં આપણી એક માત્ર આધારભૂત હોડીને તોડી-ફોડી નાંખવા પ્રયત્નશીલ થવું. ગુરુને અનુકૂળ થવું એટલે એ હોડીને ક્ષેમ-કુશળ રાખવા પ્રયત્નશીલ થવું. મેઘકુમાર જેવા શિષ્યો ઢાળ જેવા હોય છે.

**(૩) વાહન જેવા** - અતિ વિશિષ્ટ વિનયસંપન્ન જીવો વાહન જેવા હોય છે. જેમના માટે ગુરુએ ફક્ત સાક્ષી બનવાનું હોય છે. ઢાળમાં ચાલવું સહેલું હોય છે, પણ ચાલવું તો પડે જ. વાહનમાં ફક્ત બેસી જવાનું હોય છે. વજસ્વામી જેવા શિષ્યો વાહન જેવા હોય છે.

જે શિષ્ય ગુરુના ઈંગિત-આકારને સમજીને કાર્ય કરે છે, તે વાહન સમાન છે. **ધર્માચાર્યબહુમાનકુલક** કહે છે -

**सो च्चिय सीसो सीसो, जो णाउं इंगियं गुरुजणस्स ।**
**वट्टइ कज्जम्मि सया, सेसो भिच्चो वयणकारी ॥**

તે જ શિષ્ય શિષ્ય છે, જે ગુરુના ઈંગિતને સમજીને કાર્યમાં હંમેશા પ્રવૃત્ત થાય છે. તે સિવાયના શિષ્ય નથી પણ નોકર છે, જેને કહેવું પડે ને કરે.

ગુરુના આશયને સમજે તે વાહન. ગુરુના હૃદયને અનુસરે તે વાહન. ગુરુને જેના નિમિત્તે અંશ પણ તકલીફ ન થાય, એ વાહન. ગુરુ જેના માટે સદા પ્રસન્ન હોય, એ વાહન. **मा भूद् गुरोर्वचनायासः** - જેની એવી સંવેદના છે કે મારા ગુરુને બોલવા જેટલો ય પરિશ્રમ ન પડવો જોઈએ એ શિષ્ય વાહન જેવા છે. **દશવૈકાલિકસૂત્ર** કહે છે -

**आयरियमग्गिमिवाहिअग्गी, सुस्सूसमाणो पडिजागरिज्जा ।**
**आलोइयमिंगियमेव णच्चा, जो छंदमाराहयइ स पुज्जो ॥**

આહિતાગ્નિ બ્રાહ્મણ જેમ અગ્નિની ઉપાસના કરે, તેમ શિષ્યે આચાર્યની સતત કાળજી રાખી ઉપાસના કરવી જોઈએ. જે ગુરુની દૃષ્ટિ અને ઈંગિતને સમજીને જ એમની ઈચ્છાને અનુસરે છે, તે પૂજનીય છે.

વિહારમાં ગુરુની ઉપધિ ઉંચકવી હજી સહેલી છે, પાણી ભરેલો ઘડો ઉંચકીને ગુરુને વિહારમાં પાણી વપરાવવું પણ સહેલું છે, ગુરુનો બાહ્ય ભાર ઉપાડવો સહેલો છે, ગુરુનો આંતર ભાવ ઉપાડવો અઘરો છે. વાહન જેવા શિષ્યો ગુરુનો અંદરનો અને બહારનો - બધો જ ભાર ઉપાડી લે છે. વાહનનો અર્થ છે ગુરુને Zero પરિશ્રમ. વાહનનો અર્થ છે Total Rest. વાહનનો અર્થ છે પૂરું સુખ. દશવૈકાલિકસૂત્ર જેમને **विणयम्मि कोविया** કહે છે, તે આ જીવો છે. વિનયમાં વિચક્ષણ. દુનિયાની ખરી વિચક્ષણતા આ જ છે. જે વિનયમાં વિચક્ષણ નથી, એની બીજી બધી જ વિચક્ષણતા મૂર્ખામી સિવાય બીજું કાંઈ જ નથી. બીજું બધું જ આવડે, ફક્ત શ્વાસ લેતા ન આવડે, એના જેવી આ વાત છે. વિનય એ શિષ્યનો શ્વાસ છે. એના વિના શિષ્યત્વનું જીવન શક્ય જ નથી. અવિનયી શિષ્ય આ સ્વવચનવિરોધ છે, જેમ કે સૂકું પાણી. વિનયી શિષ્ય આમાં પુનરુક્તિ છે, જેમ કે જલ પાણી.

મોક્ષે નથી ચઢાણ પહોંચતો, નથી ઢાળ પહોંચતો, મોક્ષે પહોંચે છે ફક્ત વાહન. ઢાળ બન્યા પછી ય છેવટે તો વાહન જેવા બનવાનું છે, જે ગુરુને વહન કરે તે વાહન. જે ગુરુનો થાક દૂર કરી દે તે વાહન. સામાન્ય વ્યક્તિ જેટલી સહજતાથી પોતાના માટે વિચારી શકે, એટલી સહજતાથી જેને ગુરુનો વિચાર આવે એનું નામ વાહન. વાહન સિવાય મોક્ષગમન શક્ય જ નથી.

**(૪) અકસ્માત જેવા** - ચઢાણ જેવા શિષ્યો ગુરુને શ્રમ આપે છે. થાક ને હાંફ આપે છે. અકસ્માત જેવા શિષ્યો ગુરુને આઘાત અને પ્રત્યાઘાત આપે છે. અતિ ભારે કર્મી અને અતિ સંક્લિષ્ટ ચિત્તવાળા શિષ્યો અકસ્માત જેવા હોય છે. તેઓ પહેલાથી જ એવી ભૂમિકા લઈને બેઠાં હોય છે, કે 'ગુરુ એટલે દુશ્મન. ગુરુ એટલે મારા દ્વેષી.

ગુરુ જે કહે એ મારા ખરાબ માટે. ગુરુનો સખત વિરોધ એ જ મારું ઔચિત્ય.' આનું નામ **पडिणीए.**

એક મહાત્મા ગોચરી લઈને આવ્યા. ગુરુને અમુક વસ્તુ વાપરવાની વિનંતી કરી. ગુરુએ તે વસ્તુ વાપરી. મહાત્માને તીવ્ર ગુસ્સો આવ્યો. કેમકે તેમની વિનંતી માત્ર શાબ્દિક હતી, હકીકતમાં તેમને તે વસ્તુ વાપરવી હતી. તેમણે ગુરુને ખૂબ કડવા શબ્દો કહ્યા. ગુરુ તેના સંક્લેશાની તીવ્રતાને કળી ગયા. પોતાનું અસમાધિમરણ ન થાય તે માટે ત્યાંથી ગુપ્તપણે નીકળીને બીજા ગચ્છમાં આવીને અંતિમ આરાધના કરીને સમાધિમરણ પામ્યા. તેમના દેહને મહાપારિષ્ઠાપનિકા વિધિ દ્વારા પરઠવવામાં આવ્યો. પેલા શિષ્ય કોઈ રીતે ભાળ મેળવીને ત્યાં આવ્યા. 'કેમ, તમારે આ દાંતથી એ વસ્તુ ખાવી'તી ને ? એમ કહીને પથ્થરથી એ મૃતદેહના દાંત તોડી નાંખ્યા.

બાહરી વિશ્વમાં ધ્યાન હટે ને અકસ્માત સર્જાય છે. ભીતરી વિશ્વમાં કૃતજ્ઞતા હટે ને અકસ્માત સર્જાય છે. શું આપણી ઈચ્છા, પસંદ, અભિપ્રાય કે અનુકૂળતાનું મૂલ્ય ગુરુના ઉપકારથી વધુ હોઈ શકે ? શું ગુરુની એકાદ પ્રવૃત્તિ કે એકાદ વચન આપણા મગજમાં ન બેસે એટલે એમણે કરેલા બધાં જ ઉપકારો પર પાણી ફરી વળે છે ? Actually અકસ્માત જેવા શિષ્યો ગુરુનો નહીં પણ પોતાનો જ અકસ્માત હોય છે. અકસ્માતનો અર્થ છે અનંત સંસાર. કૂલવાલક એ અકસ્માત હતો, હમણા કહ્યું તે રસલંપટ શિષ્ય અકસ્માત હતો, વિનયરત્ન એ અકસ્માત હતો, ગોશાળો એ અકસ્માત હતો.

સદ્ગુરુની પ્રસન્નતાને ડહોળે, સદ્ગુરુને લેશ પણ દુઃખ થાય, એવી દરેક ઘટના સૂક્ષ્મ સ્તરે અકસ્માતની જ ઘટના છે. મહાત્માઓના હાઈ-વે અકસ્માતો માટે આપણને ચિંતા અને આક્રોશ છે. ગુરુના આ ઈનર-વે અકસ્માતની દિશામાં આપણો કદાચ વિચાર સુદ્ધા શરૂ થયો નથી. એક ડ્રાઈવર બેદરકારીથી મહાત્માને કચડી દે, એનો ય મોક્ષ થતો નથી ને ગુરુના શબ્દદેહ ને ઉપદેશદેહને કચડી દે એનો ય મોક્ષ

થતો નથી. 'ગુરુ' એ અધધધ ઊંચાઈ છે. ઊંચાઈ સાથે જોખમ હોવાનું જ. **દશવૈકાલિકસૂત્ર** કહે છે -

**जे हीलिया सिही इव भास कुज्जा ।**

ગુરુનું અપમાન એ આગનો ભડકો છે,
જે આપણી રાખ કરી દેશે.

મંઝિલનું મૂલ્ય છે આ ત્રિપદી - (૧) સાચી દિશા પકડો. (૨) ચાલતા રહો. (૩) અકસ્માતથી બચો. મંઝિલ જો મોક્ષ છે, તો આ ત્રિપદીનો અર્થ થશે - (૧) સદ્ગુરુ પકડો (૨) વિનય કરતા રહો (૩) આશાતનાથી બચો.

આશાતના એ અકસ્માત છે. અકસ્માત થાય પછી મંઝિલની આશા રાખવાનો કોઈ અર્થ જ નથી. **દશવૈકાલિકસૂત્ર** કહે છે -

**सिया विसं हालहलं न मारे**
**ण यावि मोक्खो गुरुहीलणाए**

હળાહળ ઝેર મારી ન નાંખે તે હજી શક્ય છે
પણ ગુરુની આશાતના કરનારનો મોક્ષ થાય તે શક્ય નથી.

ગુર્વાજ્ઞાનિર્દેશને નહીં કરવાના વલણવાળા જીવો ચઢાણ અને અકસ્માત જેવા હોય છે. ગુર્વાજ્ઞાનિર્દેશને કરવાના વલણવાળા જીવો ઢાળ અને વાહન જેવા હોય છે.

- **गुरुणमणुववायकारए ।** ઉપાશ્રયના પગથિયા એ જીવતા ભગવાનના દેરાસરના પગથિયા છે. જીવતા બાપની ઉપેક્ષા કરીને બાપના ફોટોને ધૂપ-દીવો કરે એની જેમ કિંમત નથી, તેમ સદ્ગુરુની ઉપેક્ષા કરીને ભગવાનની અષ્ટપ્રકારી પૂજા કરે એની કિંમત નથી.
- **पडिणीए...** ગુરુનો શત્રુ એ મોહનો મિત્ર હોય છે. મોહનો મિત્ર એ અનર્થનો મિત્ર હોય છે, અનર્થનો મિત્ર એ અકલ્યાણનો મિત્ર હોય છે. અકલ્યાણનો મિત્ર એ મહામૂર્ખ હોય છે.

- **असंबुद्धे** - બોધ અને બોધ પામવાની યોગ્યતા આ બંનેથી વંચિત હોય, તે અસંબુદ્ધ છે.
- સદ્‌ગુરુએ શિષ્યને પ્રેમાળ અને મધુર ભાષામાં કહ્યું, 'વત્સ, આવી રીતે ન બેસાય.' શિષ્ય ફરી એવી રીતે બેઠો. સદ્‌ગુરુએ એને ફરી સમજાવ્યો. એને અમુક કારણો અને ઉદાહરણો સાથે સમજાવ્યું. શિષ્ય બીજા દિવસે ફરી એમ જ બેસે છે. સદ્‌ગુરુ થોડી નારાજગી સાથે એને ઠપકો આપીને સમજાવે છે. ત્રીજા દિવસે સદ્‌ગુરુ મકાનમાં પ્રવેશ કરે છે, શિષ્ય પ્રમાદમુદ્રામાં બેઠેલો હતો. સદ્‌ગુરુ શિષ્યને સખત શબ્દોમાં ખખડાવી નાંખે છે. શિષ્ય રોવા લાગે છે. સદ્‌ગુરુ સાંજે એ શિષ્યને બોલાવે છે ને કહે છે - 'વત્સ, આજે આખા દિવસમાં તું એવી રીતે બેઠો નથી. મેં તને પહેલી વાર પણ સમજાવ્યો જ હતો, ને આજે પણ હકીકતમાં તો તને સમજાવ્યો જ છે. ફરક એટલો જ, કે તું મારી ભાષામાં ન સમજ્યો, એટલે મારે તને તારી ભાષામાં સમજાવવો પડ્યો છે.'
- સુપાત્ર શિષ્ય સ્વયં સમજે છે. પાત્રને સદ્‌ગુરુની હાજરી, ઈશારો કે વચન સમજાવી દે છે. અલ્પપાત્રતાવાળા શિષ્યને ફરી કહેવું પડે છે. અતિઅલ્પપાત્રતાવાળા શિષ્યને ફરી ફરી કહેવું પડે છે. અપાત્રને ખખડાવવો પડે છે. અતિઅપાત્ર કોઈ રીતે સમજતો જ નથી, કારણ કે એને સમજાવી શકે એવી કોઈ ભાષા જ નથી. ભયંકર અપાત્ર સમજાવટ પછી પોતાની મિથ્યા માન્યતાને વધુ દઢ કરે છે.
- જડતાનો અર્થ છે સમજણનો દરવાજો બંધ કરી દેવો. કદાગ્રહનો અર્થ છે એનો આંકડો બંધ કરી દેવો. દ્વેષનો અર્થ છે એના પર તાળુ મારી દેવું. આશાતનાનો અર્થ છે એની ચાવી કૂવામાં ફેંકી દેવી. મિથ્યાત્વનો અર્થ છે આટલું થયા પછી ય પોતે ખૂબ જ સમજદાર છે, એમ માનવું.
- જડતા, કદાગ્રહ, દ્વેષ, આશાતના અને મિથ્યાત્વ - આ પાંચ દોષોનું સર્જન છે અસંબુદ્ધ. આપણને સંબોધ ન મળે તો નિગોદથી અહીં સુધીની આપણી બધી જ યાત્રા નિષ્ફળ છે.

- ❑ શિષ્યત્વનું મૂલ્ય છે વિનય. શિષ્યત્વનું ફળ છે સમ્બોધ. સમ્બોધથી વંચિત શિષ્ય એ નફાથી વંચિત વેપારી છે. વેપારીએ મોટા ઉપાડે બધું જ કર્યું. મૂડી-રોકાણ, માલ-ખરીદી, મોંઘું મકાન, સ્ટાફ નિમણૂંક, પગાર વિતરણ, વેંચાણ બધું જ કરે. ચિંતા રાખે. પરસેવો પાડે. પણ બાર મહિને બાર રૂપિયા ય કમાઈ ન શકે, એનો શું અર્થ ? શિષ્ય બન્યા પછી ય જે સમ્બોધથી વંચિત હોય, એની સ્થિતિ એના જેવી છે.

* * * * *

॥ ૧-૪ ॥

- ❑ અવિનીતની સ્થિતિ સડેલી કૂતરી કરતાં પણ વધારે ખરાબ હોય છે. હડ હડ સાંભળવું કૂતરી માટે સહેલું છે, માણસ માટે ઘણું અઘરું છે.
- ❑ અવિનય કરવાનો અર્થ છે સમજાવટ કરવી. પ્લીઝ ટ્રાય ટુ અન્ડરસ્ટેન્ડ, હું એક સડેલી કૂતરી છું.
- ❑ અવિનય કરવાનો અર્થ છે સાબિત કરવું, કે હું એક બેઝલેસ બિલ્ડીંગ છું.
- ❑ અવિનય કરવાનો અર્થ છે ચીતરી આપવું, કે હું કેટલો હલકો છું !
- ❑ મારામાં વિનય નથી, ઈટ મિન્સ, મારામાં મેનર નથી, મારામાં સેન્સ નથી, મારામાં કોમન સેન્સ પણ નથી.
- ❑ બે પ્રકારના લોકો હોય છે. (૧) જ્યાં જાય ત્યાં આનંદ થઈ જાય. (૨) જ્યાંથી જાય ત્યાં આનંદ થઈ જાય.
- ❑ તમને તનથી કાઢી મુકવા જ્યાં શક્ય નથી, ત્યાં તમને મનથી કાઢી મુકવામાં આવે છે.
- ❑ **नोद्विजति यतो लोको, लोकान्नोद्विजते च यः ।**
  જ્ઞાની એ છે, મને પ્રિય પણ એ છે, જેનાથી લોકો કંટાળતા નથી, જે એમનાથી કંટાળતો નથી.
- ❑ વિનય એ આર્ટ ઓફ લિવિંગ છે. વિનય એ આર્ટ ઓફ વિનિંગ છે.

વિનય એ આર્ટ ઓફ સ્પિકિંગ છે. વિનય એ આર્ટ ઓફ એકટીંગ છે. વિનય એ આર્ટ ઓફ થિન્કીંગ છે. વિનય એ આર્ટ ઓફ લિસનિંગ છે. વિનય એ આર્ટ ઓફ એકઝિસ્ટીંગ છે.

- પ્રકૃતિથી જ જે વિકૃતિ કરી શકે એ દુઃશીલ. સ્વભાવથી જે વિભાવ તરફ ઢળેલો હોય એ દુઃશીલ. જે સહજ રીતે વાંકો ચાલે એ દુઃશીલ.
- ભગવાનના ચરિત્રમાં એક પાત્ર છે - ગોશાળો. એ એની ચિત્ર-વિચિત્ર હરકતોથી બધે માર ખાતો હતો. ગામની શેરીમાં રમતા બાળકોને એ ચેનચાળા કરીને ડરાવે છે ને એમના મા-બાપનો માર ખાય છે. એક વાર એને ગોવાળો દેખાય છે. એ એમને બૂમ પાડીને કહે છે - 'તમે કદરૂપા, ગંદા, બિભત્સ, મ્લેચ્છ છો.' બિચારા ગોવાળિયા આવું સાંભળીને દુઃખી થઈ જાય છે. તેઓ કહે છે - 'તમે કેમ આમ કારણ વિના અમારા પર આક્રોશો કરો છો ?' ગોશાળો કહે - 'તમે ખરેખર કદરૂપા, ગંદા, બીભત્સ, મલ્ચેછ છો કે નહીં ? સાચું કહું છું તો ય તમને ગમતું નથી, તો તમને હજી વધારે કડક શબ્દો કહીશ.' પછી શું થયું, એ કહેવાની જરૂર નથી.

  ગોશાળામાં આ દોષ-ત્રિકોણ હતો. દુઃશીલતા, મુખરતા અને શત્રુતા. આ ત્રિકોણનો આધારસ્તંભ હતો અવિનય. ગોશાળામાં વિનય હોત, તો એનો એ જ ભવે મોક્ષ થઈ જાત.
- આપણામાં જેટલા અંશે અવિનય છે, એટલા અંશે ગોશાળાપણું છે. ગોશાળો આપણને વિલન લાગે છે. ગુરુનો દુશ્મન લાગે છે. નીચ અને અધમ લાગે છે. કેટલો ખોટો માણસ ! કેટલો ખરાબ માણસ ! એવું લાગે છે. ગુરુની સમક્ષ તેજોલેશ્યા છોડવાની એની ઘટના આપણને આઘાતજનક આશ્ચર્ય લાગે છે. પણ આપણા જીવનમાં જેટલી ગુરુ-અવિનયની ઘટના છે, તે બધી સૂક્ષ્મસ્તરે તો ગોશાળાની તેજોલેશ્યાની જ ઘટના છે, આ સત્ય આપણે સમજી શકતા નથી.
- સીધો ચાલે તે સુશીલ, વાંકો ચાલે તે દુઃશીલ.

- ❑ સહજ સ્વભાવ એટલે શીલ. જેનું સારું શીલ છે, તે સુશીલ. જેનું ખરાબ શીલ છે તે દુઃશીલ.
- ❑ શીલ એટલે આચાર. જેના સારા આચાર છે, તે સુશીલ. જેના ખરાબ આચાર છે તે દુઃશીલ.
- ❑ **સદ્‌ગુરુને સમજવા એ મોક્ષયાત્રાની શરૂઆત છે. સદ્‌ગુરુથી સમજવું એ મોક્ષયાત્રાની સિદ્ધિ છે. સદ્‌ગુરુને સમજાવવા એ મોક્ષયાત્રાની મૂર્ખામી છે.**
- ❑ જ્ઞાની પણ મૌનમાં શોભે છે, તો અજ્ઞાનીની તો શું વાત કરવી ?
- ❑ **विभूषणं मौनमपण्डितानाम्** । અબુઝનું આભૂષણ છે મૌન.
- ❑ વ્યર્થ ભાષણ એ પાગલનું લક્ષણ છે.
- ❑ બોલ બોલ કરવાનો અર્થ અહં છે. હું વક્તા તમે સહુ શ્રોતા. હું બધાંથી ઊંચો. બધાં મારાથી નીચે. હું જ્ઞાની તમે અબુઝ.
- ❑ **शतेषु जायते शूरः** - સેંકડોમાં કોઈ શુરવીર થાય છે.
  **सहस्रेषु च पण्डितः ।** - હજારોમાં કોઈ વિદ્વાન થાય છે.
  **वक्ता दशसहस्रेषु** - દશ હજારમાં કોઈ વક્તા થાય છે.
  **दाता भवति वा न वा ॥** - દાતા થાય છે કે નથી થતો.

  આ એક પ્રસિદ્ધ શ્લોક છે. એમાં ચોથા ચરણ તરીકે **श्रोता भवति वा न वा** શ્રોતા થાય છે કે નથી થતો. આ વાત વિનયના સંદર્ભમાં સમજવા જેવી છે. સાંભળવું દુષ્કર છે. સ્વીકારવું દુષ્કર છે. જીવનમાં અમલ કરવો દુષ્કર છે.

* * * * *

॥ ૧-૫ ॥

- ❑ શીલ એટલે સ્વભાવ, આચાર કે સમાધિ - પાઈય ટીકા.
- ❑ શિષ્ય સદ્‌ગુરુને બહાર જોવા કહે છે - મિષ્ટાન્ન છોડીને ભૂંડ વિષ્ટા ખાઈ રહ્યો છે. સદ્‌ગુરુ શિષ્યને અંદર જોવા કહે છે. આચારને છોડીને અનાચારના રસ્તે જવું એ પણ હકીકતમાં આ જ ઘટના છે.

- ❑ ભૂંડને મિષ્ટાન્ન કરતાં વિષ્ટા મહાન લાગે છે, તેમ મૂઢને શીલ કરતા દુઃશીલ મહાન લાગે છે. ભૂંડનું સ્તર પામવા માટે વિષ્ટામાં મિષ્ટાન્ન જોવું જરૂરી છે. મૂઢનું સ્તર પામવા માટે દુઃશીલને ઉપાદેય તરીકે જોવું જરૂરી છે.

  **શીલ એ મિષ્ટાન્ન છે, શીલ એ જરિયન જામા છે, શીલ એ સુગંધ છે, શીલ એ આલીશાન બંગલો છે. શીલ એ લેટેસ્ટ કાર છે. શીલ એ લકઝરી છે.**

- ❑ ભયાનક હત્યાઓ કરીને બનાવેલ શેમ્પુ, સાબુ ને પરફ્યુમ્સ હકીકતમાં દુઃશીલની દુર્ગન્ધથી ભરેલા હોય છે. સાધુના મેલા વસ્ત્રો શીલની સુરભિથી મઘમઘતા હોય છે.
- ❑ **સંસારના દરેક સુખ ગંધાતા મડદાં જેવા છે. વિષ્ટા જેવા છે. એ એક એક સુખને મૂળમાંથી તપાસીએ તો ભયાનક હત્યાકાંડ બહાર આવશે.**
- ❑ હમણાં વિદ્યાનગરના વિહારમાં અમે ઢગલાબંધ દેડકાં, સાપ વગેરે મરેલા જોયા. તમારી જર્નીમાં જે સગવડ છે એ હજારો જીવોનું સ્મશાન હોય છે. કોઈ તમને કહે કે ''તમને તમારા ઘર કરતા દશગણી સગવડ આપીએ, શરત એટલી કે તમારે સ્મશાનમાં રહેવાનું.'' તમે તૈયાર થશો ?
- ❑ દુનિયાના બધાં જ સુખો કતલખાનાની પેદાશ છે. **नानुपहत्य भूतानि भोगः सम्भवति** - જીવોની કતલ કર્યા વિના કોઈ સુખભોગ શક્ય નથી.
- ❑ તાત્ત્વિક દૃષ્ટિએ પ્રત્યેક સુખભોગ માંસાહાર જેટલો જ જુગુપ્સનીય છે. માટે જ ઉત્તરાધ્યયનસૂત્રમાં - **सामिसं सव्वमुज्झित्ता विहरिस्सामो णिरामिसा** - માંસવાળું બધું જ છોડી = સંસારત્યાગ કરી માંસરહિત વિચરશું = સંયમ પાળશું - આવું કહ્યું છે.
- ❑ વિભાવ એ વિષ્ટા છે. વિષ્ટામાં આળોટતો ભૂંડ અને વિભાવમાં આળોટતો આત્મા - આ બંને વચ્ચે હકીકતમાં કોઈ જ ફરક નથી.
- ❑ ટી.વી. એ વિષ્ટા છે, ટેસ્ટી રેસિપીસ એ વિષ્ટા છે, વિજાતીય એ

વિષ્ટા છે. જોબ કે બિઝનેશ એ વિષ્ટા છે. અરે, આ બધું વિષ્ટા કરતાં ય વધુ જુગુપ્સનીય છે. વિષ્ટાથી તો વધુમાં વધુ શરીર જ ખરડાય છે. આ બધાંથી તો મન અને આત્મા પણ ખરડાય છે.

- **સંસારના કોઈ પણ પદાર્થની આસક્તિ એ હકીકતમાં ભૂંડવૃત્તિ સિવાય બીજું કશું જ નથી. વિવેકનો અભાવ, જ્ઞાનનો અભાવ અને પરિણામદૃષ્ટિનો અભાવ આ ભૂંડવૃત્તિ છે. કોઈ પણ પ્રકારની સાંસારિક આસક્તિ પણ હકીકતમાં આ જ તો છે.**

- દશ ખૂન કરનાર માણસ કોઈ કારણસર આપણા ઘરે આવી - બેસી ગયો હશે તો આપણે સોફા-કવર સહિત ઘર ધોઈ નાંખીશું. વી બિલિવ, હિંસા એ વિષ્ટા છે. વી હેવ ટુ બિલિવ, અઢારે પાપસ્થાનક એ વિષ્ટા છે. આખો સંસાર એ ખાળકૂવા સિવાય બીજું કશું જ નથી.

- **તમને કરોડો રૂપિયા એક શરતે મળતાં હોય, કે તમારે સતત ખાળકૂવામાં ડૂબેલા રહેવાનું. તમને અપ્સરા જેવી રૂપરમણીઓ એક શરતે મળતી હોય, કે તમારે સતત વિષ્ટાનું વિલેપન રાખવાનું. તમને જબરદસ્ત બંગલો એક શરતે મફત મળતો હોય કે તમારે એના ટોઈલેટમાંથી ઊભા જ નહીં થવાનું. What will be your answer ? વિષ્ટા સાથે મળતા ત્રણ લોકના રાજનો પણ કોઈ જ અર્થ નથી. આ જ ને ? તો એ પણ સમજી લો - કે સંસારમાં આપણને જે પણ મળ્યું છે એ વિષ્ટા સાથે જ મળ્યું છે, વધુ સ્પષ્ટ કહીએ તો સંસારમાં આપણને વિષ્ટા સિવાય બીજું કાંઈ જ મળ્યું નથી.**

- નરકની માથું ફાડી નાંખે એવી દુર્ગંધનું મૂળ સંસાર છે. કેન્સરના રોગમાં શરીર આખું ભયંકર વાસ મારે એવી સ્થિતિનું કારણ સંસાર છે. આપણને ગંદકીના કીડા તરીકેના ભવમાં અંનતવાર ધકેલી દેનાર સંસાર સિવાય બીજું કોઈ જ નથી. વિષ્ટા કરતાં વધુ સંસારમાં કઈ લાયકાત છે - એ પ્રશ્ન આપણે આપણી જાતને પૂછવા જેવો છે.

- **ક્રોધથી ય મોક્ષ મળી શકે તેમ છે, જો એ આંતરદોષો પ્રત્યે હોય.**

**અભિમાનથી ય મોક્ષ મળી શકશે, જો એ જિનશાસનની પ્રાપ્તિનો કેફ હોય. માયાથી ય નિસ્તાર થઈ શકશે, જો એ શાસનઅપભ્રાજનાના નિવારણ માટે હશે. લોભથી ય મોક્ષ મળી શકશે, જો એ સદ્ગુણો પ્રત્યે હશે. જુગુપ્સાથી પણ મોક્ષ મળી શકશે, જો એ સંસાર પ્રત્યે હશે.**

❑ બાહ્ય સંસાર-ઘર-પરિવાર વગેરેરૂપ - એ પણ વિષ્ટા છે. આંતર સંસાર હિંસા-જૂઠ વગેરે રૂપ - એ પણ વિષ્ટા છે. રાગ-દ્વેષ એ વિષ્ટા છે. કષાયો એ વિષ્ટા છે. સંપત્તિ વગેરેનું મમત્વ એ વિષ્ટા છે. વિષ્ટામાં રહેવું, વિષ્ટામાં રગદોળાવું, વિષ્ટા ખાવી ને વિષ્ટા જ ચોપડવી - આનું નામ સંસાર - In other words - ભૂંડ બનવું એનું નામ સંસાર. જ્યાં દ્રવ્ય + ભાવ સંસાર છે, ત્યાં વ્યવહારથી દેવ-મનુષ્ય-તિર્યંચ-નારક-પર્યાય છે. નિશ્ચયથી તો ત્યાં એક જ પર્યાય છે - ભૂંડ.

❑ શીલ એ મોતી છે. દુઃશીલ એ કાંકરા છે. શીલ એ વૈભવ છે, દુઃશીલ એ દારિદ્ર્ય છે, શીલ એ જ્ઞાન છે, દુઃશીલ એ અજ્ઞાન છે. શીલ એ સુખ છે. દુઃશીલ એ દુઃખ છે. શીલ એ ગૌરવ છે. દુઃશીલ એ નામોશી છે.

❑ **मज्जत्यज्ञः किलाज्ञाने, विष्टायामिव शूकरः ।**
**ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥ ज्ञानसार ॥**
અજ્ઞાની ડુબે છે અજ્ઞાનમાં. જેમ વિષ્ટામાં ભૂંડ. જ્ઞાની ડુબે છે જ્ઞાનમાં. જેમ માનસરોવરે હંસ.

❑ **संसारवंचणा ण वि गणंति संसारसूयरा जीवा ।**
**सुविणगएण वि केइ, बुज्झंति पुप्फचूला व ॥ उपदेशमाला ॥**
સંસારની ગટરમાં ભૂંડ જેવા જીવો હોય છે. જેઓ સંસારની તમાચો ખાઈ ખાઈને ય સુધરતા નથી. કેટલાંક જીવો પુષ્પચૂલા જેવા હળુકર્મી હોય છે, જેમને ફક્ત સ્વપ્નથી પણ બોધ થઈ જાય છે.

❑ મૃગનો સીધો અર્થ છે પશુ. તાત્પર્યાર્થ છે અજ્ઞાની. **ज्ञानेन हीना पशुभिः समानाः ।** - જેમનામાં જ્ઞાન નથી, તેઓ પશુ-સમાન છે.

- **શાસ્ત્ર આપણને બે દિશા બતાવે છે - એક દિશામાં જવાથી સડેલી કૂતરી અને ભૂંડ બની શકાય છે. બીજી દિશામાં જવાથી પૂજનીય બની શકાય છે. શાસ્ત્ર બહુ જ સ્પષ્ટ છે. સાચું છે. એને માનવાનું પરિણામ પણ ઓન ધ સ્પોટ મળી શકે છે, એને ન માનવાનું પરિણામ પણ ઓન ધ સ્પોટ મળી શકે છે.**
- તમે વિનય અપનાવો એ આંશિક હોઈ શકે છે. વિનય તમને અપનાવે એમાં એક અંશ પણ બાકી રહેતો નથી. **विणए ठविज्ज अप्पाणं.**
- **इच्छंतो हियमप्पणो** - વિનય બીજા માટે નથી કરવાનો. આપણા આત્મા માટે કરવાનો છે. વિનય એ આપણી ગરજ છે. જરૂરિયાત છે. ગુરુ આવ્યા તો આવ્યા, હું શા માટે ઊભો થાઉં ? મારે શા માટે હાથ જોડવાના ? કોઈના ખાતર આપણી ઈચ્છાને કેમ ગૌણ કરવી ? આ બધી જ વૃત્તિ મૂર્ખતા સિવાય બીજું કશું જ નથી.

  એક્ચ્યુલી વિનય જ નહીં, બધો જ ધર્મ તમારા આત્મા માટે છે. દાન પણ આત્મા માટે છે. પરોપકાર પણ આત્મા માટે છે. બીજા સાથેનો સદ્વ્યવહાર પણ આત્મા માટે છે.
- **હિતને કોણ ન ઈચ્છે ? આ ગર્ભિત પ્રશ્ન इच्छंतो हियमप्पणो આ પદ દ્વારા ઉત્તરાધ્યયનસૂત્ર આપણને પૂછે છે. આ પદ આપણને બહુ પ્રેમથી એટલું જ કહે છે - તમે પાગલ ન હો, તો તમે સદ્ગુરુના ચરણોમાં સમર્પિત થઈ જાવ.**
- **विणए ठाविज्ज अप्पाणं** - આપણા જીવનનો ઉદ્દેશ્ય છે - સદ્ગુણોમાં આત્માર્પણ. **वएसु उवट्ठवणा** - હોય કે - **उवट्ठिओ मि सव्वाओ पाणाइवायाओ वेरमणं** હોય કે **त्वच्छासनं च शरणं प्रतिपन्नोऽस्मि** હોય - હકીકતમાં તો અભિધેય તત્ત્વ આ જ છે - સદ્ગુણોમાં આત્માર્પણ.
- દર્દીનો માંડ નંબર લાગ્યો હોય ને તે ડોક્ટરને પોતાની તકલીફ કહે નહીં ને વેઈટીંગ રૂમના જુદા જુદા દર્દીઓના રોદણા રોવે એના જેવો

આપણો ઘાટ છે. અનંત કાળે આપણને આત્મહિતનો અમૂલ્ય અવસર મળ્યો ને આપણે પત્ની, પુત્ર, શરીર ને પૈસાની ચિંતા લઈને બેઠાં છીએ. **इच्छंतो हियमप्पणो** - આત્મહિતનો ઈચ્છુક - આ એક જ પદમાં સમસ્ત મોક્ષમાર્ગનું હાર્દ આવી ગયું છે.

* * * * *

॥ ૧-૭ ॥

- ❑ વિનયની શોધ એ મોક્ષની શોધ છે. મોક્ષ જોઈએ છે, પણ વિનય નથી કરવો, એનો અર્થ એ છે કે ભૂખ મટાડવી છે, પણ જમવું નથી.

- ❑ **विनयफलं शुश्रूषा, गुरुशुश्रूषाफलं श्रुतज्ञानम् ।**
**ज्ञानस्य फलं विरतिः, विरतिफलं चाश्रवनिरोधः ॥**
**संवरफलं तपोबल-मथ तपसो निर्जरा फलं दृष्टम् ।**
**तस्मात् क्रियानिवृत्तिः, क्रियानिवृत्तेरयोगत्वम् ।**
**योगनिरोधाद् भवसन्ततिक्षयः, सन्ततिक्षयान्मोक्षः ।**
**तस्मात् कल्याणानां, सर्वेषां भाजनं विनयः ॥**

  વિનયનું ફળ છે ગુરુશુશ્રૂષા, તેનું ફળ છે શ્રુતજ્ઞાન, તેનું ફળ છે વિરતિ, તેનું ફળ છે સંવર, તેનું ફળ છે તપોબળ, તેનું ફળ છે નિર્જરા, તેનું ફળ છે ભવપરંપરાક્ષય, તેનું ફળ છે મોક્ષ. માટે બધાં જ કલ્યાણોનું ભાજન છે વિનય. - **પ્રશમરતિ ગ્રંથ.**

- ❑ વિનય એ વફાદાર અંગરક્ષક છે. એ છે તો મોક્ષમાર્ગમાં આત્માને કોઈ ભય નથી. વિનય એ શ્રેષ્ઠ વૈદ્ય છે, એના પ્રભાવે આત્મા સતત નીરોગી રહે છે. વિનય એ શ્રેષ્ઠ મિત્ર છે, એનાથી આત્માનું કલ્યાણ થવું નિશ્ચિત છે. વિનય એ શ્રેષ્ઠ માતા છે. મોક્ષયાત્રી તરીકે આપણને જન્મ આપનાર હકીકતમાં એ જ છે. વિનય એ શ્રેષ્ઠ પિતા છે, એ આત્માને ખરા અર્થમાં ઉછેરે છે. વિનય એ શ્રેષ્ઠ શિક્ષક છે, એના વિના બહારના શિક્ષકોનો કોઈ અર્થ જ રહેતો નથી. વિનય એ શ્રેષ્ઠ પુરોહિત છે, આત્માનું શાંતિકર્મ કરવામાં એ નિપુણ છે. વિનય એ

શ્રેષ્ઠ સેનાપતિ છે, એ મોહરાજાની સેનાનો કચ્ચરઘાણ વાળી દે છે. વિનય એ શ્રેષ્ઠ માંત્રિક છે, એની જેવું વશીકરણ બીજું કોઈ કરી શકતું નથી. વિનય એ શ્રેષ્ઠ તાંત્રિક છે. રાગ-દ્વેષનું ઉચ્ચાટન એ સફળતાપૂર્વક કરી શકે છે.

- **सीलं पडिलभे जओ** - ચારિત્ર વિના મુક્તિ નથી. વિનય વિના ચારિત્ર નથી. સાધુમાં પણ જો વિનય ન હોય, તો એમને મળેલું ચારિત્ર તાત્ત્વિક નથી. બીજા શબ્દોમાં કહીએ, તો એમને ચારિત્રની બદલે બીજું જ કાંઈક મળ્યું છે, જેમને તે ચારિત્ર માને છે. વિનય વિના જ્ઞાન પણ સંભવિત નથી, તો ચારત્રિની વાત તો ક્યાં રહી ? અવિનીત વિદ્વાન એટલે જાણે નકલી પોલિસ. નકલી પોલિસ એ જેમ પોલિસ નથી, એમ અવિનીત વિદ્વાન એ વિદ્વાન નથી. અસલિયતનો આધાર છે વિનય. એના વગરના બધાં ગુણો નકલી બની જાય છે.
- बुद्धउत्ते - **વિનયથી ગુરુના દીકરા બની શકાય છે, અવિનયથી ગુરુના દુશ્મન બની શકાય છે. સદ્ગુરુ પાસેથી સદ્બોધનો વારસો લેવાથી 'બુદ્ધપુત્ર'નો દરજ્જો મળે છે. સદ્ગુરુ પાસેથી આ વારસો ન લેવો, એ અબજોપતિનો દીકરો આજીવન ૫૦૦૦ના પગારની નોકરી કરે - એના જેવું છે.**
- **णियागट्ठी** - મોક્ષમાર્ગમાં તમને તમારી જ જરૂર છે. તમે તમારી સાથે હો - એ મોક્ષમાર્ગની અનિવાર્ય આવશ્યકતા છે. તમે જ તમારી સાથે ના હો, ત્યાં સાક્ષાત્ તીર્થંકરનો સાથ પણ નિષ્ફળ જાય છે.
- નિયાગનો એક અર્થ છે જ્ઞાનાદિ, બીજો અર્થ છે પૂજા, ત્રીજો અર્થ છે મોક્ષ... આ બધું જ વિનયથી મળે છે.
- **ण णिक्कसिज्जइ कण्हुइ** - તમારી હાજરીની જરૂર વર્તાય એ તમારું ગૌરવ છે, તમારી ગેરહાજરીની જરૂર વર્તાય એ તમારી નામોશી છે.
- તમને ચૂપ રહેવા કહેવું પડે એવું/એટલું બોલો નહીં. તમને પાછળ જવા કહેવું પડે એટલું આગળ આવો નહીં. તમને વિદાય આપવી

પડે એવું કામ કરો નહીં. ક્યારેક વ્યવહારથી કહેવું પડતું હોય છે – 'આવો તો સારું.' પછી એ માણસ મનમાં બોલે છે – 'ન આવો તો વધારે સારું.'

❑ છગને જાહેરાત કરી, ''મારા મર્યા પછી મારી પત્નીને જે પરણે તેને એક લાખ રૂા. ઈનામ.'' મગને કારણ પૂછ્યું, ''બીજાં તો એવું લખીને જાય કે પત્ની પુનર્લગ્ન કરે તો એને કાંઈ ન મળે. તો તે આવું કેમ જાહેર કર્યું ?'' છગન કહે, ''એના બે કારણ છે – (૧) મારી પત્નીથી હું એકલો જ કેમ દુખી થાઉં ? (૨) મારા ગયા પછી કોઈક તો મારા મૃત્યુનો શોક કરે.''

આપણી ગેરહાજરીમાં કોઈના શોકની કોઈ જ સંભાવના ન હોય, એનો અર્થ શું ?

❑ છગનને એની પત્નીએ કહ્યું – ''હું મરી જાઉં તો ?'' છગન કહે – ''તો તો હું ગાંડો થઈ જાઉં.'' પત્ની કહે – ''બીજી પરણો ?'' છગન કહે – ''એટલો ગાંડો ન થઈ જાઉં.''

**તમારી પ્રશંસા કરતા લોકો પણ અંદરખાને તમારા માટે જે અભિગમ ધરાવતા હોય છે, તે તમારા વ્યક્તિત્વનું ખરું બેરોમીટર હોય છે.**

* * * * *

॥ ૧-૮ ॥

❑ જેના ભીતરી દરિયામાં અહમ્‌નો એક તરંગ પણ ન ઉઠી શકે એનું નામ નિઃશાન્ત. જેને લોઢાના તવા પર બેસાડી દો, તો તવો ઠરી જાય, પણ જે ન ઉકળે એનું નામ નિઃશાન્ત. જે છેલ્લી વાર બુઝી ગયો છે ને હવે કદી સળગવાનો નથી એનું નામ નિઃશાન્ત. બે શબ્દથી કામ પતતું હોય, તો ત્રીજો શબ્દ બોલવાનું જેનું ગજું નથી, એનું નામ નિઃશાન્ત.

❑ **''મરેલાં શબ્દોની ધૂળ તને ચોંટી રહી છે.**
**તાર આત્માનો મૌન વડે ધોઈ નાંખ.''**

- **“મહામૌન પોતે પરમ શબ્દ સૃષ્ટિ,
  નીરવમાં તને સાંભળું છું નિરાંતે.”**

- સાત વર્ષનો બાળક બાલદીના પાણીને જોર જોરથી થપાટો મારતો હતો, એના પિતાએ એને કારણ પૂછ્યું, એ કહે - “આ પાણી મને મારું મોઢું બતાવતું નથી. હું જોવાનો પ્રયાસ કરું છું, તો ય મને દેખાતું નથી.” બાળક લાલ-પીળો થઈ ગયો છે, ને પિતા સ્મિત કરી રહ્યા છે... પિતા એને કહે છે - “વત્સ... પાણીમાં તને તારું મોઢું દેખાય એની ત્રણ શરત છે, (૧) તું સ્થિર હોય, (૨) તારી નજર સ્થિર હોય (૩) પાણી સ્થિર હોય. બેટા, અત્યારે આ ત્રણે શરત અધુરી છે.” તું ઉધમાટમાં છે. તારી દૃષ્ટિ તારા જેટલી જ ચંચળ છે. પાણી સ્થિર હોઈ શકત, પણ તારી થપાટોએ એ આશા પર પણ પાણી ફેરવી દીધું છે.

  **વાત આપણી છે. તત્ત્વના સાક્ષાત્કાર માટે નિઃશાન્તતા જરૂરી છે. હું સ્થિર હોઉં, મારી દૃષ્ટિ સ્થિર હોય ને મારું મન સ્થિર હોય - આ ત્રણ શરત પૂરી થાય એનું નામ નિઃશાન્તતા. એનાથી તત્ત્વના સાક્ષાત્કારની ભૂમિકા રચાઈ શકે. હું ભમું, મારી દૃષ્ટિ ભલે ભમે ને મારું મન ભમે પછી તત્ત્વ સાક્ષાત્કારની શક્યતા સમાપ્ત થઈ જાય છે. હું પોતે જ જ્યારે ભટકતો હોઉં, ત્યારે મારી દૃષ્ટિ અને મારું મન તો સુતરાં ભમવાનું છે.**

- **वत्स ! किं चञ्चलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।
  निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥ ज्ञानसार ॥**

  હે વત્સ ! તું કેમ ચંચળ મનવાળો થઈને ભટકી ભટકીને દુઃખી થાય છે. આવ, તારી પાસે જ છે નિધિ. સ્થિરતા દેખાડશે તને એ.

- વાંચવું એ પૂરતું નથી, શું વાંચો છો એ વધુ મહત્ત્વનું છે, ખરાબ સાહિત્ય વાંચવું એ ઝેર પીવા બરાબર છે.

- **વ્યસ્ત હોવું એ પૂરતું નથી, શેમાં વ્યસ્ત છો એ વધુ મહત્ત્વનું છે. પાપની વ્યસ્તતા કરતાં નવરાં ધૂપ હોવું એ વધુ સારું છે.**

- આત્માર્થી જીવે એવો પ્રયાસ કરવો જોઈએ, કે એની પ્રત્યેક ક્ષણનો એ ઉત્કૃષ્ટ ઉપયોગ કરી શકે. બિન્દુનો સરવાળો એ જ સિન્ધુ છે. ક્ષણનો સરવાળો એ જ જીવન છે. જે ક્ષણ બગાડી શકે છે, તે જીવન બગાડી શકે છે. જેને જીવનનું મૂલ્ય નથી, તેને ક્ષણનું મૂલ્ય નથી.
- **મન, વચન, કાયાની પ્રત્યેક નિરર્થક પ્રવૃત્તિ એ ક્ષણનો દુરુપયોગ છે. તમે બિનજરૂરી વસ્તુ કરી શકો, એનો અર્થ એ છે કે તમને જરૂરી વસ્તુની જરૂર નથી. એનો અર્થ એ છે કે તમે પાગલ છો.**
- વ્યર્થ પ્રવૃત્તિ કરનારનું જીવન વ્યર્થ જ થવાનું છે. ખાલી બેઠાં રહેવું, જે-તે વિચારો કરવા, જે-તે વાતો કરવી, જે-તે વાંચવું, જે-તે જોવું - આ બધું મૂર્ખામીની પરાકાષ્ઠા છે. આનો અર્થ એ છે કે આપણને આપણી જ કિંમત નથી.
- અર્થયુક્ત શીખવું એટલે જેનાથી હેય-ઉપાદેયનો વિવેક થાય એવું શીખવું. જેનાથી આ વિવેક ન મળે એવું શીખવું એ આપઘાત શીખવા સમાન છે.
- આર્યરક્ષિતસૂરિ મહારાજ દીક્ષા પૂર્વે ૧૪ વિદ્યા ભણીને રાજસન્માન પામ્યા એનાથી એમની માતા ખુશ ન થઈ. દષ્ટિવાદ ભણવાની પ્રેરણા કરીને તેમને દીક્ષા અપાવીને ખુશ થઈ.
- સંઘના એક અગ્રણીને એમના દીકરાએ પૂછ્યું - ‘‘પપ્પા હું પણ સંઘનું કામ કરવા આવું.’’ અગ્રણીએ કહ્યું - ‘‘ના બેટા, તું બિઝનેશમાં ધ્યાન આપ.’’ સાર્થક કામ કરતાં હોઈએ, ને છતાં એ સાર્થક ન લાગતું હોય, તો આપણા માટે તો એ વ્યર્થ જ ઠરે છે. પૂ.આનંદઘનજી મહારાજ ધર્મનાથ ભગવાનના સ્તવનમાં કહે છે -

**પરમ નિધાન પ્રગટ મુખ આગળે જગત ઓળંગી જાય ।**
**જ્યોતિ વિના જુઓ જગદીશની અંધો અંધ પુલાય ।।**

મંઝિલને ઓવરટેક કરીને મુસીબતને આંબી જવાનો કેફ ભરીને દુનિયા બેઠી છે. અંધતાનું આનાથી મોટું પ્રમાણપત્ર બીજું કયું હોઈ શકે ?

❑ છગનનું પાકીટ લઈને ચોર ભાગે છે. છગન એની પાછળ ભાગે છે. ચોરને આંબી શકતો નથી. ચોર એનો ઉપહાસ કરે છે. છગનને ઈગો-હર્ટ થાય છે. બધી તાકાત લગાડીને દોડે છે ને ચોરની આગળ થઈ જાય છે. પાકીટ ભલે ગયું, પણ હું આગળ તો થઈ ગયો આનો છગનને અપાર આનંદ છે.

**પ્રવચન હોલને ઓળંગીને સ્કુલ-કોલેજ જવાની પ્રત્યેક ઘટના આવી જ છે. ખરો સવાલ યાત્રાનો નથી લક્ષ્યનો છે. લક્ષ્ય અલક્ષ્ય બની જાય ને અલક્ષ્ય લક્ષ્ય બની જાય ત્યારે સાચી યાત્રા થવાની કોઈ શક્યતા જ નથી રહેતી.**

❑ સદ્ગુરુ વિહાર કરી રહ્યા છે. એ પોતાના મુકામે પહોંચે છે, ત્યાં સુધીમાં ૮૦૦-૯૦૦ વાહનો અને ૨/૩ હજાર માણસો તેમને ઓળંગી ગયા છે. એ બધાંને ક્યાંક પહોંચી જવાની ઉતાવળ હતી પણ એમને ખરેખર ક્યાં પહોંચવાનું હતું, એની એમને ખબર જ ન હતી. સદ્ગુરુને તેઓ સમજી શક્યા હોત તો સદ્ગુરુ જ ખરી મંઝિલ છે આ વાત તેમને સમજાઈ ગઈ હોત, ને એમનો આવનારો અનંત ભવિષ્યકાળ કંઈક ઓર જ હોત... **પરમ નિધાન પ્રગટ મુખ આગળે જગત ઓળંગી જાય...** એ આનું નામ.

❑ **સાર્થક અને નિરર્થકનો ભેદ અંતઃસ્તરે સમજાય, એ પળ દિશાપરિવર્તનની પળ હોય છે. ત્યારે સંસાર ભણી દોડતી જીવની યાત્રા મોક્ષ તરફ વળાંક લે છે.**

❑ **દરેક વિચાર, વાણી ને વર્તન પહેલા વિચારો કે આમાં મારા આત્માનું શું ?**

❑ અર્થિત્વ એ જે તમને તરબોળ કરે, અર્થિત્વ એ જે તમને તન્મય કરે, અર્થિત્વ એ જે તમને ઉત્કંઠિત અને લાલાયિત કરે. અર્થિત્વ એ જે તમને તરસ અને તલપ જગાવે, અર્થિત્વ એ જે તમને દોડાવ્યા વિના ન રહે. અર્થ અને કામની બાબતમાં અર્થિત્વ આવે એટલે આ બધું

સહજ બની જાય છે, આત્મહિતની બાબતમાં આવું કશું ન થતું હોય, એનો અર્થ એ છે કે આપણને એ બાબતમાં અર્થિત્વ જ નથી આવ્યું.

- ❑ જેના દ્વારા આપણે મોક્ષની દિશામાં એકાદ પગલું પણ જઈ શકીએ છીએ, એ આપણા માટે સાર્થક છે. જેના દ્વારા આપણે મોક્ષની દિશામાં એકાદ પગલું પણ જઈ શકતા નથી, એ આપણા માટે નિરર્થક છે.
- ❑ **નિરર્થક એ હકીકતમાં શીખવાની વસ્તુ નથી, ભૂલવાની વસ્તુ છે. નિરર્થક એ ભૂલ છે. 'ભૂલ શીખવી' આ વાત જ કેટલી બેહુદી છે. મોટા ભાગના જીવોની મોટા ભાગની જિંદગી બેહુદી ચેષ્ટામાં જ પૂરી થઈ જાય છે.**
- ❑ ગમે ત્યારે આપણને કોઈ પ્રશ્ન કરે કે તમે શું કરો છો ને કેમ કરો છો - તો આપણે એનો સંતોષકારક જવાબ આપી શકીએ ખરાં ? ગમે ત્યારે આપણને કોઈ પ્રશ્ન કરે કે તમે શું વિચારો છો - તો આપણે એનો સાચો જવાબ આપી શકીએ ખરાં ?
- ❑ **अणवट्ठियं मणो जस्स, बहु चिंतइ अट्टमट्टाइं ।**
  **तं चिंतियं च ण लहइ, संचिणइ पावकम्माइं ।। उपदेशमाला ।।**

  જેનું મન અનવસ્થિત છે, જેનું મન અગડમ-બગડમ વિચાર્યા કરે છે, તેને તે વિચારેલું તો મળતું નથી, ને ઉપરથી તે પાપ બાંધે છે.
- ❑ **પત્રકાર** - મેં તમને ચાર પ્રશ્નો પૂછ્યા ને હવે પાંચમો પ્રશ્ન પૂછી રહ્યો છું, એ બે વચ્ચે તમે શું વિચાર્યું ?

  **વિનોબા ભાવે** - મેં પાંચ વાર ભગવાનનું નામ લીધું. છટ્ઠી વાર લેવા જતો હતો, ત્યાં તમે આ પ્રશ્ન પૂછ્યો.
- ❑ પૂ.પ્રેમસૂરિદાદા ગોચરી વાપરતાં પંચસૂત્ર સાંભળતા, મહાત્માઓને ગોચરી પહેલા એક શાસ્ત્રીય કોયડો આપી દેતા, જેનાથી તેમનું મન સ્વાદમાં ન જાય. પૂ.ભૂવનભાનુસૂરિ મ. કોઈ વ્યર્થ વાતો કરતા બેઠા રહ્યા હોય, ત્યારે મનમાં નવકાર, ઉવસગ્ગહરં, લોગસ્સનો જાપ કરતા. પૂ.રામચન્દ્રસૂરિ

મ.સા. ડોળીમાં પણ પ્રતના પાના વાંચતા. પૂ.સાગરજી મ.સા. જૈફ વયે ય બપોરે આરામ કરવાને બદલે આગમસંશોધનમાં રત રહેતા. પૂ.ગુરુ મ.સા. લોચ કરાવતા કરાવતા કર્મપ્રકૃતિનો સ્વાધ્યાય કરતાં. દુનિયા આજે જેમની કિંમત કરે છે, એ બધાંને પોતાના સમયની કિંમત હતી.

* * * * *

॥ ૧-૯ ॥

- રાજસ્થાનના એક ગામમાં અમે વિહાર કરીને પહોંચ્યા. હું ગોચરી માટે ગયો હતો. એક ઘરમાં ભયાનક ઝગડો ચાલતો હતો. તેમણે મને ન્યાયાધીશ બનાવ્યો. મારે ન રહેવાય, ન જવાય, એવી સ્થિતિ થઈ. વહુની એક જ ફરિયાદ હતી - "**मेरी सास मुझे सीखाती है ।**" લાખોની ફી ભરીને શીખવું સહેવું લાગે છે. આપણો દોષ બતાવે એ આપણને દુશ્મન લાગે છે.
- **मूर्खाणां बोधको रिपुः** - તેઓ મૂર્ખ હોય છે, જેમને પ્રતિબોધક હોય, એ શત્રુ લાગે છે. - **ચાણક્યનીતિ**
- નંદલાલ ચિત્રકારે ગુરુએ કરેલ અપમાન અને કડક અનુશાસનને પ્રેમથી સ્વીકાર્યા અને એનાથી મહાન ચિત્રકાર બન્યા. અંગર્ષિએ ગુરુના ઠપકાને સહન કરીને કેવળજ્ઞાન મેળવી લીધું. ચંદ્રરુદ્રાચાર્યના શિષ્યે દાંડાનો માર ખાઈને ય ગુરુબહુમાન દ્વારા કેવળજ્ઞાન મેળવી લીધું. ગાગલિ વગેરે પરસ્પરના આદરથી કેવળજ્ઞાન મેળવ્યું.
- **साहु सहंति सव्वं णीयाण वि पेसपेसाणं ॥ उपदेशमाला ॥**
  સાધુ બધું જ સહન કરે, નીચનું ય સહન કરે, દાસનું ય સહન કરે, દાસના દાસનું ય સહન કરે.
- **जो सहइ तस्स धम्मो, जो धीइमं सो तवं चरइ ॥ उपदेशमाला ॥**
  જે સહન કરે છે તે ધર્મી છે. જે ધૃતિમાન છે તે તપસ્વી છે.

- ❑ અહંકારનો પારો જેમ જેમ નીચે ઉતરતો જાય છે, તેમ તેમ સહનશીલતાનો પારો ઉપર જતો જાય છે. શરીર નબળું હોય, તો ય સહન થઈ શકે છે, વિનય નબળો હોય, તો સહન થઈ શકતું નથી. ''મને કેમ આ દુઃખ આવ્યું ?'' – આ પ્રશ્ન અસહનશીલતાનું મૂળ છે. ''મને દુઃખ ન જ આવવું જોઈએ'' – આ માન્યતા એ પ્રશ્નનું મૂળ છે. ''હું સુખને જ લાયક છું'' – આવી ધારણા એ માન્યતાનું મૂળ છે. હું મહાન છું – આવું સંવેદન એ ધારણાનું મૂળ છે અને અહંકાર એ આ સંવેદનનું મૂળ છે.
- ❑ સહનશીલતાની ડેડ લાઈન એ જ દુઃખની બર્થ લાઈન હોય છે. બીજા શબ્દોમાં – વિનયની ડેડ લાઈન એ જ દુઃખની બર્થ લાઈન હોય છે. ત્રીજા શબ્દમાં અહંની બર્થ લાઈન એ જ દુઃખની બર્થ લાઈન હોય છે. સાર એ છે કે અહં એ જ દુઃખ છે. પૂ. સિદ્ધસેનદિવાકરસૂરિ મહારાજા કહે છે –

  **दुःखमहङ्कारप्रभव-मित्ययं सर्वतन्त्रसिद्धान्तः ।**

  સર્વ શાસ્ત્રોનો આ સિદ્ધાન્ત છે કે દુઃખનું મૂળ અહંકાર છે.
- ❑ પંડિત ક્ષમા ધારણ કરે – આવું કહેવા દ્વારા ઉત્તરાધ્યયનસૂત્ર આપણને કહેવા માંગે છે, કે ક્ષમા એ પાંડિત્યનું લક્ષણ છે. સહન ન કરવું એ મૂર્ખામી છે. **तितिक्खए णाणी अदुट्ठचेयसा** – આ પદ દ્વારા આચારાંગસૂત્ર આપણને આ જ કહેવા માંગે છે.
- ❑ સહન ન કરવું એ તો મૂર્ખામી છે જ. મન બગાડીને સહન કરવું, એ ય મૂર્ખામી છે.
- ❑ ગુરુની ગાળ સોનાની નાળ.
- ❑ **पढमं चिय गुरुवयणं, मुम्मुरदहणं व दहइ भणणंतं ।**
  **परिणामे पुण तं चिय, मिणालदलसीयलं होइ ॥ पुष्पमाला ॥**

  ગુરુવચન પહેલા તો તણખા ને આગની જેમ દઝાડતું હોય એવું કદાચ લાગે, પણ પરિણામે તો તે કમળના પાન જેવું શીતળ થાય છે.

- धन्यस्योपरि निपतत्यहितसमाचरणधर्मनिर्वापी ।
  गुरुवदनमलयनिःसृतवचनरसशीलस्पर्शः ॥ प्रशमरति ॥
  ધન્ય હોય છે તે જીવ, જેના પાપના તાપને શમાવી દે છે ગુરુવચન. જેના માટે મલયગિરિ બને છે ગુરુમુખ. ચંદનરસ બને છે ગુરુવચન. એનો શીતલસ્પર્શ બધી જ ગરમીને દૂર કરી દે છે.
- દયાનંદ સરસ્વતી બાળપણમાં ઉગ્રસ્વભાવી ગુરુનો માર ખાઈ ખાઈને તેમના હાથ-બાવડા દબાવી આપતા. એક દિવસ ગુરુ ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યા. આશીર્વાદ આપ્યા ''તું મહાવિદ્વાન બનજે.''
- અનુશાસનની ફરિયાદ એ દવાની ફરિયાદ છે, ડોક્ટરની ફરિયાદ છે, મેડિકલ લાઈનની ફરિયાદ છે, પ્રુવ્ડ રિસર્ચની ફરિયાદ છે, સત્યની ફરિયાદ છે. અનુશાસનનો વિરોધ એ આરોગ્યનો વિરોધ છે.
- ચાર પ્રકારના દર્દી હોય છે - (૧) દવાખાનાને લાયક, (૨) હોસ્પિટલને લાયક, (૩) પાગલખાનાને લાયક, (૪) સ્મશાનને લાયક.

  સામાન્ય શારીરિક તકલીફ દવાખાનાથી દૂર થાય છે. એથી મોટી તકલીફ હોય તો હોસ્પિટલમાં જવું પડે. સાથે માનસિક તકલીફ પણ હોય, તો પાગલખાનાથી ઠેકાણું પડે. સાવ જ અસાધ્ય રોગ હોય, તો એ સ્મશાન સુધી સાથે આવે.

  ચાર પ્રકારના દર્દી જેવા ચાર પ્રકારના શિષ્ય હોય છે. અલ્પકષાયી હોય તેને સદ્‌ગુરુનો ઈશારો પૂરતો છે. અધિકકષાયી હોય તેના પર સદ્‌ગુરુએ મહેનત કરવી પડે, ઉત્કટકષાયો હોવા છતાં પોતાને નિષ્કષાયી માને એને તીવ્ર ચિકિત્સાની જરૂર છે. આટલું હોવા છતાં સાથે ગુરુને જ ઉત્કટકષાયી માનીને ઘોર આશાતનાઓ કરે તે અસાધ્ય રોગી જેવા છે.
- જે સહન કરી લે છે, એના ગુરુને સહન કરવું પડતું નથી. કોમ્પ્રોમાઈઝ વગર મેચિંગ અઘરું હોય છે એ હકીકત છે, ત્યારે કયા પક્ષે કોમ્પ્રોમાઈઝ શોભે ? ગુરુના પક્ષે કે શિષ્યના પક્ષે ?

હકીકતમાં તો શિષ્યત્વ વિકસે એટલે સહન કરવાનું પણ હોતું નથી, ને કોમ્પ્રોમાઈઝ કરવાનું પણ હોતું નથી. ફક્ત માણવાનું હોય છે. ગુરુને સહન કરવા પડે આ દશા કદી શિષ્યની હોઈ જ ન શકે. જેના માટે અણગમો હોય, જે અળખામણો હોય, જે આંખોમાં ખૂંચતો હોય, એને સહન કરવો પડે. દુશ્મનને સહન કરવો પડે, મિત્રને નહીં. ગુરુ તો કલ્યાણમિત્ર હોય છે, પરમમિત્ર હોય છે.

પહેલા શિષ્યત્વ મરી પરવારે છે, ને પછી ગુરુ આકરા લાગે છે. પહેલા શિષ્યત્વની આંખો ફૂટી જાય છે, પછી ગુરુમાં દોષ દેખાય છે. પહેલા શિષ્યત્વ બહેરું થઈ જાય છે, પછી ગુરુની વાત સાંભળવી અશક્ય બની જાય છે. પહેલા શિષ્યત્વ મૂંગું થઈ જાય છે, પછી સહજ રીતે વાતે વાતે થઈ જતાં ગુરુના ગુણાનુવાદ બંધ થઈ જાય છે. પહેલા શિષ્યત્વ પાંગળું બની જાય છે અને ગુરુભક્તિ માટે દોડાદોડી કરવાનું બંધ થઈ જાય છે. શિષ્યત્વ લૂલું બને છે ને ગુરુસમક્ષ હાથ જોડવાનું સૂઝતું નથી. શિષ્યત્વનું ચસ્કી જાય છે ને ગુરુ પાસે તર્ક-વિતર્કની સ્ફુરણા થાય છે, શિષ્યત્વ હાંફી જાય છે, ને પછી ગુરુની પાછળ પાછળ ચાલવું અઘરું પડી જાય છે. શિષ્યત્વનું હાર્ટફેઈલ થઈ જાય છે, ગુરુ પર ચોકડો લાગી જાય છે.

❑ સર્વનું સર્વ સહન કરે એને પ્રભુએ ભગવતીસૂત્રમાં સર્વઆરાધક કહ્યો છે. એ વ્યક્તિએ મોક્ષમાર્ગની સંપૂર્ણ આરાધના કરી છે, એવો પ્રભુનો આશય છે.

❑ નાનામાં નાની વ્યક્તિનું ય આપણે સાંભળી શકીએ એ આપણું સર્વોત્કૃષ્ટ પાંડિત્ય છે. ગુરુનું સાંભળવા માટે પણ આપણે હરગીઝ તૈયાર ન હોઈએ એ આપણી સર્વોત્કૃષ્ટ મૂર્ખતા છે.

❑ સહનશીલતા એ પાંડિત્યનું હાર્દ છે, આધાર છે, કવચ છે, જીવન છે, આત્મા છે, સ્વરૂપ છે.

❑ તમારામાં જેટલી સહનશીલતા છે, એટલી જ સમજદારી છે ને જેટલી અસહિષ્ણુતા છે, એટલી જ બેવકુફી છે.

❑ સહનશીલતાને બેવકુફી સમજવી એ હકીકતમાં સૌથી મોટી બેવકુફી છે.

❑ **खुड्डेहिं सह संसग्गिं** - ક્ષુદ્રનો સંગ ક્ષુદ્રતા વગર થઈ શકતો નથી, એ ક્ષુદ્રતાનું પરિણામ પણ છે, એ ક્ષુદ્રતાનું કારણ પણ છે, એ સ્વયં ક્ષુદ્રતા પણ છે.

❑ એના મિત્રો કેવા છે એ તમે મને કહી દો. એ કેવો છે એ હું તમને કહી દઈશ.

❑ હીણાતણો સંગ નવિ તજે, તેહનો ગુણ નવિ રહે ।
જિમ જલધિ જલમાં ભળ્યું, ગંગા નીર લૂણપણું લહે ॥

❑ **अंबस्स य नींबस्स य दोण्णि वि समागयाइं मूलाइं ।**
**संसग्गीए विणट्ठो अंबो नींबत्तणं पत्तो ॥ आवश्यकनिर्युक्ति ॥**

આંબો અને લીમડો - બંનેના મૂળિયા ભેગા થઈ ગયા. સંસર્ગથી આંબો વિનાશ પામ્યો ને કડવો બની ગયો.

❑ **संसर्गजा दोषगुणा भवन्ति** - સંસર્ગથી દોષ અને ગુણ થાય છે.

❑ **गुणाहियं वा गुणओ समं वा** - યા ગુણાધિક સાથે રહેવું, યા સમાનગુણી સાથે રહેવું. - દશવૈકાલિકસૂત્ર

❑ **एकं हि चक्षुरमलं सहजो विवेक-**
**स्तद्वद्भिरेव सह संवसतिर्द्वितीयम् ।**
**एतद्द्वयं भुवि न यस्य स तत्त्वतोऽन्ध-**
**स्तस्यापमार्गचलने ननु कोऽपराधः ? ॥ - आचारांगवृत्ति**

સહજ વિવેક એ એક નિર્મળ આંખ છે, અને સહજ વિવેકની સોબત એ બીજી નિર્મળ આંખ છે, એ બે જેની પાસે નથી, એ હકીકતમાં આંધળો છે, એ ખોટે રસ્તે ચાલે એમાં એનો શો ગુનો ?

❑ પાપીઓ વચ્ચે રહેવું એ શત્રુઓ સાથે રહેવા કરતાં ય વધારે ખરાબ છે, એ સાપના રાફડાઓ વચ્ચે રહેવા કરતાં ય વધુ ખતરનાક છે, એ સિંહની ગુંફામાં રહેવા કરતા પણ વધુ ભયાનક છે.

- ❑ જે હિરોઈનનું સ્થાન રેડ લાઈટ એરિયામાં હોવું જોઈએ, અને જે હિરોનું સ્થાન જેલના સળિયા પાછળ હોવું જોઈએ, એમને આદર્શ બનાવીને સતત એમના સંપર્કમાં રહેનારના જીવન ખાડે જાય એમાં શું આશ્ચર્ય છે ?
- ❑ આપણા ઘરનું કોઈ નિરીક્ષણ કરે, આપણી દીનચર્યા કોઈ જુએ, આપણે જેમના જેમના સંપર્કમાં આવીએ છીએ, એમને કોઈ જુએ તો એને ખ્યાલ આવી જાય કે આપણા મનની સ્થિતિ શું છે ?

* * * * *

॥ ૧-૧૦ ॥

- ❑ ચંડાળ જેવું કરવું અને ચંડાળ થવું - આ બંને એક જ વસ્તુ છે.
- ❑ **आचारः कुलमाख्याति, देशमाख्याति भाषितम् ।**
  **सम्भ्रमः स्नेहमाख्याति, वपुराख्याति भोजनम् ॥**
  આચાર કુળને જણાવે છે. દેશને કહે છે બોલી. ઉમળકો પ્રેમને જણાવે છે. શરીર કહે છે ભોજનને.
- ❑ **न जारजातस्य ललाटशृङ्गं, कुलप्रसूते च न पाणिपद्मम् ।**
  **यदा यदा मुञ्चति वाक्यबाणं, तदा तदा जातिकुलप्रमाणम् ॥**
  જારથી જન્મેલ હોય એના માથે શિંગડું નથી હોતું અને કુલીનના હાથ કમળ સ્વરૂપ પણ નથી હોતાં. પણ જ્યારે જ્યારે માણસ વચન-બાણ છોડે છે, ત્યારે એના જાતિ અને કુળનો પરિચય મળે છે.
- ❑ અબજોપતિને કરોડપતિ કહેવો એ પણ એમનું અપમાન હોય છે, સદ્ગુરુ માટે ઓછું બહુમાન હોય એ પણ એમનું અપમાન છે. સદ્ગુરુ માટે બહુમાન ન હોય એ એમનું હડહડતું અપમાન છે. સદ્ગુરુ માટે લેશ પણ અસદ્ભાવ હોય એ અપમાનની ચરમ સીમા છે. સદ્ગુરુ સમક્ષ જે ક્રોધાદિ ચંડાળકર્મ કરી શકે છે, એનું કર્મ પ્રાયશ્ચિત્તશોધનીય નથી. એ પ્રાયઃ અનંત સંસારી છે. માટે જ **દશવૈકાલિક સૂત્ર** કહે છે -

सिया न भिंदिज्ज व सत्तिअग्गं
ण यावि मोक्खो गुरुहीलणाए ।

ભાલાના તીક્ષ્ણ ભાગને મુક્કો મારવાથી ઘસરકો ય ન પડે એ હજી કદાચ શક્ય છે. પણ ગુરુની હીલના કરવા છતાં મોક્ષ થાય એ શક્ય નથી.

❑ ચાર પ્રકારના શિષ્ય હોય છે - (૧) **પેટ્રોલ જેવા** - ફટ્ દઈને સળગી ઉઠે. 'મને કેમ ચૌદશે ઉપવાસ કરવાની ના પાડો છો ? તમારે ન કરવો હોય તો અમને તો કરવા દો. અરે, ચૌદશે ઉપવાસ ન કરવાનું પ્રાયશ્ચિત્ત છે. આ જુઓ શાસ્ત્ર....' આવું કહેનાર શિષ્ય હકીકતમાં કશું સમજ્યા નથી. **પ્રશમરતિ**માં પૂ.ઉમાસ્વાતિ મહારાજ કહે છે -

गुर्वायत्ता यस्मात् शास्त्रारम्भा भवन्ति सर्वेऽपि ।
तस्माद् गुर्वाराधन-परेण हितकाङ्क्षिणा भाव्यम् ॥

સર્વ શાસ્ત્રારંભો ગુરુને આધીન હોય છે, માટે જે હિતેચ્છુ છે, એણે ગુરુની ઉપાસનામાં તત્પર બનવું જોઈએ.

જિનવાણી ગુરુથી ગાળીને પીવી જોઈએ. અળગણ પાણી અને અળગણ જિનવાણી - એ બંનેમાં જોખમ છે. દવાની બોટલ પર દિવસની બે ગોળી લેવાનું કહ્યું હોય, અને ડોક્ટર આપણને ચાર ગોળી લેવાનું કહે તો આપણે શું કરીએ ?

પેટ્રોલ જેવા જીવો હાઈલી ઈન્ફ્લેમેબલ હોય છે. જે યા સળગતા જ હોય છે, યા સળગી જવાની અણી પર હોય છે. એક કવિએ મજાની વાત કરી છે - **સાવ નાની વાતની કેવી અસર !**
**આપણામાં સતત રમખાણ છે.**

પેટ્રોલનો અર્થ છે બળવું ને બાળવું. એવા જીવો સ્વયં બળે છે, ગુરુને બાળીને અનંત અગ્નિસંસ્કારનું રિઝર્વેશન કરાવે છે.

**(૨) લાકડાં જેવા** - જેઓ તરત તો ન સળગી ઉઠે, પણ અમુક સમયે જ્વલનશીલતા ધારણ કરે, એવા શિષ્યો લાકડાં જેવા છે. ગુરુ

મળ્યા. ગુરુ ગમ્યા. ગુરુની ઉપાસના શરૂ કરી. થોડો સમય ગયો ને મોહરાજાએ તોફાન મચાવ્યું. અહં ઉછળ્યો. ગુરુનું અનુશાસન આકરું લાગ્યું. હવે ગુરુ કહે એ ગમતું નથી. હવે ગુરુ જ નથી ગમતાં. હવે અંદરથી વિરોધ ઉઠે છે. ને એમાં કંઈક નિમિત્ત મળે ને ધીમે ધીમે એ જીવ સળગી ઉઠે.

**સંવેગરંગશાળા** ગ્રંથમાં પૂ.જિનેશ્વરસૂરિ મહારાજ કહે છે -

**ता कज्जे णिब्भच्छिएहिं वि कुलवहुणाएण ।**
**एयस्स पायमूलं, आजीवंतं ण मोत्तव्वं ॥**

કોઈ પ્રયોજનથી ગુરુ ખખડાવી દે, તો ય એમના ચરણોની છાયાને આજીવન છોડવી ન જોઈએ. જેમ કે ખાનદાન નારી એના પતિને ત્યાગ કરતી નથી.

જે તૂટી જાય છે એ સાચું સમર્પણ જ હોતું નથી. જેના છૂટાછેડા થાય છે, તેના ખરા લગ્ન જ થયા હોતા નથી. લાકડા જેવા જીવો ગુરુની વિષમ ભવિતવ્યતાનો એક ભાગ હોય છે. એમની પરખ થાય, ત્યાં સુધીમાં મોડું થઈ ગયું હોય છે. દુકાનમાં ખરીદી વખતે સાચી પરખ થાય તો ગ્રાહક છેતરાતો નથી. પછી પરખ થાય તેમાં પરખનો આનંદ હોતો નથી, બલ્કે છેતરાઈ ગયાનો અહેસાસ હોય છે.

કેટલાંક શિષ્યો **આવ્યા** હોય છે. જેઓ સામે ચાલીને સદ્ગુરુની શરણાગતિ સ્વીકારે છે. કેટલાંક શિષ્યો **લાવ્યા** (લાવેલાં) હોય છે. જેમને સદ્ગુરુએ પ્રતિબોધ કરીને પ્રયાસપૂર્વક દીક્ષિત કર્યા હોય છે. કેટલાંક શિષ્યો **આવી ગયાં** હોય છે. જેમની બાબતમાં સદ્ગુરુ છેતરાઈ ગયા હોય છે. તમને ન ફાવતું શર્ટ તમે ફેંકી શકો છો. સદ્ગુરુ એ શિષ્યને પણ નિભાવી જાણે છે.

દત્ત નામના શિષ્યે વૃદ્ધાવાસમાં રહેલા સદ્ગુરુને શિથિલ માની એમની અવહેલના કરી, તો પણ સદ્ગુરુએ એના પર કરુણા વરસાવી હતી.

આવા શિષ્યે હું ફલાણા ગુરુનો શિષ્ય છે, એમ કહેવાનો બદલે હું એમનું કલંક છું - એમ કહેવું વધુ યોગ્ય હોય છે. **ઉપદેશમાલા**માં ધર્મદાસગણિ મહારાજે આ જ વાત કરી છે -

**रुसइ य चोइज्जंतो, वहइ हियएण अणुसयं भणिओ ।**
**ण य कम्हि करणिज्जे, गुरुस्स आलो ण सो सीसो ॥**

એને પ્રેરણા કરો ને એ રોષ કરે... એને કંઈ કહો ને એ હૈયામાં ગાંઠ વાળે... એ ગુરુનું કોઈ કર્તવ્ય-સેવા ય ન બજાવે... એ શિષ્ય નથી. એ ગુરુનું કલંક છે.

પૂ. મુનિસુંદરસૂરિ મહારાજાએ પ્રભુની સ્તુતિ કરતાં કહ્યું છે - **सन्तीश ! शिष्या न तु शुद्धशिष्याः ।** 'પ્રભુ ! મારી પાસે શિષ્યો તો છે, પણ શુદ્ધ શિષ્યો નથી.' શિષ્યોની અશુદ્ધતા ગુરુની વેદના હોય છે. સંસારનું ગણિત કહે છે - અશુદ્ધ શિષ્ય કરતાં ન શિષ્ય સારો.

પૂજ્ય નેમિસૂરિ મહારાજાના એક પરમ ભક્ત શ્રાવક હતાં. પૂજ્યશ્રીની નિશ્રામાં એમણે વિશિષ્ટ શાસનપ્રભાવક કાર્યો કર્યા હતાં. એક વાર એ ઉપાશ્રયમાં આવવા ગયા ને પૂજ્યશ્રીએ દરવાજો બંધ કરી દીધો, એમને ચાલ્યા જવા કહ્યું. ભક્તને ખૂબ માઠું લાગ્યું. પણ એ કરોડપતિની ય પૂજ્યશ્રીએ પરવા ન કરી. કારણ એ હતું કે એ ભક્તે પર્યુષણમાં પોતાની મિલો બંધ ન'તી રાખી. પૂજ્યશ્રીની વિવેકપ્રજ્ઞાએ એમાં પોતાનો ય સૂક્ષ્મ અવિનય જોયો હતો. તમે મારા ભક્ત હો, તમારા જીવનના ઠેકાણા ન હોય, તો તમારા ગુરુ તરીકે મને ગૌરવ થવું જોઈએ કે શરમ આવવી જોઈએ ? ગંધાતાં ચીથરાથી ભિખારીને ગર્વ થાય તો અશુદ્ધ શિષ્યોથી ગુરુને ગર્વ થાય.

ભસતા અને નહીં ભસતા બંને કૂતરાથી કરડી ખાય એવું જોખમ તો છે જ, પણ એક અપેક્ષાએ ભસતા કૂતરા સારા છે. તેમનાથી સાવધાન રહી શકાય છે. આ દૃષ્ટિએ જોઈએ તો લાકડા કરતા પેટ્રોલ

જેવા જીવો વધારે સારા છે. જ્વલનશીલતાની ઓછાશની અપેક્ષાએ પેટ્રોલ કરતાં લાકડા જેવા જીવો વધુ સારા છે.

**(૩) રેતી જેવા** - જેઓ જ્વલનશીલ પણ નથી અને સંવેદનશીલ પણ નથી. જેમને ગુરુનું માનવું પણ નથી ને ગુરુનો સામનો પણ નથી કરવો એવા જીવો રેતી જેવા છે. આવા જીવો જડ જેવા હોય છે. એમને ઉપદેશ આપવો એટલે પાણીનું વલોણું કરવું. **ઉપદેશમાલા** કહે છે -

**कम्माण बहुउवसमाणं, उवगच्छइ इमं सव्वं ।**
**कम्ममलचिक्कणाणं, वच्चइ पासेण भन्नंतं ॥**

ઘણા કર્મોના ઉપશમથી આ બધું સમજાય છે. પણ જેઓ ચીકણા કર્મોથી મેલા છે, એમને જે કહો એ બાજુમાંથી જતું રહે છે.

**मामा जंपह बहुयं जे बद्धा चिक्कणेहिं कम्मेहिं ।**
**सव्वेसिं तेसिं जायइ हिओवएसो महादोसो ॥**

જેઓ ચીકણા કર્મોથી બંધાયેલા છે, તેમને બહુ ઉપદેશ ન આપો. બધાંને હિતોપદેશ મહાદોષનું કારણ થાય છે.

રેતી બળતી નથી એટલું પૂરતું નથી, રેતીની ઉપયોગિતા પણ હોવી જોઈએ. રેતીની યોગ્યતા પણ હોવી જોઈએ. રેતી જેવા શિષ્ય પાછળની બધી જ મહેનત રેતીમાંથી તેલ કાઢવા જેવી હોય છે. જેમાં આયાસ છે, પરિશ્રમ છે, પરિણામ નથી.

સદ્ગુરુને શિષ્ય ફરિયાદ કરે છે - 'આપે મને કાંઈ જ શીખવ્યું નથી.' સદ્ગુરુ સ્મિત કરીને કહે છે - 'હું તને પહેલાથી કહેતો આવ્યો છું - તું મર... તું મર... પણ તું મરતો નથી તો હું શું કરું ?'

**મરો મરો હે જોગી**
**મરણ હૈ મીઠો**
**જિન મરણ ગોરખ મરે**

અહંનું મૃત્યુ એ શિષ્યત્વનો જન્મ છે. અહંનો જન્મ એ શિષ્યત્વનું મૃત્યુ છે. જ્યાં સુધી શિષ્યત્વનો જન્મ જ નથી થયો, ત્યાં સુધી ગુરુ કરે શું ? જેમ શૂન્યનું કશું જ થઈ શકતું નથી, એમ અહં-નું પણ કશું જ થઈ શકતું નથી. અહં-નો અર્થ છે બહેરાશ. અહં-નો અર્થ છે બેભાની. અહં-નો અર્થ છે કોમા. અહં-નો અર્થ છે રોંગનંબર.

**(૪) ચંદનરસ જેવા** - જેના ખુદના સળગવાનો તો પ્રશ્ન જ નથી, સામેની વ્યક્તિને ય જે ઠારી દે, એનું નામ ચંદનરસ. પંથક મુનિ, ગોરખ સંન્યાસી વગેરે શિષ્યો ચંદનરસ જેવા હોય છે.

**अणुवत्तगा विणीया बहुक्खमा णिच्चभत्तिमंता य ।**
**गुरुकुलवासी अमुइ धन्ना सीसा इह सुसीला ।। उपदेशमाला ।।**

અનુવર્તક, વિનીત, ખૂબ જ સહનશીલ, નિત્ય ભક્તિમંત ગુરુકુલવાસી અને અત્યાગી (ગુરુનો ત્યાગ નહીં કરનાર) એવા સુશીલ શિષ્યો ધન્ય હોય છે.

ગૃહસ્થ જીવનમાં સુપત્ની અને સંયમજીવનમાં સુશિષ્ય આ બંને શાંતિ અને શાતા આપનારા થાય છે. કુપત્ની અને કુશિષ્ય એ ઝેરનું બીજું નામ છે. ચંદનરસ જેવા શિષ્યો સુશિષ્ય હોય છે. ગુરુ એમનું સર્વસ્વ હોય છે. ગુરુ જે કહે એ એમના માટે ઈચ્છિત હોય છે. ગુરુની દરેક આજ્ઞા એમના માટે પ્રતીચ્છિત હોય છે. **શિવોપનિષદ્** કહે છે -

**गुरोर्न खण्ड्येदाज्ञा-मपि प्राणान् परित्यजेत् ।**
**कृत्वाऽऽज्ञां प्राप्नुयान् मुक्तिं खण्डनान्नरकं व्रजेत् ।।**

જરૂર પડે તો પ્રાણ છોડી દેવા, પણ ગુરુના આજ્ઞાનું ખંડન ન કરવું, ગુર્વાજ્ઞાનું પાલન કરીને મોક્ષ મળે છે, ગુર્વાજ્ઞાનું ખંડન કરવાથી નરક મળે છે.

પૂ. રામચન્દ્રસૂરિ મહારાજે અજયપાળ રાજાના મરણાંત કષ્ટને સ્વીકારી લીધું હતું, પણ ગુર્વાજ્ઞાનો ભંગ કરવાનું કબૂલ્યું ન હતું. ચંદનરસ જેવા શિષ્યો માટે મરી જવું સહેલું હોય છે. ગુરુની આજ્ઞાનો

ભંગ કરવો અઘરો હોય છે. નાના પણ કષ્ટ ખાતર જે ગુર્વાજ્ઞાનો ભંગ કરી શકે છે. નાના પણ સુખ ખાતર જે ગુર્વાજ્ઞાને ગૌણ કરી શકે છે. એ હકીકતમાં શિષ્ય જ નથી. ગુરુ એના માટે ગુરુ જ નથી. ગુર્વાજ્ઞા એના માટે ફતવો છે. વાક્યમાત્ર છે. મજાકમાત્ર છે.

કષાયોની ઉપશાન્તિ વિના ચંદનરસ બનવું શક્ય નથી. ઉપશાંતકષાયી અને સુશિષ્ય આ બંને પણ સમાનાર્થી શબ્દો છે. ઉત્કટકષાયી અને કુશિષ્ય આ બંને પણ સમાનાર્થી શબ્દો છે. અતિ ભારેકર્મી જીવ સાધના ક્ષેત્રમાં આવી જાય, એ હકીકતમાં ભૂલા પડવાની ઘટના હોય છે. અતિ હળુકર્મી જીવ સંસારમાં ફસાઈ ગયો હોય એ પણ હકીકતમાં ભૂલા પડવાની ઘટના હોય છે. આ બે ઘટનાઓ કથામૂળ હોય છે. આ રીતે કોઈ કથા બનતી હોય છે. નહીં તો સહજ ભવભ્રમણ હોય છે કે સહજ મોક્ષગમન હોય છે. કથા નથી હોતી.

* * * * *

॥ ૧-૧૧ ॥

- ❑ ગુરુથી સારી વાત છુપાવવી ન જોઈએ. ગુરુ પાસે સારી વાતનો ય આગ્રહ ન રાખવો જોઈએ. ગુરુથી વધુ સારા અને સમજદાર હોવાનો ભ્રમ ન રાખવો જોઈએ. સારી વાત માટે ય ગુરુથી છુટ્ટા ન પડવું જોઈએ.

- ❑ **कृतं तत्सुकृतेनापि गुर्वाज्ञा यत्र लङ्घ्यते ।**

  તે સુકૃત પણ આપણા આત્મા માટે અહિતકર છે, જ્યાં ગુર્વાજ્ઞાનું ઉલ્લંઘન કરવામાં આવે છે.

- ❑ ગુરુ સમક્ષ ખોટું બોલવું એ આપણા પુણ્યધનને ખોટું કરવાનો માર્ગ છે. સોનું કોલસો થઈ જાય ત્યારે એ ખોટું થઈ જાય છે. નોટબંધી થાય એટલે નોટો ખોટી થઈ જાય છે. એ રીતે ગુરુને છેતરવાથી પુણ્ય ખોટું થઈ જાય છે.

❑ **हरौ रुष्टे गुरुस्त्राता गुरौ रुष्टे न कोऽपि हि ॥ शांडिल्यसंहिता ॥**
હરિ રુઠશે તો ગુરુ બચાવશે પણ ગુરુ રુઠશે તો કોઈ નહીં બચાવે.

❑ ગુરુનો અર્થ છે છેલ્લો ચાન્સ. તમે ત્યાં ય સીધા ન રહી શકો, એટલે તમે ગયા. હવે તમને બચાવવા શક્ય જ નથી.

❑ સાપ બધે વાંકો ચાલે છે, પણ દરમાં સીધો જાય છે. આ સીધાપણાનું ફળ એને ઘર-રૂપે મળે છે. જો સાપ ત્યાં ય વાંકો ચાલવા જાય, તો એ બેઘર થઈ જાય. ગુરુ આગળ પણ વાંકા ચાલનારા જીવો હકીકતમાં બેઘર હોય છે. થાક ઉતારવાની જગ્યાને ઘર કહેવાય છે. હાંફમાંથી હાશમાં લઈ જાય એને ઘર કહેવાય છે. તડકો જાય ને શીતળ છાયો મળે એને ઘર કહેવાય છે. ગુરુ આગળ પણ માયા-મૃષા કરે તેનો ભવભ્રમણનો થાક કદી ઉતરતો નથી, એ હેં હેં ફેં ફેં થઈને ય ભવમાં ભટકતા રહે છે. એમનો સાંસારિક સંતાપ શાશ્વત બની જાય છે.

❑ કમ સે કમ ગુરુ પાસે સીધા ચાલો. સરળ બનો. પારદર્શક બનો. બાળક બનો. સાચા બનો. અહીં નાટક કરનારના ભવમંડપના નાટકનો અંત આવતો નથી.

❑ બહુ ઓવર-સ્માર્ટ થઈને ય, બહુ હોંશિયાર થઈને ય, વ્યવહાર તો સરળ તરીકે જ કરવાનો હોય છે. તો આ રીતે કપટી માણસ બે રીતે હેરાન થાય છે. પહેલા સચ્ચાઈથી માયા સુધી જઈને દુઃખી થાય છે ને બીજી વાર મનમાં કપટ રમતું હોવા છતાં માયાથી સચ્ચાઈ પર આવીને હેરાન થાય છે. **वञ्चयन्ते स्वमेव हि** - કપટી હકીકતમાં પોતાની સાથે જ કપટ કરે છે. આ યોગશાસ્ત્રના શબ્દોની સાબિતી દરેક કપટી પોતે જ છે.

* * * * *

॥ ૧-૧૨॥

❑ ચાર પ્રકારના શિષ્યો હોય છે - વાછરડા જેવા, ગાય જેવા, ગળિયા

બળદ જેવા, આખલા જેવા. વાછરડામાં સમર્પણની પ્રધાનતા છે, ગાયમાં કૃતજ્ઞતા, ગળિયા બળદમાં આળસ અને આખલામાં શત્રુતાની પ્રધાનતા હોય છે.

- **જેહથી મારગ પામીયો, તેહની સામે થાય ।**
  **કૃતઘ્ની તે પાપીયો, નિશ્ચે નરકે જાય ॥**

- **बब्बूलवत्तुदन्त्येके, वप्तारमपि कण्टकैः ।**
  **सुरभीयन्ति छेत्तारं, केचिच्चन्दनवत् पुनः ॥**
  બાવળની જેમ કેટલાંક જીવો વાવનારને પણ કાંટાઓથી વીંધે છે. કેટલાંક જીવો ચંદનની જેમ છેદનારને પણ સુવાસિત કરે છે.

- ગુરુએ કહેવું પડે એ શરમની વાત હોય છે. ગુરુએ બીજી વાર કહેવું પડે એ બેશરમીની વાત હોય છે.

- મૌન સંતુષ્ટ ગુરુ એ સુશિષ્યનું ઓળખચિહ્ન છે. સતત સારણાદિ કરતાં ઉચાટમય ગુરુ એ કુશિષ્યનું ઓળખચિહ્ન છે.

- અસમર્પિત શિષ્ય ભારે બોજો છે, જે કહેવા છતાં નથી કરતો. અલ્પ-સમર્પિત શિષ્ય હળવો બોજો છે, જે કહ્યા પછી કરે છે. સમર્પિત શિષ્ય શૂન્ય બોજો છે, જે વગર કહ્યે કરે છે. પૂર્ણસમર્પિત શિષ્ય બોજો જ નથી હોતો. બલ્કે ગુરુનો વાહક હોય છે. અનાર્ય દેશમાં જન્મેલા ગુરુને સુશિષ્યોએ અપંગ દશામાં ય દીક્ષા આપી આજીવન તેમને ખભે લઈ ફેરવ્યા હતા.

  ભારે બોજાથી વાહક સુધીના પર્યાયોનો અર્થ જ મોક્ષયાત્રા છે.

- વચન એ આયાસ છે. પરિશ્રમ છે. 'જરા ઉપર જઈને મારી પેલી વસ્તુ આપો ને ?' - આવું જો ગુરુને ન કહેવાય, ગુરુને એવો પરિશ્રમ આપવાનું વિચારી પણ ન શકાય, તો પછી ગુરુને વારંવાર કહેવું પડે એવો પરિશ્રમ એમને શી રીતે આપી શકાય ? તમે ગુરુ થશો ત્યારે ખ્યાલ આવશે, કે કાંઈ કરવા કરતાં કાંઈ બોલવાનો પરિશ્રમ વધારે હોય છે.

❑ ગુરુના ઈશારાને ન સમજી શકે એની બધી જ સમજ ધૂળ બરાબર છે.

❑ રાજા પાસે ત્રણ સેવક આવે છે. પહેલાને કાંઈ આદેશ કરાય એટલે પહેલાં તો એ હેં હેં કહીને માથું દુઃખાડી દે. પછી એને મોટેથી કહેવું પડે. એ સાંભળે પણ સમજે નહીં. એને જમતાં જમતાં કહ્યું હોય – સૈન્ધવ આપ. તો એ મીઠાંની બદલે ઘોડો લઈ આવે. (સિન્ધુ દેશનું મીઠું ને સિન્ધ દેશનો ઘોડો એ બંનેને સૈન્ધવ કહેવાય છે.) એને રાજમહેલના દરવાજે જઈને કહ્યું હોય, સૈન્ધવ લાવ. તો એ ઘોડાને બદલે મીઠું લઈ આવે. છેવટે રાજાએ એને વિદાય આપી.

બીજા સેવકને જે કહો તે કરે, પણ એને કહેવું તો પડે જ. કીધાં વિના એ કશું ન કરે. ત્રીજો સેવક જાતે જ સમજીને રાજાનું જે કાર્ય હોય તે કરી દે. એને કાંઈ કહેવાની જરૂર ન પડે, રાજાએ બીજા સેવકને પણ વિદાય આપી અને ત્રીજા સેવકને રાખી લીધો.

❑ પૂ.ગચ્છાધિપતિશ્રીએ મને દીક્ષાનું મુહૂર્ત આપીને પૂછેલ, 'દીક્ષા લઈને શું કરીશ ?' મેં કહેલ, 'ગુરુ મહારાજ કહે તે.' પૂજ્યશ્રીએ કહ્યું, 'જે કહે તે કરવાનું કે જે ગુરુની ઈચ્છા હોય તે કરવાનું ?' મેં કહ્યું, 'એ ખબર પડે નહીં તો ?' પૂજ્યશ્રી બોલ્યા, 'એવું ધ્યેય હોય, તો એવો ક્ષયોપશમ જાગે.'

❑ મારા ગુરુની ઈચ્છા હું પૂરી કરું – આવા ધ્યેયથી વધુ સારું ધ્યેય બીજું કયું હોઈ શકે ? સામાચારીપ્રકરણમાં મહોપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજ કહે છે કે ''મારા ગુરુએ આ કરવાનું કહ્યું છે – આટલી વાત પણ શ્રદ્ધાળુ શિષ્યના ભાવની વૃદ્ધિ કરવા માટે પૂરતી છે.'' ગુરુને ફરી ફરી કહેવું પડે એ શિષ્યના ફરી ફરી ભવભ્રમણનું લક્ષણ છે.

* * * * *

॥ ૧-૧૩ ॥

❑ સાંભળે નહીં, બોલવામાં લગામ નહીં અને આચારના ઠેકાણાં નહીં,

આવા શિષ્યો ગુરુને ડહોળે છે, ગુરુનો પ્રકૃતિવિકાર (સ્વભાવપરિવર્તન) સર્જે છે અને કોમળ ગુરુને પણ કઠોર બનાવી દે છે.

❑ ગુરુચિત્તાનુગામી, તરત જ આજ્ઞાપાલન કરનારા શિષ્યો ક્રોધી ગુરુને પણ તરત જ પ્રસન્ન કરે છે.

❑ ચાર પ્રકારના શિષ્યો હોય છે - (૧) માથું દુઃખાડનારા (૩) માથું દબાવનારા (૩) માથું દુઃખાડીને દબાવનારા (૪) માથું દબાવીને દુઃખાડનારા.

ગુરુને પ્રતિકૂળ કરનારા શિષ્યો માથું દુઃખાડનારા હોય છે. ગુરુને અનુકૂળ કરનારા શિષ્યો માથું દબાવનારા હોય છે. ગુરુને હેરાન કરીને પછી એમની સેવા કરનારા શિષ્યો માથું દુઃખાડીને દબાવનારા હોય છે. ગુરુની સેવા કરીને પછી એમને હેરાન કરનારા શિષ્યો માથું દબાવીને દુઃખાડનારા હોય છે.

❑ સદ્ગુરુને શિષ્ય પૂછે છે - ‘‘હું સ્વાધ્યાય કરું ?’’ સદ્ગુરુ કહે છે - ‘‘અત્યારે આ કામ આવ્યું છે, તો તને ત્યાં જવું ફાવશે ?’’ શિષ્યનો ચહેરો ઉતરી જાય છે, ‘‘ના, મારે તો સ્વાધ્યાય કરવો છે.’’ સદ્ગુરુ કહે છે, ‘‘તારા સિવાય કોઈને આ કામ અપાય તેમ નથી. તું જઈ આવે તો સારું.’’ શિષ્ય કહે છે - ‘‘પછી જાઉં તો નહીં ચાલે ? અત્યારે મારે સ્વાધ્યાય...’’

‘‘હું સ્વાધ્યાય કરું ?’’ આ પ્રશ્નનો અર્થ શું છે ? આ પ્રશ્નનો શુદ્ધ અર્થ એ છે કે આપ હા કહો કે ના કહો, એ બંનેનો મારે સ્વીકાર છે. આપ આપને ઉચિત લાગે એ જવાબ આપવા માટે સ્વતંત્ર છો, આપના આદેશનું પાલન કરવા માટે હું પરતંત્ર છું.

પ્રશ્ન પૂછ્યા પછી ઉત્તરને નકારવો એ એ સાબિત કરે છે કે આપણો પ્રશ્ન એ નાટક હતું. ગુરુએ કોઈ નિર્ણય કરવાનો ન હતો, પણ આપણી ફેવર કરવાની હતી. ગુરુએ કોઈ આદેશ ન’તો કરવાનો પણ આપણી વાત પર એમની મહોર લગાવી દેવાની હતી.

|| ૧-૧૪ ||

- બોલવામાં લગામ ન હોય, એ વોકલ ડાયેરિયાની સ્થિતિ હોય છે. ડાયેરિયા બંધ ન થાય તો કદાચ એક વ્યક્તિ હેરાન થાય છે. વોકલ ડાયેરિયામાં બધાં હેરાન થાય છે.
- બોલીને આપણે જે મહાનતાને સાબિત કરવી હોય છે, તે હકીકતમાં બોલ્યા વિના સાબિત થઈ શકે તેમ હોય છે. બોલ બોલ કરવા દ્વારા હકીકતમાં આપણે ઊંધી સાબિતી આપતા હોઈએ છીએ.
- તમારા દોષ સફળ થઈ જાય, એના કરતાં તમે સફળ થાઓ, એ વધારે સારું છે. તમે મરી જાઓ એના કરતાં તમારા દોષો મરી જાય એ વધારે સારું છે.
- **જે તમે નથી, જે તમારું સ્વરૂપ નથી, જેનાથી તમને ૧૦૦% નુકશાન છે એ છે દોષો. એમની સાથે શા માટે આત્મીયતા રાખવી ? જરા દાંત કચકચાવો, આંખો લાલ કરો, ને ફાડી નાંખો એમની સાથેનો છેડો. દોષોની લાયકાત પણ આ જ છે, ને એમના પ્રત્યેનું ઔચિત્ય પણ આ જ છે.**
- દોષોની સફળતા એ તમારી નિષ્ફળતા છે.
  દોષોની નિષ્ફળતા એ તમારી સફળતા છે.
- ક્રોધને નિષ્ફળ કરવાનો અર્થ છે ક્રોધને અનુરૂપ ચેષ્ટા ન કરવી. માનાદિ કષાયોનું આ ઉપલક્ષણ છે. કષાયોને પ્રતિપક્ષ ચાલવું એ જ આત્માર્થીની ખરી ચાલ છે.
- **किं सक्का वोत्तुं जे सरागधम्मम्मि कोइ अकसाओ ।**
  **संते वि जो कसाए णिगिण्हइ सो वि तत्तुल्लो ।। उपदेशमाला ।।**

  સરાગધર્મમાં કોઈ અકષાય હોય, એવું તો ક્યાંથી કહી શકાય ? પણ હાજર - સત્તાગત કષાયોનો પણ જે નિગ્રહ કરે છે, તે પણ અકષાય-તુલ્ય છે = વીતરાગતુલ્ય છે.

❑ તું તને સત્ય કર. તું તને સાર્થક કર. તું તને સફળ કર. ક્રોધને સત્ય-સાર્થક-સફળ કરવા જતાં તું જૂઠો-વ્યર્થ-નિષ્ફળ થઈ જઈશ.

❑ **कोहो पीइं पणासेइ ।** - આનંદની અંતિમયાત્રા એટલે ક્રોધ.

- દશવૈકાલિક સૂત્ર

❑ **चत्तारि एए कसिणा कसाया सिंचंति मूलाइं पुणब्भवस्स ॥**
ચારે કષાયો એટલે ભવવૃક્ષના મૂળમાં સિંચન. શત્રુનું પુષ્ટીકરણ.

- દશવૈકાલિક સૂત્ર

❑ **क्रोधः परितापकरः ।** - તમને બધી બાજુથી દઝાડનાર આગ એટલે ક્રોધ. - પ્રશમરતિ

❑ જ્યાં સુધી તમારું મગજ નથી ગયું, ત્યાં સુધી કશું નથી ગયું.

❑ **जेणाभिभूओ जहइ उ धम्मं, विद्धंसइ जेण कयं तु पुण्णं ।**
**स तिव्ववेरी परमप्पमाओ, कोहो महारायणिरुंभियव्वो ॥**
મહારાજ ! તમે એને વશ થાઓ એટલે ધર્મ છૂટી જશે. તમે કરેલું બધું જ પુણ્ય એનાથી નષ્ટ થઈ જશે, એ છે તીવ્ર વેરી, એ છે પરમ પ્રમાદ, એનું નામ છે ક્રોધ. એને તમારે જીતવો જ રહ્યો.

- ઋષિભાષિતસૂત્ર

❑ **हन्तव्यः क्षमया क्रोधो, मानो मार्दवयोगतः ।**
**माया चार्जवभावेन लोभः सन्तोषपोषतः ॥**
**ક્ષમાથી મારજો ક્રોધને, મૃદુતાથી અભિમાન ।**
**ઋજુભાવે છળને હણો, સંતોષે લોભ-તાન ॥** - યોગસાર

❑ **कोहणिग्गहेणं भंते जीवे किं जणयइ ? खंतिं जणयइ,**
**तप्पच्चइयं च कम्मं ण बंधइ, पुव्वबद्धं च णिज्जरइ ।**
ભગવંત ! ક્રોધનિગ્રહથી જીવને શું ફળ મળે છે ? ક્ષમા મળે છે. ક્રોધ કરવાથી જે કર્મ બંધાવાનું હતું, તે બંધાતું નથી, જે પૂર્વબદ્ધ કર્મ હતું, તેની નિર્જરા થઈ જાય છે. - ઉત્તરાધ્યયનસૂત્ર (ગુણોનું ઉત્પાદન અને દોષોનું ઉચ્ચાટન - આ જ આ જીવનનું કર્તવ્ય છે.)

- **जे वेयइ ते बंधइ ।** - જેને વેદે તેને બાંધે. આ મોહનીયનું ચક્ર છે. આ ભવ આ ચક્રને ભમાડવા માટે નથી, આ ચક્રને તોડવા માટે છે.
- ઉદય પ્રાપ્ત કષાય-નોકષાયોને ભૂખે મારવા એ નિશ્ચય ઉપવાસ છે. જેમાં તમે ભૂખ્યા રહો એ વ્યવહાર ઉપવાસ છે. જેમાં તમારા દોષો ભૂખ્યા રહે એ નિશ્ચય ઉપવાસ છે.
- કષાયોને અનુલક્ષી પ્રવૃત્તિથી આત્મા ભૂખ્યો રહે છે. કષાયોની પ્રતિપક્ષી પ્રવૃત્તિથી મોહ ભૂખ્યો રહે છે. જે ભૂખ્યો રહેશે, તે મરશે. કષાયોનું પોષણ એ આત્માનું શોષણ છે. કષાયોનું શોષણ એ આત્માનું પોષણ છે.
- **આત્મન્ ! તું જ કુંભાર છે. માટી પણ તું જ. ચાકડો પણ તું જ. ઘાટ પણ તું જ ને ઘડામણ પણ તું જ. પાત્ર પણ તું જ. પેય પણ તું જ. પીનાર પણ તું જ. પ્રતિક્ષણ સર્જન ચાલું છે. તું જો બેધ્યાન રહ્યો તો બેહુદું સર્જન થશે. તું જો સાવધાન રહીશ, તો સરસ સર્જન થશે. જે થશે એને તારે જ ભોગવવાનું છે.**
- **હું લખતો હોઉં, ત્યારે મારી અપેક્ષા છે કે મારો હાથ કોઈ હલાવે નહીં. મારું લખાણ બગડવું ન જોઈએ. એવી મને અપેક્ષા છે. બીજા સમયે મારો હાથ કોઈ હલાવે તો વાંધો નહીં. એવી મારી ધારણા છે. ત્યારે કશું બગડતું નથી, એવી મારી માન્યતા છે. પણ મને ખબર નથી, કે લખાણ તો સતત ચાલુ ને ચાલુ જ છે. જે પળે હું વિક્ષિપ્ત થાઉં છું, એ પળે લખાણ બગડે જ છે.**

  **હું બીજું કંઈ લખું કે ન લખું, હું મને તો સતત લખતો જ હોઉં છું. समयं गोयम ! मा पमायए - પ્રભુની આ ચેતવણીનું ખરું કારણ આ જ છે.**
- ફક્ત ફોટો પડાવતી વખતે પ્રેમાળ, માયાળુ, પ્રસન્ન ચહેરો કરે, તે વ્યક્તિને ખબર નથી, કે ફોટો તો સતત પડી રહ્યો છે. ફક્ત ક્લીક વખતેનું પરિવર્તન એ હકીકતમાં ગેરવર્તન છે. કપટ છે.

- ❑ આત્માની ભીતરમાં દોષોનો કાટમાળ ખડકીને પછી પોતાના માલ-સામાન તરીકે ગુણોની નોંધણી કરાવવી - એવી સારી છાપ પાડવાના પ્રયાસની ઘટના છે.
- ❑ **કોઈને મળીને હું સારી છાપ પાડવાનો પ્રયાસ કરું છું. એટલા સમય પૂરતો શિષ્ટ અને સૌજન્યશીલ બનવા જાઉં છું, તો હકીકતમાં હું મૂર્ખ બનું છું. કારણ કે છાપ તો સતત પડી રહી છે.**
- ❑ 'તમે CCTV કેમેરા હેઠળ છો' - આ વાંચીને આપણે ડાહ્યા થઈ જઈએ છીએ - કે આપણી નોંધ લેવાઈ રહી છે. પણ નોંધ તો હકીકતમાં સતત લેવાઈ રહી છે.
- ❑ મોહ જન્મે તો એના ભોજનની વ્યવસ્થા ન કરો. એની ઈચ્છા પૂરી ન કરો. એ મરી જશે.
- ❑ **धारेज्जा पियमप्पियं** - તું પ્રિય-અપ્રિયનું સ્વરૂપથી અવધારણ કરજે, પણ એમાં રાગ-દ્વેષ ન કરતો.
- ❑ **पियमप्पियं सव्वं तितिक्खएज्जा** - તું પ્રિય-અપ્રિય બધું જ સહન કરજે.
  - ઉત્તરાધ્યયનસૂત્ર
- ❑ અપ્રિયને સહન કરવું અઘરું છે. પ્રિયને સહન કરવું એનાથી પણ અઘરું છે. અનુકૂળતા જેવી પ્રતિકૂળતા બીજી કોઈ જ હોતી નથી. કર્મોદયથી આવેલું સુખ એ હકીકતમાં આપણા આત્માની છેતરપિંડી હોય છે. **સૂત્રકૃતાંગ આગમ** કહે છે -

  **णीवारे व ण लीयेज्जा ।**

  ભૂંડને પકડવા શિકારીઓ અનાજ નાંખે એના જેવું દરેક સુખ હોય છે. એ હકીકતમાં તને મારી નાંખવા માટે બિછાવેલી જાળ સિવાય બીજું કશું જ નથી.
- ❑ **इष्टं च मे स्यादितरच्च न स्या-देतत्कृते कर्मविधिः प्रवृत्तः ।**
  **इष्टं चानिष्टं च न मां भजेते-त्येतत्कृते ज्ञानविधिः प्रवृत्तः ॥**

મારું ઈષ્ટ થાઓ અને અનિષ્ટ ન થાઓ, આના માટે કર્મવિધિ પ્રવૃત્ત થયો છે. ઈષ્ટ અને અનિષ્ટ મને ન હો - આના માટે જ્ઞાનવિધિ પ્રવૃત્ત થયો છે.

❑ સ્વરૂપ-અવધારણ એટલે તત્ત્વવિનિશ્ચય. પ્રિયાપ્રિયત્વ એ કલ્પના હોય છે. સારું-ખરાબપણું એ કલ્પના હોય છે. સ્વરૂપ એ ફક્ત સ્વરૂપ છે. શુદ્ધ સ્વરૂપ. એ સિવાય કશું જ નહીં.

❑ **धारेज्ञा पियमप्पियं** - નો તાત્પર્યાર્થ એ છે, કે તું તારી કલ્પનાઓને કાબુમાં રાખજે. ગુલાબજાંબુ સારા છે આમ કહેવાનો અર્થ એ છે કે ઘોડો એ ગાય છે. ઘોડામાં ગાયપણું એ જેમ કલ્પના સિવાય કશું જ નથી, બરાબર એ જ રીતે ગુલાબજાંબુમાં સારાપણું એ પણ કલ્પના સિવાય બીજું કશું જ નથી.

❑ **अविद्यमाना याऽविद्या तया विश्वं खिलीकृतम् ॥ उपनिषदो ॥**

જે 'અવિદ્યા' છે જ નહીં = અસત્ છે, તેણે આખી દુનિયાને હેરાન કરી દીધી છે.

❑ **स्वप्रयोजनसंसिद्धिः स्वायत्ता भासते यदा ।**
**बहिरर्थेषु सङ्कल्प-समुत्थानं तदा हतम् ॥**

પોતાના પ્રયોજનની સિદ્ધિ જ્યારે પોતાને સ્વાધીન જ લાગે છે. ત્યારે બાહ્ય વસ્તુઓમાં વિકલ્પો ઉઠતા બંધ થઈ જાય છે. - **અધ્યાત્મસાર**

*　*　*　*　*

॥ ૧-૧૫ ॥

❑ જેના દમાવાથી આત્મહિત થઈ શકે, એને જ દમવો જોઈએ, ને એ હકીકતમાં આત્મા સિવાય બીજું કશું જ નથી.

❑ **एगऽप्पा अजिए सत्तू ।** - ન જીતાયો તો આ આત્મા જ આપણો શત્રુ છે. - ઉત્તરાધ્યયનસૂત્ર

- नियन्त्रणा या चरणेऽत्र तिर्यक्-
  स्त्रीगर्भकुम्भीनरकेषु या च ।
  तयोर्मिथः सप्रतिपक्षभावाद्,
  विशेषदृष्ट्याऽन्यतरद् जहीहि ॥ - अध्यात्मकल्पद्रुम

  ચારિત્રમાં જે નિયંત્રણા છે, ને તિર્યંચગતિમાં, સ્ત્રીના ગર્ભવાસમાં અને કુંભી વગેરે દ્વારા નરકમાં જે નિયંત્રણા છે. તે બંનેમાં પરસ્પર પ્રતિપક્ષ-ભાવ છે. માટે તું વિશેષ દૃષ્ટિથી તેમાંથી એકને છોડી દે.

- **આત્મરાગની ભૂમિકામાં જેવી પણ છે પોતાની જાત ગમે છે. આત્મપક્ષની ભૂમિકામાં એનો પક્ષપાત છે. આત્મકર્ષની ભૂમિકા એની ખેંચતાણની છે. આત્મત્યાગની ભૂમિકા એને વોસિરાવવાની છે.**

- જાત સાથે ઝગડો. જાત સાથે તડાફડી કરો. જાતને ધીબેડી નાંખો. જાતને ઝાટકી નાંખો. જાતને ખંખેરી નાંખો. અપ્પાણં વોસિરામિનું હાર્દ આ જ છે.

- **સ્વાભાવિક આત્મસ્વરૂપ એટલે સિદ્ધાવસ્થા. વૈભાવિક આત્મસ્વરૂપ એટલે સંસારીઅવસ્થા. જેમાં દોષમિશ્રિત હું / દોષમય હું / એ આત્મા હોય છે. વૈભાવિક આત્મસ્વરૂપ છૂટે તો સ્વાભાવિક આત્મસ્વરૂપ મળે. વૈભાવિક છોડવું નહીં, ને સ્વાભાવિકના સપનાં જોવા. એ હકીકતમાં આત્મવંચના છે. જિનશાસનના પ્રત્યેક પચ્ચકખાણમાં અપ્પાણં વોસિરામિ - આ પદ હોય છે. તેનું તાત્પર્ય આ જ છે, વૈભાવિક 'હું'ને ખંખેરી દેવું.**

- યુવાનનો અકસ્માત થયો છે. અડધા પગમાં પોઈઝન થઈ ગયું છે. એટલો પગ ન કપાવે તો બધું જ જાય એમ છે. યુવાન ધમપછાડા કરે છે. વિરોધ કરે છે. ના, હું મારો પગ કપાવા નહીં દઉં. ડોક્ટર કહે છે - એ તારો પગ નથી. એ સડો છે. તારા શરીરમાં ફેલાઈ જશે, ને તું મરી જઈશ. આટલો પગ કાપવા દે, તું બચી જઈશ.

યુવાન હબક ખાઈ જાય છે. વર્ષોનો સંબંધ, જન્મથી સાથી... બધે સાથે ને સાથે - એને શી રીતે હું... ?

અપ્પાણં વોસિરામિ - આનો તાત્પર્યાર્થ એ ડોક્ટરની સલાહ જેવો છે. અનાદિના દોષો, ભવોભવના સાથી, જાતે પાળેલ-પોષેલ, સતત સાથે, વૈભાવિક પણ સ્વરૂપનો દરજ્જો પામેલા એમને શી રીતે... ?

યુવાનને ધીમે ધીમે સત્ય સમજાય છે. 'મારું' આટલા મુદ્દે લોભાવા જેવું નથી. ન જ છોડું-આવો આગ્રહ કરવા જેવો નથી, 'મારું' - એ પૂરતું કારણ નથી. ખરો સવાલ તો 'મારું હિત' - નો છે. જો 'મારું' મારા હિતની વિરુદ્ધ જતું હોય, તો એને એક ઝાટકે કાપી નાંખવા જેવું છે.

**સમગ્ર જિનવચનની પરિણતિનું હાર્દ અપ્પાણં વોસિરામિ - ની પરિણતિ છે. આપણે જ્યારે એની સાથે સમ્મત થઈએ છીએ, ત્યારે હકીકતમાં આપણે આપણા હિત સાથે સમ્મત થઈએ છીએ.**

અપ્પાણં વોસિરામિ - આ પરાકાષ્ઠાનો ત્યાગ છે. અબજો રૂપિયાના ત્યાગ કરતા ય મહાન ત્યાગ. જ્યાં 'સ્વ' સુદ્ધાનો ત્યાગ છે, ત્યાં સ્વકીયનો અવકાશ જ ક્યાં રહેશે ?

**એક પણ દોષનું ગ્રહણ એ નિશ્ચય ચોરી છે. એક પણ દોષનો ત્યાગ એ નિશ્ચય દાન છે. વ્યવહારિક ચોરી કે દાનનો અપવાદ હોઈ શકે, નિશ્ચય ચોરી કે દાનમાં કોઈ જ અપવાદ નથી.**

આખી દુનિયાને દમવી સહેલી છે, પોતાના આત્માને દમવો અઘરો છે. **ઉત્તરાધ્યયનસૂત્ર**ના આઠમા અધ્યયનમાં કહ્યું છે -

**जो सहस्सं सहस्साणं संगामे दुज्जओ जिणे ।**
**एगं जिणेज्ज अप्पाणं एसो से परमो जओ ॥**

જે હજારોના હજાર સૈન્યને સંગ્રામમાં જીતી લે એવો દુર્જય હોય, તેના કરતા પણ પરમ જય એ છે કે એક પોતાના આત્માને જીતે.

- જે બેસી જાય છે, એને કોઈ બેસાડી શકતું નથી. જે મૌન રહી શકે છે, એને કોઈ ચૂપ કરી શકતું નથી. જે છોડી શકે છે એને કોઈ લૂંટી શકતું નથી. જે જાગી શકે છે એને કોઈ ઉઠાડી શકતું નથી. જે પોતાના પર હસી શકે છે એને કોઈ રડાવી શકતું નથી.

સેચનક હાથી પાસે બે વિકલ્પ હતાં - માર ખાઈને, ઘાયલ થઈને, લોહી-લુહાણ થઈને વશ થવું. પોતાની જાતે વશ થવું. સેચનકે સમજીને બીજો વિકલ્પ અપનાવ્યો હતો.

જે પોતાને દમી શકે છે, એનો કોઈ વાળ પણ વાંકો કરી શકતું નથી. **दम इन्द्रियनिग्रहः** - તમે તમારી ઈન્દ્રિયોનો નિગ્રહ કરો એનું નામ દમન. અનલ્પ ઈચ્છાઓ અનલ્પ દુઃખોની નિમંત્રણ પત્રિકા છે. સંત કબીર કહે છે -

**સાહિબ મેરે મુહ કો લૂખી રોટી દે,**
**ભાજી માંગત મેં ડરું લૂખી છિન ન લે.**
**આધી ઓર સૂખી ભલી સારી સુખ-સંતાપ,**
**જો ચાહેગા ચોપરી બહોત સહેગા બાપ.**

**મહોપનિષદ્** કહે છે -

**स्वायत्तमेकान्तहितं, स्वेप्सितत्यागवेदनम् ।**
**यस्य दुष्करतां यातं, धिक् तं पुरुषकीटकम् ॥**

સ્વાધીન, એકાન્તે હિતકર સ્વાભીષ્ટત્યાગનું વેદન જેને દુષ્કર થઈ પડ્યું છે એ પુરુષ કીડાને ધિક્કાર થાઓ.

**मनसैव मनश्छित्त्वा, पाशं परमबन्धनम् ।**
**भवादुत्तारयात्मानं, नासावन्येन तार्यते ॥**

તું મનથી જ મનને છેદ. એ જ છે પાશ. એ જ છે પરમ બંધન. તું તારા આત્માને સંસારથી પાર ઉતાર. બીજાથી એને પાર ઉતારવો શક્ય નથી.

॥ ૧-૧૭ ॥

- **त्वंकारो वा वधो वेति, विदुषां नातिरिच्यते । - महाभारत**
  તુંકારો અને હત્યા - આ બેમાં વિદ્વાનોને કોઈ જ ફરક લાગતો નથી.
- તું, તમે, આપ - પછીનો શબ્દ છે દેવાનુપ્રિય.
  ભગવતીસૂત્રમાં ગૌતમસ્વામીનો પ્રભુ સાથેનો સંવાદ આપેલો છે. તેમાં તેમણે પ્રભુને દેવાનુપ્રિય કહ્યા છે.
- પૂ.યશોદેવસૂરિ મ.ને સૂરિ પ્રેમે ખંભાત ચોમાસાની ભલામણ કરી. તેમણે કહ્યું - "તેઓ પૂ. કાંતિવિજયજી મ. માટે વિનંતિ કરે છે, તો એમને જ જવા દો ને ?" પૂજ્યશ્રીએ કહ્યું, "તમારે શ્રાવકોનું કહ્યું કરવું છે કે મારું ?" ખંભાતના સંઘ સમક્ષ તેમણે ભૂલ કબૂલી પૂજ્યશ્રીને પચ્ચીશ વાર મિચ્છામિ દુક્કડમ્ આપ્યું.
- ગુરુ ભગવંતના વ્યાખ્યાન બાદ એક ભાઈએ બીજાને કહ્યું, "બધી મોટી વાતો કરવી છે, તું સવારે મારા ઘરે આવજે - કેવા સવારે વહોરવા નીકળી પડે છે ! તને બારીમાંથી બતાવીશ." આ બોલતાની સાથે એમને જીભનો લકવો થઈ ગયો. **ત્રિષષ્ટિ૦ ચરિત્ર**માં કહ્યું છે -

  **अत्युग्रपुण्यपापानां सद्य एवाऽऽप्यते फलम् ।**

  અતિ ઉગ્ર પુણ્ય અને અતિ ઉગ્ર પાપનું તરત જ ફળ મળે છે.
- **ગુરુ માટે અસભ્ય બોલનાર વ્યક્તિ ભીતરી સ્તરે ગોશાળો બને છે. ગુરુનું અશુભ ઈચ્છનાર અને પ્રભુના કાનમાં ખિલ્લા ઠોકનાર ગોવાળિયો - આ બંને અમુક અપેક્ષાએ સરખા જ છે. ખંધકસૂરિને ૫૦૦ શિષ્યો સાથે પીલનાર પાલક મંત્રી અને ગુરુની કાયિક અશાતામાં નિમિત્ત બનનાર વ્યક્તિ હકીકતમાં ભાઈ-ભાઈ જ છે. ગુરુની સાચી ય વાતને છોલે છે, તે હકીકતમાં ખંધક મુનિની ચામડી ઉતારનારના અનુગામી છે. ગુરુનું માથું દુઃખાડનારા ગજસુકુમાલ મુનિના સસરાના વારસદાર જેવા છે.**

મહામોહ, દીર્ઘભવસ્થિતિ, નિકાચિતકર્મ, નિશ્ચિત દુર્ગતિ - આ બધાંનું સહિયારું સર્જન હોય છે - ગુરુપ્રત્યનીકતા.

સ્થાનાંગ આગમ કહે છે - જેઓ ગુરુની નિંદા કરે છે - તેઓ દુર્લભબોધિ થાય છે.

- **आज्ञाभङ्गो नरेन्द्राणां, गुरूणां मानमर्दनम् ।**
**कुलटा च गृहे नारी, अशस्त्रवध उच्यते ॥**
રાજાઓની આજ્ઞાનો ભંગ, ગુરુઓના માનનું મર્દન અને ઘરે કુલટા નારી - આ ત્રણ અશસ્ત્રવધ છે. શસ્ત્ર વગરની હત્યા છે.

- **अनेडमूका भूयासु - स्ते येषां त्वयि मत्सरः ।**
**शुभोदकयि वैकल्य - मपि पापेसु कर्मसु ॥ - वीतरागस्तोत्र**
પ્રભુ ! જેમને આપના પ્રત્યે મત્સર છે, તેઓ બહેરા-મૂંગા બની જાઓ, પાપચેષ્ટાઓમાં વિકલાંગતા પણ સારું ફળ આપે છે.

- **गुरोर्यत्र परिवादो, निन्दा यापि प्रवर्तते ।**
**कर्णौ तत्र पिधातव्यौ, गन्तव्यं च ततोऽन्यतः ॥**
જ્યાં ગુરુનો પરિવાદ અને નિન્દા પ્રવર્તે છે, ત્યાં કાન બંધ કરી દેવા જોઈએ, અને ત્યાંથી ચાલ્યા જવું જોઈએ.

- **देवगुरुपरिवादे नास्ति क्षान्तिः ।**
જ્યાં તમારા દેવ-ગુરુની નિંદા થતી હોય, ત્યાં ક્ષમા રાખવી ઉચિત નથી. - **नीतिवाक्यामृतम्**

- **श्वा वै भवति मत्सरी ।**
જેને મત્સર છે તે કૂતરો બને છે.

- **इक्कम्मि हीलियम्मि सव्वे ते हीलिया हुंति ।**
એક સાધુની હીલના કરવાથી અઢી દ્વીપના સર્વ સાધુની હીલનાનું પાપ લાગે છે. - **पुष्पमाला**

અનેક દોષોથી ભરેલા શ્રીમંતોને આપણે મહાન માનતા હોઈએ

અને અનેક આરાધનાથી ભરેલા સાધુ-સાધ્વીઓને આપણે નીચા માનતા હોઈએ - આ શું પુરવાર કરે છે ? દુનિયાની બધી જ આરાધના કરતા પૈસાનું મહત્ત્વ આપણને વધારે છે. તમારી પાસે પૈસા છે તો તમારા બધા ગુના માફ છે, એવું આપણે માનીએ છીએ.

**દીર્ઘભવસ્થિતિથી તારક તત્ત્વોનો અણગમો થાય છે. અણગમો દોષદૃષ્ટિ પ્રત્યે દોરી જાય છે, દોષદૃષ્ટિ નિંદા કરાવે છે. પ્રશંસા-નિંદાનો આધાર જેટલો ગુણ-દોષ પર છે, એનાથી વધુ ગમા-અણગમા પર છે. સર્વગુણયુક્ત તીર્થંકર પરમાત્માની ગોશાળાએ નિંદા કરી એનું કારણ પરમાત્માનો દોષ ન હતો પણ ગોશાળાનો અણગમો જ હતો.**

* * * * *

॥ ૧-૧૮-૧૯-૨૦-૨૧-૨૨ ॥

ગુરુ પાસે કઈ રીતે રહેવું એની પણ વિધિ છે. ગુરુ બેઠાં હોય, ત્યારે ઊભા ઊભા વાત કરવાથી ગુરુને ઊંચે જોવું પડે. ગુરુની એકદમ સાઈડથી કે સાવ પાછળથી વાત કરવાથી ગુરુને ગરદન મરોડવી પડે, ગુરુની એકદમ સામે નજીક ધસી જવાથી બીજાને દર્શન-વંદનનો અંતરાય થાય. ગુરુની સમાંતર બેસવામાં ગુરુની સમકક્ષની પ્રતીતિ થાય. સાવ પાછળ રહેવાથી અજાણપણે સંઘટ્ટો થઈ જાય.

પાલી-રાજસ્થાન પૂ.ગુરુ મ.નું ચોમાસું હતું. પૂ.ગુરુ મ. રોજ મહાત્માઓને વાચના આપતાં હતાં. બરોડાથી જે. બી. પરીખ ત્યાં આવેલા. પૂ. ગુરુ મ.એ જોયું કે એ ઘણા પાછળ બેઠેલાં. પૂ.ગુરુ મ.એ કહ્યું કે તમને ત્યાં બરાબર સંભળાશે નહીં, તમે આગળ આવી જાઓ. એમણે હાથ જોડીને તરત જવાબ આપ્યો, ‘‘મહાત્માની આગળ ના બેસાય.’’ હું ભલે સંઘનો પ્રમુખ હોઉં, શ્રીમંત ને પ્રતિષ્ઠિત હોઉં, મહાત્મા ગમે તેટલા નાના હોય તો ય મારાથી મહાન છે, આવો તેમનો ભાવ હતો.

**સામૈયા કે વરઘોડામાં પણ ગમે તેવા મોટા શ્રીમંતે કે ટ્રસ્ટીએ પણ**

**મહાત્માની આગળ ન ચાલવું જોઈએ. આચાર્ય ભગવંતની લગોલગ ચાલવું એ આચાર્ય ભગવંતની પણ આશાતના છે અને પાછળ ચાલતા મહાત્માઓની પણ આશાતના છે. જો અગ્રણીઓ પોતે સમજીને મહાત્માઓની પાછળ ચાલશે, તો જે બીજા લોકો ય મહાત્માની સાથે/આગળ કે બેંડવાળા સાથે ચાલતાં હોય છે, તેઓ ય શિસ્તમાં આવી જશે.**

ઉત્તરાધ્યયનસૂત્રનો આ એક શ્લોક બરાબર આત્મસાત્ કરાય તો આપણા વરઘોડા વગેરેનો ખરો ઉદ્દેશ્ય સફળ થાય. જાહેર જનતાને જિનશાસન પ્રત્યે બહુમાનભાવ જાગે, ગુરુ ભગવંતો પ્રત્યે આદરભાવ જાગે, સંઘ પ્રત્યે માન થાય.

**આપણી બધી જ તકલીફોનું મૂળ એ જ છે, કે આપણે આપણા આગમ-માર્ગથી ફંટાઈ ગયા છીએ. તમે કોઈ પણ તકલીફની વાત કરો, આગમ-માર્ગની ઉપેક્ષા જ એનું કારણ છે એવું તમને ગીતાર્થ પૂજ્યો પુરવાર કરીને બતાવી દેશે. આપણાં જ તત્ત્વને અપનાવીને અન્ય પંથો ફૂલી-ફાલી રહ્યા છે, ત્યારે આપણે આપણા જ ધર્મમાં આપણા તત્ત્વને કેમ લાગુ નથી કરી શકતા એ પ્રશ્ન આપણે આપણને પૂછવા જેવો છે.**

ગુરુ પાસે પલાંઠી વાળીને ન બેસાય. તમે પૂછો કે તો પછી લાંબો સમય કઈ રીતે બેસી શકાય ? હકીકતમાં ગાઢ કારણ વિના ગુરુ પાસે લાંબો સમય બેસવું પણ ઉચિત નથી. ઈધર-ઉધરની વાતો, હાય-હેલ્લો જેવી વાતો, વ્યર્થ વાતો કરતાં ગૃહસ્થો ગુરુનો પા-અડધો કલાક લેતાં જાય... તો એ શૃંખલામાં ગુરુ પાસે શિષ્ય માટે, શાસનના કાર્ય માટે કે પોતાની સાધના માટે સમય જ ક્યાં રહેશે ? દીક્ષાના ઉત્સવમાં આપણે હાજર રહીએ છીએ. ઉપકરણોની બોલી આપણે બોલીએ છીએ. પણ એ જ મહાત્માની સાધનાયાત્રામાં એમને જ્યારે એમના ગુરુના હાથના ટેકાની જરૂર હોય ત્યારે એમના ગુરુનો હાથ આપણે પકડી લીધો હોય, એવું પણ બની શકે છે.

પૂ. ચન્દ્રશેખર મહારાજ કામની વાત પતે એટલે તરત કહેતાં – 'બોલો

બીજું કાંઈ ?' આ સાંભળીને 'ના, બસ સાહેબ.' એમ કહીને ગૃહસ્થો તરત ઊભા થઈ જતાં. પણ બધાં પૂજ્યો તો આ રીતે ન કહી શકે. તમારી શેહ-શરમમાં તણાઈને શક્તિશાળી પૂજ્યોનો કુલ કેટલો સમય વેડફાતો હશે, એનો તમને ક્યાંથી ખ્યાલ આવે ? આખો દિવસ ધર્મકથા કરે તેને આગમમાં 'કાથિક' કહ્યા છે. આ પણ એક પ્રકારનો શિથિલાચાર છે. જો આખો દિવસ ધર્મકથા પણ ન કરાય, તો વ્યર્થ વાતો તો ક્યાંથી કરાય ? સારા સારા પૂજ્યો આપણા અવિવેકને કારણે ડહોળાય એ કેટલું ઉચિત ?

**હું એમ નથી કહેતો કે ઉપાશ્રયે આવવું જ નહીં. ગુરુ સાથે સંબંધ રાખવો જ નહીં. ગુરુ સાથે સંબંધ વધુ ગાઢ બનાવજો, પણ વ્યર્થ વાતોનો નહીં, ભક્તિ અને સમર્પણનો. ગુરુનું દરેક કામ આપણને આપણું કામ લાગે એ કક્ષાની ભક્તિ અને ગુરુનો બોલ ઝીલવાનું સમર્પણ - આ ગુણોને આત્મસાત્ કરજો. જે મહાત્માના આપણે બે કલાક બગાડ્યા હોય, એમની ભક્તિના અવસરે આપણે બે મિનિટ પણ હાજર હોઈએ ખરાં ? આપણે આપણી વરાળ પોણો કલાક સુધી કાઢી, મહાત્માએ શાસ્ત્રીય માર્ગદર્શન-સ્વરૂપ અમુક ધર્મ-કૃત્ય કરવાનું કહ્યું. આપણો પ્રતિભાવ સાનંદ સ્વીકારનો જ હોય કે પછી છટકવાનો હોય ? ''મારે કોઈ માર્ગદર્શન કે નિયમ કે ઉપદેશ તો જોઈતો જ ન હતો. આ તો હું તમને વક્તવ્ય આપતો હતો/ હૈયાવરાળ ઠાલવતો હતો/અમથો ટાઈમ-પાસ કરતો હતો. આપ મને જિજ્ઞાસુ કે શિષ્ય જેવો સમજતા હો તો એ આપની ગેરસમજ છે.'' - શું આવી આપણી મનઃસ્થિતિ હોય ?**

ગુરુનો સંઘટ્ટો ન કરવો જોઈએ. કેટલાંક શ્રાવકો અબ્ભુટ્ઠિઓ ખામતા મહાત્માના પગ પર હાથ મુકે છે, પણ તે બરાબર નથી. આ મહાત્માઓનો આચાર છે. શ્રાવકે જમીન પર હાથ રાખીને અબ્ભુટ્ઠિઓ ખામવો જોઈએ. વૈયાવચ્ચના કારણ સિવાય શ્રાવકથી સાધુનો સ્પર્શ ન કરી શકાય. **નીતિશાસ્ત્ર** કહે છે -

**अत्यासन्ना विनाशाय दूरस्था न फलप्रदाः ।**
**सेव्या मध्यमभावेन राजवह्निगुरुस्त्रियः ।**

બહુ નજીક હોય તો વિનાશકારી થાય અને બહુ દૂર હોય તો ફળ ન આપે, માટે રાજા, અગ્નિ, ગુરુ અને સ્ત્રી - આ ચારને મધ્યમભાવે સેવવા.

સદ્ગુરુ દ્રવ્યથી અમુક અંતરે હોવા જોઈએ, ભાવથી નિરંતર હોવા જોઈએ. દ્રવ્યથી અવગ્રહમર્યાદામાં રહેવું જોઈએ અને ભાવથી સદ્ગુરુને હૃદયમાં પ્રતિષ્ઠિત કરવા જોઈએ. સદ્ગુરુની છેક નજીક ધસી જવું એ એક પ્રકારનું અપમાન છે. ક્યારેક આપણો શ્વાસ સ્પર્શે, ક્યારેક બોલતાં થૂંક ઉડે તો એમના પર પડે. ગુરુની ઘોર આશાતના થાય. બહેનોએ પચ્ચક્ખાણ લેવા માટે પણ સાધુ ભગવંતની બહુ નજીક ન આવવું જોઈએ. જિનાલયમાં ઘણી વાર આ વિવેક ચૂકી જવાતો હોય છે. મહાત્માને દૂર ખસવું પડે. છતાં એનું કારણ ન સમજવાથી અમુક બહેનો ફરી નજીક આવે. હકીકતમાં આપણી સામાજિક વ્યવસ્થામાં જ સ્ત્રી-પુરુષની અમુક અવગ્રહ મર્યાદા હતી. આજે તમારી દુનિયામાં મર્યાદા ખૂટી છે, તમે હાલતા-ચાલતા કોઈને અડી જાઓ એ સહજ થઈ ગયું છે. સામાજિક સ્તર નીચે ઉતર્યું છે. પણ અમારી દુનિયામાં આવીને ય ક્યારેક તમારી વર્તણુંક એ જ સ્તરની હોય છે. દેરાસરમાં કે રસ્તે ચાલતા તમારા ભાગની કાળજી પણ અમારે કરવી પડે એવું ય ઘણીવાર બને છે. વિજાતીય વ્યક્તિ મહાત્માની સાવ નજીક હોય,એ મહાત્માનું અપમાન છે.

**सयणे णो पडिस्सुणे - બેઠાં બેઠાં કે સૂતાં સતાં ગુરુની વાતનો જવાબ આપવો એ ગુરુનો અવિનય છે. ગુરુનું વચન સાંભળતાની સાથે જ ઊભું થઈ જવું જોઈએ, ગુરુની પાસે પહોંચી જવું જોઈએ. ગુરુને વંદન કરવું જોઈએ અને મને યાદ કરીને મારા પર કૃપા કરી એમ કહેવું જોઈએ.**

સદ્ગુરુની પાસે બે શિષ્યો સાધના કરી રહ્યા હતાં. વરદષ્ટિ અને વરદર્શન. સદ્ગુરુએ એક વાર એ બંનેને બોલાવ્યા. ગુરુનો શબ્દ સાંભળતાની સાથે વરદષ્ટિ રોમાંચિત થઈ ગયા. હાથ જોડીને એ સદ્ગુરુ પાસે પહોંચી ગયા. ગુરુએ મને યાદ કર્યો એનો આનંદ અશ્રુ બનીને એમની આંખમાં છલકાઈ રહ્યો. સદ્ગુરુના ચરણોમાં એમણે માથું ઢાળી દીધું.

વરદર્શન હજી પોતાનું કામ પતાવીને જવાની ગણતરીમાં હતાં. હજી એ એમના કામમાં વ્યસ્ત હતાં, ત્યાં તો જોર જોરથી દેવદુંદુભિ વાગવા લાગી. વરદર્શન હજી કાંઈ સમજે એ પહેલા તો દેવતાઓ ટપોટપ ઉતરવા લાગ્યા. દિવ્ય મહોત્સવનું નિર્માણ થઈ ગયું. વરદર્શન ફાટી આંખે જોઈ રહે છે. સોનાના કમળની ઉપર બેઠેલા વરદષ્ટિ મુનિ એને દેખાય છે. દેવતાઓ એમના કેવળજ્ઞાનની ઉત્પત્તિની ઘોષણા કરી રહ્યા છે. ગીત-સંગીત-નૃત્યુ બધું જ અદ્‌ભુત છે.

સેંકડો-હજારોની પર્ષદાને વરદષ્ટિ કેવળી દેશના આપે છે. દેશના પછી પર્ષદાના અને વરદર્શન મુનિના બોધ માટે સદ્‌ગુરુ પૂછે છે, કે મારા બંને શિષ્યો તપ-ત્યાગ-જ્ઞાન-ધ્યાન વગેરેમાં સમાન સાધનાવાળા હતા, તો તેમાંથી આપને જ કેવળજ્ઞાન શી રીતે થયું ?

કેવળી ભગવંતે કહ્યું કે વરદર્શન મુનિમાં ઘણી બધી આરાધના છે પણ તેમનામાં વિનયની ઉણપ છે. મેં વિનય દ્વારા કેવળજ્ઞાન મેળવ્યું છે. એ સિવાય વરદર્શન મુનિમાં કોઈ જ ખામી નથી. જો એ પણ મારી જેમ ગુરુના બોલાવતાની સાથે જ ગુરુના ચરણોમાં પહોંચી ગયા હોત, તો એમને પણ કેવળજ્ઞાન થઈ જાત. પણ વિનયના આ સ્તરને એ સ્પર્શી શક્યા નથી.

સદ્‌ગુરુ પૂછે છે - એમનો મોક્ષ ક્યારે થશે ? વરદષ્ટિ કેવળીએ કહ્યું, 'હજી એમને ઘણા ભવ કરવા પડશે. કદાચ બીજી સાધનાની શક્તિ એમનામાં ઓછી હોત, ફક્ત વિનય જ હોત, તો પણ એમને કેવળજ્ઞાન થઈ જાત.' પણ હજી એમનામાં વિનય આવ્યો નથી.

**વરદર્શન મુનિ કેવળીને પૂછે છે, કે ''મને આપની જેમ દોડી જવાનું મન કેમ ન થયું ?'' કેવળી ભગવંતે કહ્યું, ''પૂર્વભવમાં આપણે બન્ને ભાઈ હતાં. આપણે એક ઉપાશ્રયમાં ગુરુવંદન કરવા ગયા હતાં. ત્યાં આપણી હાજરીમાં ગુરુ ભગવંતે એમના એક શિષ્યને બોલાવ્યા. એ રોમાંચિત ને આનંદિત થઈને દોડી આવ્યા. મને જોઈને એવો વિચાર આવ્યો કે 'કેવા સરસ છે આ મહાત્મા !' ને તમને એવો વિચાર આવ્યો કે 'આવી રીતે દોડી જવાની**

**જરૂર શું છે ? ગુરુને કામ હોય તો ગુરુ આવે, શિષ્યને જ જવું પડે તેમ હોય તો એ પોતાની અનુકૂળતા હોય ત્યારે જાય. આ બધું મને બરાબર નથી લાગતું.' બસ આપણા બંનેના આ વિચારોનું પરિણામ આપણને આ ભવમાં મળ્યું છે.''**

વરદર્શન મુનિ કેવળીને પૂછે છે, ''મને તે ભવમાં પણ આવો વિચાર કેમ આવ્યો ?'' કેવળીએ કહ્યું - એના ત્રણ ભવ પહેલા આપણે બંને મિત્રો હતાં. રસ્તા પરથી આપણે જતાં હતાં. સામેથી મહાત્મા આવ્યા. મને મહાત્મા ગમ્યા. મેં હાથ જોડ્યા. માથું નમાવ્યું. તમને મહાત્મા પ્રત્યે ઘૃણા થઈ. તમને થયું કે આ કોઈ ખરાબ વ્યક્તિ છે.''

વરદર્શન મુનિ કેવળીને પૂછે છે, કે ''મને તે ભવમાં આવું શા માટે થયું ?'' કેવળી ભગવંતે જવાબ આપ્યો, ''**प्रदीर्घभवसद्भावान् मालि-न्यातिशयात्तथा**'' હજી તમારે સંસારમાં ઘણું ભટકવાનું હતું અને આંતર મળ તમારો અતિશય હતો, માટે તમને તારક તત્ત્વનો અણગમો થયો હતો.''

**હૈયાના ઝાડવાને મૂળિયા અનેક**
**એને ખોદો તો નીકળે પરભવમાં છેક**

અત્યારે અમેરિકામાં ફ્લોરિડા સ્ટેટના માયામી સીટીમાં ડો. બ્રયાન વાઝ પ્રેક્ટીસ કરે છે. તે સાયક્રિયાટ્રીસ્ટ છે. તેમના લખેલા બે પુસ્તકો અમેરિકામાં બેસ્ટ સેલર છે - (૧) Many Lives Many Masters (૨) Same Soul Many bodies.

ડો. જન્મે ક્રિશ્ચન છે. ક્રિશ્ચનો પુનર્જન્મમાં માનતા નથી. છતાં એમણે વિચાર્યું કે ઘણા લોકોની એવી સમસ્યાઓ છે, જેનું આ જીવનમાં તર્કબદ્ધ કારણ મળતું નથી. તેથી તેમણે રીગ્રેશનની ટેકનિક ડેવલપ કરી. હિપ્નોટાઈઝ કરીને તે પેશન્ટને ટ્રાન્સમાં લઈ જાય, તેનાથી તે પોતાના પૂર્વજન્મોને જોઈને કહેવા માંડે.

એક સ્ત્રીને ડાબા પગના ઘૂંટણમાં સખત દુઃખાવો થતો હતો. તેમણે કરાવેલ બધાં ટેસ્ટ્સના રિપોર્ટ્સ નોર્મલ આવ્યા હતાં. તેને ડો. વાઝે રિગ્રેશન

દ્વારા પૂર્વજન્મો યાદ કરાવ્યા. એ પૂર્વજન્મમાં અમેરિકાના મીડવેસ્ટના એક ગામમાં એક સ્ત્રી તરીકે જન્મી હતી. તે ૩૦ વર્ષની હતી ત્યારે એક ઘોડાએ એને ડાબા પગની ઘૂંટણમાં ટક્કર મારી હતી. એ પછી તેમાં ઈન્ફેકશન થવાથી તે પગ નકામો બની ગયો હતો. તેની પૂર્વના એક ભવમાં તે જાપાનીઝ સૈનિક હતી. તેને ડાબા પગના ઘુંટણે દુશ્મનનું તીર વાગ્યું હતું. તેની પહેલાના એક ભવમાં તે નોર્થ આફ્રિકામાં એક જેલર હતી. જેલર કેદીઓના ઘૂંટણને પથ્થર/લાકડી/ચાકુ/તલવારથી ભાંગી નાંખથો, જેથી તેઓ ભાગી ન જાય. આમાં ચેપ લાગવાથી તેઓ મરી પણ જતાં હતાં. આવું કરવા માટે જેલરને સારું ઈનામ મળતું હતું.

ડો. વાઝે તે સ્ત્રીને કહ્યું કે તું તારા પાપો માટે માફી માંગ. જે જે વ્યક્તિ પ્રત્યે ક્રૂરતા દાખવી છે, તેમને યાદ કરીને માંફી માંગ. એના દ્વારા આ સાઈકલ તૂટી જશે. પછી તને દુઃખાવો નહીં થાય.

જાણે મિચ્છામિ દુક્કડં - **तं निंदे तं च गरिहामि, पडिक्कमे देसियं सव्वं** - નું તે ડો. એ ટ્રાન્સ્લેશન કરી દીધું. વરદષ્ટિ અને વરદર્શન મુનિઓની કથા ઘટી શકે છે. એની પ્રતીતિ ડો.વાઝના અનુભવો પરથી થાય છે.

* * * * *

॥ ૧-૨૩ ॥

**ષોડશક**માં પૂ.હરિભદ્રસૂરિ મહારાજા કહે છે - **गुरुविनयः श्रुतगर्भो मूलं चास्या अपि ज्ञेयः ।** સ્વાધ્યાયાદિના મૂળમાં છે ગુરુવિનય.

**પંચાશકટીકા**માં પૂ. અભયદેવસૂરિ મહારાજા કહે છે -

**गुरुभक्तेः श्रुतज्ञानं, भवेत् कल्पतरूपमम् ।**
**लोकद्वितयभाविन्य - स्ततः स्युः सर्वसम्पदः ॥**

ગુરુભક્તિથી મેળવેલું શ્રુતજ્ઞાન એ સાક્ષાત્ કલ્પવૃક્ષ જેવું છે. જેનાથી આલોક અને પરલોકમાં સર્વ સંપત્તિઓ મળે છે.

આગમ કહે છે - **अविणीयस्स ण दायव्वं** - અવિનીતને શ્રુતજ્ઞાન ન આપવું.

**ઉપદેશમાલા** કહે છે -

**सीहासणवरगयं, सोवागं सेणिओ णराहिवो ।**
**विज्जं मग्गइ पयओ, इय साहुजणस्स सुअविणओ ॥**

શ્રેણિક રાજાએ ચંડાળને પોતાના સિંહાસન પર બેસાડીને વિનયપૂર્વક વિદ્યા માંગી હતી. આવો સાધુઓનો શ્રુતવિનય હોય છે.

**नीचादप्युत्तमां विद्यां गृह्णीयात् प्रथितं ह्यदः ।** - નીચ પાસેથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરી લેવી જોઈએ એવું પ્રસિદ્ધ છે.

**विज्जाए कासवसंतियाए दगसूअरो सिरिं पत्तो ।**
**पडिओ मुसं वयंतो सुअणिह्नवणा इय अपत्था ॥**

હજામ પાસે વિદ્યા લઈને ભૂંડ જેવો માણસ સમ્માન પામ્યો. પણ પોતાના ગુરુનું નામ પૂછવામાં આવ્યું, તો હજામનું નામ આપવાને બદલે હિમાલયના યોગી પાસેથી શીખ્યો છું એમ કહ્યું. એની સાથે જ વિદ્યાના પ્રભાવે અદ્ધર રહેતું એ ઉપકરણ નીચે પડી ગયું. શ્રુતનિહ્નવ આ રીતે અપથ્ય થાય છે.

**पृच्छमाणस्स सीसस्स** - પૃચ્છાનો અર્થ છે તરસ. પૃચ્છાનો અર્થ છે ભૂમિકા. પૃચ્છાનો અર્થ છે એક પ્રકારની યોગ્યતા. **મહાભારત** કહે છે -

**नापृच्छतः किञ्चिद् ब्रूयान्, नाप्यन्यायेन पृच्छतः ।**

જે તમને પૂછતા નથી, એમને કશું ન કહેવું. જે તમને અન્યાયથી પૂછે છે, તેમને પણ કશું ન કહેવું.

**शुश्रूषा चेहाद्यं लिङ्गं खलु वर्णयन्ति विद्वांसः ।**
**तदभावेऽपि श्रावण-मसिरावनिकूपखननसमम् ॥**

સાંભળવાની ઈચ્છા એ યોગ્ય શ્રોતાનું પહેલું લક્ષણ છે. એના વિના પણ સંભળાવવું એ શિરા વગરની ધરતીમાં કૂવો ખોદવા બરાબર છે.

**जहासुयं** - સદ્ગુરુ તે જે શાસ્ત્રને સમર્પિત હોય. પ્રાયઃ પ્રત્યેક આગમમાં શરૂઆતમાં '**सुअं मे०**' અને અંતમાં '**त्ति बेमि**' છે. મેં ભગવાન પાસે આ

રીતે સાંભળ્યું છે, એવો આગમમાં ગણધર ભગવંતોનો સૂર રહ્યો છે. એક એક આગમ અવતરણ ચિહ્નની અંદર છે. ગણધર ભગવંતોની આ ઉત્કૃષ્ટ નમ્રતા છે.

ડોક્ટર મેડિકલ સાયન્સની વિરુદ્ધ વાત ન જ કરે. વકીલ સ્ટેટ/નેશનલ લો-ની વિરુદ્ધ વાત ન જ કરે. બરાબર એ જ રીતે સદ્‌ગુરુ પણ શાસ્ત્રવિરુદ્ધ વાત ન જ કરે. શાસ્ત્રથી પરિકર્મિત મતિવાળા ગુરુ સ્વપ્નમાં પણ જે બોલે, તે શાસ્ત્રાનુસારી જ હોય.

**जहासुयं = श्रुतमनतिक्रम्य** - શાસ્ત્રને ઓળંગ્યા વિના. શાસ્ત્રને ઓળંગવાનો અર્થ છે સત્યને ઓળંગવું, કલ્યાણને ઓળંગવું, અનંત જ્ઞાનીઓને ઓળંગવું.

* * * * *

॥ ૧-૨૪ ॥

**अश्वमेधसहस्रं च, सत्यं च तुलया धृतम् ।**
**अश्वमेधसहस्राद्धि, सत्यमेव विशिष्यते ॥ महाभारत ॥**

હજાર અશ્વમેધ યજ્ઞોને ત્રાજવાના એક પલ્લામાં રાખીએ અને બીજા પલ્લામાં સત્ય રાખીએ, તો સત્યનું પલ્લું નમી જાય છે.

**સાચ બરાબર તપ નહીં, જૂઠ બરાબર પાપ ।**
**જાકે હૃદય સાચ હૈ, તાકે હૃદય આપ ॥ કબીર સંત ॥**

**मरणे वि समावडिए जंपंति ण अण्णहा महापुरिसा ।**
**जन्नफलं णिवपुट्ठा, जह कालगसूरिणो भयवं ॥ पुष्पमाला ॥**

મોત આવી પડે તો ય મહાપુરુષો અન્યથા બોલતા નથી. જેમ કે કાલકસૂરિજીને રાજાએ યજ્ઞફળ પૂછ્યું. તો મૃત્યુનો ડર રાખ્યા વિના તેમણે સાચું કહ્યું.

**सच्चम्मि धिइं कुव्वहा, एत्थोवरए मेहावी सव्वं पावं कम्मं झोसइ** ॥ **આચારાંગસૂત્ર** ॥ સત્યમાં ધૃતિ કરો, જે એમાં નિરત છે, તે મેધાવી સર્વ પાપ કર્મને ખપાવે છે.

**सच्चं सोयं** ॥ **ऋषिभाषित सूत्र** ॥ સત્ય એ પવિત્રતા છે. અસત્ય એ ગંદકી છે.

તાત્ત્વિક દૃષ્ટિએ વિચારીએ, તો સત્યમાં બધા જ ધર્મો આવી જાય છે. જૂઠમાં બધાં જ પાપો આવી જાય છે. જે સાચું છે તે ધર્મ છે. જે ખોટું છે તે પાપ છે. આગમમાં એક પ્રશ્ન આવે છે કે પાંચે આશ્રવોમાં સૌથી મોટું પાપ કયું ? ત્યાં જવાબ આપ્યો છે કે લૌકિક દૃષ્ટિએ સૌથી મોટું પાપ મૃષાવાદ છે.

**नानृतात् पातकं परम्** ॥ **ચાણક્યસૂત્ર** ॥

જૂઠ કરતાં મોટું કોઈ પાપ નથી.

**नास्ति सत्यात् परो धर्मो, न सत्याद् विद्यते परम् ।**

**न हि तीव्रतरं किञ्चि-दनृतादिह कथ्यते ॥**

સત્યથી મોટો ધર્મ નથી. સત્યથી શ્રેષ્ઠ કાંઈ જ નથી. જૂઠથી વધારે ખરાબ પણ કાંઈ જ નથી.

**ऋतेन विश्वं भुवनं विराजतः** ॥ ઋગ્વેદ ॥

સત્યથી સમગ્ર વિશ્વ શોભે છે.

**सत्येन लभ्यः** ॥ મુંડકોપનિષદ્ ॥

આત્મા મળે છે સત્યથી.

**अमेध्यो वै पुरुषो यदनृतं वदति** ॥ શતપથ ॥

જૂઠ બોલનાર વ્યક્તિ અને ગંદકી આ બેમાં કોઈ ફરક નથી.

**सत्येनोत्तभिता भूमिः** ॥ ઋગ્વેદ ॥

જગતનો આધાર છે પૃથ્વી. પૃથ્વીનો આધાર છે સત્ય.

**ऋतेनाऽऽदित्यास्तिष्ठन्ति** ॥ ઋગ્વેદ ॥

વિશ્વનું અસ્તિત્વ છે સૂર્યોથી. સૂર્યોનું અસ્તિત્વ છે સત્યથી.

**सत्ये सर्वं प्रतिष्ठितम्** ॥ નારદસ્મૃતિ ॥

બધું જ પ્રતિષ્ઠિત છે સત્યમાં.

**सत्येन धार्यते लोकः** ।। મહાભારત ।।

દુનિયા ટકી રહી છે સત્યથી.

**सत्यमेवेश्वरो लोके** ।। રામાયણ ।।

વિશ્વમાં જીવંત ભગવાન છે સત્ય.

છગનની પત્ની મગનની પત્નીને કહેતી હતી - એના જેવી જુઠ્ઠી આખા ગામમાં નહીં મળે. રોટલી નાંખવા એ ગાય-કૂતરાને સાદ કરે છે તો તે પણ નથી આવતાં. હલ્કા ને મેલા થવાનો ઉપાય એટલે જૂઠ.

સત્ય એ આત્મશુદ્ધીકરણનું સાધન છે. સત્ય એ જિનશાસનનો એક અંશ છે. જ્યારે તમે અંશને પકડો છો, ત્યારે તમે સંપૂર્ણને પકડો છો. જ્યારે તમે કોઈ માણસનો હાથ પકડો છો, ત્યારે તમે એ માણસને જ પકડો છો. 'સત્ય' નું ગ્રહણ સરળ છે. તમે લાગણીપૂર્વક સત્યને વળગી રહો. તેના પ્રત્યેની રુચિને ધારણ કરો. તેને પ્રેમ કરો. આ પ્રેમ હકીકતમાં જિનશાસન પ્રત્યેનો પ્રેમ છે. આ પ્રેમ તમને બધી રીતે આગળ લાવશે. જિનશાસનના અન્ય અંશો પણ તમારા જીવનમાં પ્રવેશ કરશે. તમારું આત્મહિત થશે. ચરિત્ર ગ્રંથોમાં આપણે જોઈએ છીએ - કોઈ નાનો નિયમ પણ ચમત્કાર સર્જી દે છે. આત્માને ક્યાંનો ક્યાં મૂકે દે છે. એનું કારણ આ જ છે. યાદ આવે **અધ્યાત્મકલ્પદ્રુમ** -

**दीपो यथाऽल्पोऽपि तमांसि हन्ति धर्मस्य लेशोऽप्यमलस्तथांहः ।**

અસત્યભાષણનો અર્થ છે જિનશાસનનો અનાદર. અસત્યભાષણનો અર્થ છે જિનશાસન પરનો પ્રહાર. અસત્યભાષણનો અર્થ છે આપણે આપણું બગાડવા માંગીએ છીએ.

**असत्यवचनं प्राज्ञः, प्रमादेनापि नो वदेत् ।**
**श्रेयांसि येन भज्यन्ते, वात्ययेव महाद्रुमाः ॥ योगशास्त्र ॥**

પ્રાજ્ઞ પુરુષે પ્રમાદથી પણ ખોટું બોલવું ન જોઈએ, જેમ વાવાઝોડાંથી મોટા વૃક્ષો ભાંગી પડે છે, તેમ અસત્યથી કલ્યાણો ભાંગી પડે છે.

**अलीकं ये न भाषन्ते सत्यव्रतमहाधनाः ।**

**नापकर्तुमलं तेभ्यो, भूतप्रेतोरगादयः ॥ योगशास्त्र ॥**

જેઓ સત્યરૂપ મહાધનને ધારણ કરે છે અને અસત્ય બોલતાં નથી. તેમને ભૂત, પ્રેત, સર્પ વગેરે હેરાન કરી શકતાં નથી.

હકીકતમાં ખોટું બોલવું ખૂબ જ અઘરું છે. આ એક સાહસ છે. એક જોખમ છે. એક ભારે પડી જાય એવો સોદો છે. **ખોટું બોલવા માટે એક મિનિટ પણ પૂરતી હોય છે, ખોટું બોલવાનું ફળ ભોગવવા માટે એક ભવ પણ ઓછો પડે છે.** દુઃખને આવતું આપણે રોકી ન શકીએ અને દુઃખ આવી ગયા પછી આપણે એને દૂર કરવા ફાંફા માર્યા કરીએ, એના કરતાં સાચું બોલવું શું ખોટું ? આત્મામાં અનંત શક્તિ છે, પણ જૂઠથી એ શક્તિ મરી જાય છે. 'પપ્પા કહે છે કે એ ઘરમાં નથી.' આવું જૂઠ ઉઘાડું પડે કે "હું જરા બહાર છું" આવું જૂઠ ચલાવ્યા પછી તરત જ તે વ્યક્તિ ઘરમાં પ્રવેશે, ત્યારે માણસની હાલત કેવી થાય ? જુઠ તમને સાવ જ કફોડી સ્થિતિમાં મુકી શકે છે. જૂઠ તમને શરમથી નીચું જોવડાવી શકે છે. જૂઠ તમને સાવ જ હલકા ચિતરી શકે છે. તમારો કટ્ટર દુશ્મન તમારું જેટલું બગાડી શકે, એનાથી વધુ જૂઠ તમારું બગાડી શકે છે.

**मुसं परिहरे** - તું જૂઠને છોડજે. દુઃખને છોડવાનો તાત્પર્યાર્થ આ છે. જૂઠ છૂટશે તો દુઃખ છૂટી જશે.

**ण य ओहारिणी वए** - 'જ'કારવાળી ભાષા ન બોલવી. 'જ'કારનો અર્થ છે જીદ. 'જ'કારનો અર્થ છે દાવો. 'જ'કાર એટલે ચેલેન્જ. 'જ'કાર એટલે આગ્રહ, 'જ'કાર એટલે મૃષાવાદની શક્યતા મંજૂર હોવી. 'જ'કાર એટલે એકાન્તવાદ.

આમ જ - નો અર્થ છે જડતા. એનો અર્થ એ છે કે આપણામાં લેશ પણ ફ્લેક્સીબિલિટી નથી. આપણે કશું સમજવા સ્વીકારવા તૈયાર નથી. આપણે જે પકડ્યું, તેને કોઈ છોડવી શકે તેમ નથી. **સૂત્રકૃતાંગ આગમ** કહે છે -

**विभज्जवायं च वियागरिज्जा**

તું હંમેશા સ્યાદ્વાદમય વચન બોલજે.

સ્યાદ્વાદનો અર્થ છે ફ્લેક્સીબિલિટી. સ્યાદ્વાદ એટલે સમભાવ. સ્યાદ્વાદ એટલે ખુલ્લા દ્વાર. સ્યાદ્વાદ એટલે સમજણનું સ્વાગત. સ્યાદ્વાદ એટલે કોમળતા. સ્યાદ્વાદ એટલે સાપેક્ષતા. સ્યાદ્વાદ એટલે સ્વીકારવૃત્તિ. સ્યાદ્વાદ એટલે આનંદની ભૂમિકા.

આગમ કહે છે - તમે નિઃશંક હો, તો પણ તમે સાશંકની જેમ બોલજો. કારણ કે તમે છદ્મસ્થ છો. છદ્મસ્થ થઈને એવા નિઃશંક રહેવું કે જાણે મારી કોઈ ભૂલ થાય એમ જ નથી, આ ભગવાનપણાનો દાવો છે.

આપણે એવું બોલવાની ટેવ પાડવી જોઈએ - 'મને લાગે છે કે', 'આમ હોઈ શકે', 'કદાચ આવું હોય', 'આ બરાબર લાગે છે ?' - આનું નામ સ્યાદ્વાદ. 'આમ જ છે', 'આમ નથી જ.' - આનું નામ એકાન્તવાદ.

સદ્ગુરુ પાસે એક શ્રાવક આવે છે, થોડી વાત કરીને ઊભા થાય છે, ને કહે છે, ''સાહેબ, હું કાલે ચોક્કસ આવીશ.'' સદ્ગુરુ સ્મિત કરીને કહે છે - ''કેમ એવું કહો છો ?'' શ્રાવકે કહ્યું, ''મારી ભાવના છે.'' સદ્ગુરુએ કહ્યું, ''તો એમ કહો ને કે કાલે ચોક્કસ આવવાની મારી ભાવના છે.'' શ્રાવક કહે, ''પણ સાહેબ, મારી ભાવના છે તો હું ચોક્કસ આવવાનો જ છું ને ?'' સદ્ગુરુ માત્ર સ્મિત કરે છે.

ત્રણ દિવસ પછી એ શ્રાવક આવ્યા. ''સાહેબ, ધંધાના કામે અર્જન્ટ દિલ્હી જવું પડ્યું. એટલે આવી શક્યો નહીં.'' સદ્ગુરુ માત્ર સ્મિત કરે છે. શ્રાવક પૂછે છે, ''સાહેબ, કાલે ચોક્કસ આવવાની મારી ભાવના છે - આમ કહ્યું હોત, તો ય હું ખોટો ન પડત ?'' સદ્ગુરુએ કહ્યું, ''ના, કારણ કે ભાવના તો તમારી હતી જ. જે છે એને છે કહેવામાં દોષ નથી. જેની પાકી ખબર નથી, એને છે/થશે/હતી કહેવામાં દોષ છે.''

**अइयम्मि य कालम्मि पच्चुप्पण्णमणागए ।**
**जत्थ संका भवे तं तु एवमेयं ति णो वए ।। दशवैकालिक ।।**

અતીત, વર્તમાન કે ભવિષ્ય કાળની વાત હોય, તેમાં જ્યાં તમને શંકા હોય, ત્યાં તે વસ્તુ આમ છે તેમ ન કહેવું.

ભાષાદોષનું મૂળ માયા વગેરે કષાયો હોય છે, તેમનો પણ ત્યાગ કરવો જોઈએ.

* * * * *

॥ ૧-૨૫ ॥

વરસાદ સારો પડ્યો, સારું થયું વરસાદ પડ્યો - આ સાવદ્યવચન છે. કીડી વગેરે લાખો જીવ-જંતુઓ વરસાદથી મરી ગયા હોય, તેની અનુમોદનાનું પાપ લાગે. વરસાદ ન પડો - આ સાવદ્યવચન છે. વરસાદ વિના જેઓ પીડાવાના હતાં, તેમના અશુભ ચિંતનનું પાપ લાગે. પાકિસ્તાન પર બોમ્બ ફોડવો જોઈએ - રાજનેતા વગેરેને પતાવી દેવા જોઈએ - આ બધું સાવદ્યવચન છે. કોઈ ચોરને મારતું હોય. એ સમયે કહે - મારો મારો એને - આ સાવદ્યવચન છે.

**सावज्जं वज्जए मुणी ॥ दशवैकालिकसूत्र ॥**

મુનિ એ જે સાવદ્યનો ત્યાગ કરે.

આપણને જે લાગ્યું એ કહી દીધું, એવું ઈનફ નથી, એનું હિતકારક હોવું પણ એટલું જ જરૂરી છે.

**सुक्कडि त्ति सुपक्कि त्ति सुच्छिन्ने सुहडे मडे ।**
**सुनिट्ठिए सुलट्ठित्ति सावज्जं वज्जए मुणी ॥ दशवैकालिकसूत्र ॥**

સારું કર્યું, સારું પકાવ્યું, સારું કાપ્યું, સારું ચોર્યું, સારું માર્યું, સારું રાંધ્યુ, સારું લીધું - આવું કંઈ પણ મુનિએ સાવદ્ય ન બોલવું જોઈએ.

**સાવદ્યની બાબતમાં 'સારા' જેવો 'ખરાબ' શબ્દ કદાચ બીજો કોઈ નથી. તમારા ઘરે કોઈ સ્વજનનું મૃત્યુ થયું છે, મૃતદેહની આસપાસ તમે બધાં રડી રહ્યાં છો. એ સમયે કોઈ તમારી પાસે આવીને કહે છે, 'સારું થયું.' તમને કેવું લાગશે ? સાવદ્ય ભાષામાં ડગલે ને પગલે આ જ ઘટના બનતી**

**હોય છે. કેટલાંય જીવોના મૃતદેહો પર એક ઘટનાનું સર્જન થયું હોય છે. એમાં 'સારું થયું' એમ કહેવું એથી ય ખરાબ બીજું શું હોઈ શકે ?**

શાક 'સમારવા'ની આપણી ભાષા ક્યાં ? વાતે વાતે મોબાઈલ માર, કોપી માર, ઝેરોક્સ માર, રાઉન્ડ માર, નજર માર, કીક માર, આંખ માર – આ બધું શું છે ? એક અપેક્ષાએ સાવદ્ય કાયિક ચેષ્ટા કરતા પણ સાવદ્ય વાચિક ચેષ્ટા વધુ મોટું પાપ છે. કાયિકમાં મજબૂરી હોઈ શકે છે. ન છૂટકે હોઈ શકે છે. વાચિકમાં પ્રાયઃ આવી સંભાવના નથી. 'માર' આ વાચિક હિંસા છે, છૂટકાની હિંસા, મજબૂરી વગરની હિંસા એ મોટી હિંસા છે.

શત્રુ રાજાએ કિલ્લાને ઘેરો ઘાલ્યો છે. એક નાનકડી બારીમાંથી સાધુ ભગવંતને બહાર ગોચરી લેવા જવાની પરમિશન મળે છે, બહાર સૈન્યના સૈનિકો એમને પૂછે છે – 'અંદર અનાજ-પાણી કેટલા બચ્યા છે ? અંદર કેટલું સૈન્ય છે ? હવે બધા ઘેરાથી કંટાળ્યા છે કે નહીં ?' મહાત્માએ જવાબ આપ્યો કે 'એ બધું કહેવાનો મારો આચાર નથી.'

**बहु सुणेइ कण्णेहिं बहु अच्छीहिं पिच्छइ ।**
**ण य दिट्ठं सुअं सव्वं, साहू अक्खाउं अरिहइ ।। दशवैकालिकसूत्र ।।**

બહુ કાનોથી સાંભળે ને બહુ આંખોથી જુએ, પણ જે સાંભળ્યું, જે જોયું, તેને કહેવું, એ સાધુ માટે ઉચિત નથી.

સૈન્યના અમુક લોકોએ એ સાધુને કિલ્લામાં પાછા જવા દેવાનો વિરોધ કર્યો, એમણે કહ્યું કે એ મહાત્મા અંદર જઈને એમની બધી બાતમી આપી દેશે. સેનાપતિએ બધો રિપોર્ટ રાજાને આપ્યો. રાજા સૂક્ષ્મ અહિંસા ધર્મને સમજ્યો. રાજાએ ઘેરો ઉઠાવી લીધો, પોતાના રાજ્યમાં જઈને રાજકુમારને રાજ્યાભિષેક કર્યો અને પોતે દીક્ષા લીધી.

**ण लवेज्ज पुट्ठो सावज्जं** – જિનાશાસનના એક એક વચને આજ સુધીમાં અનંત આત્માને તાર્યા છે. જિનાશાસનનો માત્ર ભાષાવિવેક પણ મળી જાય, એનાથી આપણે અઢળક પાપોથી બચી શકીએ છીએ.

**ण णिरत्थं** – વ્યર્થ ન બોલવું. મુંબઈમાં અમારા મહાત્મા પાસે કોઈ

યુવાન આવ્યો હતો. શેરબજારમાં નુકશાન કર્યું હોવાથી તે પાગલ થઈ ગયો હતો. તે કંઈક વિચારે તો પછી તે જ બોલ્યા કરે. એ જુએ-વિચારે કે ગાડી ગઈ, તો પછી એ એ જ બોલ્યા કરે - ગાડી ગઈ... ગઈ... ગઈ... એ એમાં બ્રેક ન મારી શકે. સાંભળનારને એના પર હસવું આવે. આ રીતે ગઈ... ગઈ... કરવાનો કોઈ અર્થ ન લાગે.

**આપણે વિચાર કરીએ તો આપણી પણ મોટા ભાગની વાતો એવી જ નથી હોતી ? વ્યર્થ... જેનો કોઈ મિનિંગ જ નથી ? આપણી વાતોમાં ઉપજાઉ કેટલું ? હિતકર કેટલું ? સાર્થક કેટલું ?**

* * * * *

॥ ૧-૨૬ ॥

જિનશાસનની એક મર્યાદા છે. એક સાધ્વીજી છે. તેમની ઉંમર ૯૫ વર્ષ છે. એક ૯૦ વર્ષના આચાર્ય ભગવંત છે. તેમની પાસે તેમણે આલોચના કરવાની છે. ઉંમર બંનેની અતિ પાકટ છે. વિષય આલોચનાનો છે. સહજ રીતે ત્રીજું કોઈ હાજર ન હોય એવી જ સ્થિતિ અપેક્ષિત રહે. છતાં એવી સ્થિતિ જિનશાસનને માન્ય નથી. જ્યારે વિજાતીયની આલોચના લેવાની હોય ત્યારે તે આલોચના **'छकन्ना'** = છ કાન સાંભળે તેવી હોવી જોઈએ. એટલે કે ત્રીજી વ્યક્તિ ત્યાં અવશ્ય હોવી જોઈએ. એટલું જ નહીં તે વ્યક્તિ સાંભળતી પણ હોવી જોઈએ. તે વ્યક્તિ એટલે અતિ પીઢ ગંભીર પ્રવર્તિની સાધ્વીજી.

ઉત્તરાધ્યયનસૂત્રના - **णेव** - નું હાર્દ આ છે. નહીં જ. કોઈ પણ સંયોગોમાં નહી. આલોચના આપવા માટે પણ નહીં.

મર્યાદા એ શીલનું કવચ છે. મર્યાદા એ શીલનો આધાર છે. મર્યાદા એ શીલનું સર્વસ્વ છે. વ્યવહારનયથી વિષયસેવન એ વ્રતભંગ છે. નિશ્ચયનયથી મર્યાદાભંગ એ વ્રતભંગ છે. માટે જ **મહાનિશીથ સૂત્ર**માં મર્યાદાભંગમાં મિથ્યાત્વનો દોષ બતાડ્યો છે. **गुत्ती य विराहिंतो मिच्छदिट्ठी मुणी भणिओ ।**

દાદા ગુરુ શ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજા એકાસણું કરીને પોતાના આસને

આવીને બેઠા હતાં. બધાં મહાત્માઓ હજી ગોચરી વાપરતા હતા. થોડી વાર પછી એક મહાત્મા વાપરીને બહાર આવ્યા. જોયું તો ગુરુદેવ ખમાસમણા આપતા હતાં. તેમણે કારણ પૂછ્યું. તો ગુરુદેવે કહ્યું - હમણા કોઈ બહેન આવ્યા હતાં. મેં તેમને પચ્ચક્ખાણ આપ્યું. પણ ત્યારે અહીં બીજું કોઈ હાજર ન હતું. મારે એવી સ્થિતિમાં પચ્ચક્ખાણ ન આપવું જોઈએ. પણ મને તેઓ ખ્યાલ ન રહ્યો. માટે તેના દંડ રુપે આ ખમાસમણા આપું છું.

એક વાર પોતે ઉપરના માળે એકલા બેઠા હતા. એમને એમ લાગ્યું કે કોઈ બહેન ઉપર ચડી રહ્યા છે. **एगो एगित्थीए सद्धिं णेव चिट्ठे ण संलवे** - આ વચનની પરિણતિ પૂજ્યશ્રીએ મેળવી હતી. પૂજ્યશ્રીએ બૂમ પાડી - ''કોણ બહેન ઉપર આવે છે ?'' બહેન ત્યાંથી રવાના થઈ ગયા.

આપણે ય બ્રહ્મસમ્રાટ બની શકીએ છીએ. પાસે આવતા દરેક કુનિમિત્તને રાડ પાડીને અટકાવી શકીએ તો. પહેલા બાઉન્ડ્રી તૂટે છે, પછી બ્રહ્મ તૂટે છે. બાઉન્ડ્રી ક્રોસ કરવી એ બ્રહ્મનો જુગાર રમવા બરાબર છે. ગજવામાં કિંમતી હીરો હોય, તો માણસ એની રક્ષા માટે પોતે જ બધી બાઉન્ડ્રી નક્કી કરે છે અને તેનું પાલન કરે છે. એ સમજે છે કે આ બાઉન્ડ્રી બંધન નથી, મારા હીરાની રક્ષા છે. મારું હિત છે. મારી સમજદારી છે. મારી સિક્યુરિટી છે. મારી નેસેસીટી છે. બ્રહ્મ એ વિશ્વનો સર્વોત્કૃષ્ટ હીરો છે. પ્રભુએ એની રક્ષા માટે આપણને નવ બાઉન્ડ્રી આપી છે. એ બંધન નથી, રક્ષા છે, હિત છે, સમજદારી છે. સિક્યુરિટી અને નેસેસીટી પણ છે.

હવે તો બધુ ચાલે - આનો મિનિંગ શું છે ? તમે ગમે તેટલી સદાચારની બાઉન્ડ્રી ક્રોસ કરી શકો ને તમને કોઈ જ લોસ ન થાય એવો એનો મિનિંગ છે ? એ તો પોસિબલ જ નથી. તો બીજો મિનિંગ લઈએ - હવે તો બધું ચાલે એટલે કોઈની વાસનાને ઉશ્કેરીએ તો ય ચાલે, દુરાચાર પણ ચાલે, વ્યભિચાર પણ ચાલે. ગર્ભપાત પણ ચાલે, છૂટાછેડા ને પુનર્લગ્ન પણ ચાલે.. શું આ અર્થ ઈષ્ટ છે ?... ના ને ? તો હવે આ બધું ચાલે આ વાક્યને ફેંકી દો અને આ બધું તો ન જ ચાલે - આ વાક્ય અપનાવી દો.

શિખરજીના યાત્રાપ્રવાસમાં એક યુવાને વ્યવસ્થા કરવા આગળ જવાનું હતું. એક યુવતીના સગાં ત્યાં રહેતા હોવાથી તે ય ગાડીમાં સાથે આવી. તેનું મન બગડ્યું. તે પાછળની સીટમાંથી આગળ આવી ગઈ. ચેન-ચાળા ચાલુ કર્યા. યુવાનનું મન ચળ-વિચળ થવા લાગ્યું. ત્યાં એણે પ્રેમસૂરિદાદાનો જાપ ચાલુ કરી દીધો. ને જોરથી ત્રાડ નાંખી. યુવતી ગભરાઈ ગઈ. એની વાસના ઓસરી ગઈ. બંને આબાદ બચી ગયા.

**एगो एगित्थीए सद्धिं णेव चिट्ठे ण संलवे ।**

એકલો પુરુષ એકલી સ્ત્રી સાથે ન ઉભો રહે, ન વાત કરે- આ આગમવચન કેટલું સચોટ !

પૂ. ભદ્રંકરસૂરિ મહારાજાએ ૯૨ વર્ષની ઉંમરે ૮/૧૦ વર્ષની છોકરી ઉપાશ્રયમાં આવી ગઈ, તો એને વાસક્ષેપ નાંખવાની ના પાડી દીધી હતી. અને કહ્યું હતું - આપણા શાસનમાં ભાઈઓના ગુરુ સાધુ મહારાજ અને બહેનોના ગુરુ સાધ્વીજી મહારાજ.

એક શ્રાવક સજોડે દરિયાપાર પરદેશ જવા નીકળ્યો. વહાણ ભાંગ્યું. બંને પાટિયાના સહારે એક ટાપુ પર પહોંચ્યા. ત્યાં શ્રાવકને વાઘ ખાઈ ગયો. દેવ બનીને દીક્ષાર્થિની પત્નીને એક નગરમાં લઈ ગયો. સાધ્વીજીનું રૂપ લઈને અકાળે એક આચાર્ય મ. પાસે ગાથા લેવા ગયા. તેમણે ગાથા ન આપી. પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી તેમના સમુદાયમાં દીક્ષા અપાવી.

* * * * *

॥ ૧-૨૭ ॥

**सीएण फरुसेण वा** - અહીં વા શબ્દ એવો ગર્ભાર્થ રજુ કરે છે કે અનુશાસન શીત છે કે કઠોર એનું એટલું વજૂદ નથી, જેટલું વજૂદ અનુશાસન છે એનું છે. ડોક્ટર મને લાલ શર્ટ પહેરીને ડાબા હાથે ઈંજેક્શન આપે તો મારે ઈંજેક્શન લેવું - આવી હઠ કરનાર દર્દી મૂર્ખ કહેવાય, બરાબર

એ જ રીતે ગુરુએ મને આવા શબ્દોથી ન કહેવું, આવા શબ્દોથી જ કહેવું - આવી હઠ કરનાર શિષ્ય પણ મૂર્ખ કહેવાય.

સવાલ - ડોક્ટરનો વેષ કેવો છે ? ઈંજેક્શન કેવું છે ? એનો નથી હોતો, આપણી ભૂલ સુધરે તેનો હોય છે.

જેનાથી આરોગ્ય મળે એ સાચું ઔષધ, જેનાથી ભૂલ સુધરે એ સાચું અનુશાસન. ઔષધમાં સ્વાદિષ્ટતાનો આગ્રહ રાખવો ઉચિત નથી. અનુશાસનમાં માધુર્યનો આગ્રહ રાખવો ઉચિત નથી.

સાચો શિષ્ય એ છે જેને ગુરુના મધુર વ્યવહારથી શરમ આવે, ગુરુના તોછડા વ્યવહારથી આનંદ થાય. નડિયાદમાં એક શ્રાવક - હસમુખભાઈ. ૬૦-૬૫ વર્ષની ઉંમર હશે. ગુરુદેવને એ ફરિયાદ કરતા હતા - સાહેબ, આપ હસમુખભાઈ કેમ કહો છો ? હસમુખ કહો ને ?

**मम लाभो त्ति पेहाए** - મારો લાભ = આ બેઝ પર આપણે ઘરાક, ક્લાયન્ટ, દીકરા વગેરેનું બધું જ સ્વીકારી શકીએ છીએ. ગુરુ સમક્ષ આપણે આ બેઝથી કેમ કાંઈ વિચારી ન શકીએ ?

**अर्थी दोषं न पश्यति ।**

ગરજુ દોષને જોતો નથી. ગુરુના દોષ દેખાય એનો અર્થ એ છે કે આપણને ગુરુ તરફથી કોઈ લાભ જોઈતો જ નથી.

**દશ દિવસ રણમાં રખડીને ભયાનક રીતે તરસ્યો થયેલ માણસ માંડ પાણી મળે તો જે રીતે પાણી પીવે, તે રીતે ગુરુના પ્રત્યેક વચનનું જે પાન કરે, તે સાચો શિષ્ય, पयओ શબ્દનો તાત્પર્ય આ છે.**

**ગુરુને સંભળાવવું એ સંસારમાર્ગ - ગુરુને સાંભળવા એ મોક્ષમાર્ગ.**

**ઈહભવ પરભવ આચર્યાં પાપ અધિકરણ મિથ્યાત્વ રે**
**જે જિનાશાતનાદિક તણા નિંદીએ તેહ ગુણ ઘાત રે**

આપણા ગુણોનો ઘાત કરનાર સર્વોત્કૃષ્ટ ઘાતક છે જિનાશાતના. સૌથી વધારે જેનાથી ડરવા જેવું છે, તે છે આશાતના.

સદ્ગુરુ વિહાર કરી રહ્યા છે. પાછળ ત્રણ શિષ્યો ચાલે છે. સાંજનો સમય છે. ખુશનુમા વાતાવરણ છે. ધીમો ધીમો પવન આવી રહ્યો છે. સામેથી કોઈ ભાઈ આવે છે. એ એના પાંચ વર્ષના દીકરાને તેડીને જઈ રહ્યા હતા. થોડે આગળ ગયા, ત્યાં બીજા ભાઈ આવ્યા. એમની પાછળ એમનો પાંચ વર્ષનો દીકરો ચાલતો હતો. એ ક્યારેક ક્યારેક ગોથું-ઠેબું ખાઈ જતો હતો. થોડું આગળ ગયા એટલે ત્રીજા ભાઈ સામેથી આવ્યા. એ એમના પાંચ વર્ષના દીકરાને હાથ પકડીને ચલાવતા હતા. દીકરો ઠેસ ખાય તો એને ઠપકો આપતા હતા. એને બરાબર જોઈને ચાલવાનું શીખવાડતા હતા.

સદ્ગુરુ એમના મુકામે પહોંચી ગયા. પ્રતિક્રમણને થોડી વાર છે. સદ્ગુરુને વંદન કરીને શિષ્યો બેઠા છે. સદ્ગુરુ એક પ્રશ્ન કરે છે, રસ્તામાં આપણે ત્રણ પિતાને જોયા. કયાં પિતા સારા હતા?

એક શિષ્યે કહ્યું - પહેલા પિતા. સદ્ગુરુએ સ્મિત કરીને કહ્યું એ પિતા રૂપે શત્રુ હતા. એમનો છોકરો જાતે નહીં ચાલી શકે. તેને જ્યારે પરાણે ચાલવું પડશે, ત્યારે એને જોર પડશે. એ બધાના માથે પડવા માટે ટેવાશે, પણ જ્યારે કોઈ એને માથાનું મળશે, ત્યારે બિચારો દુઃખી થઈ જશે. પુત્રને તેડીને જ ફરનાર પિતાનો વર્તમાન ભારમય હોય છે અને તે પુત્રનું ભવિષ્ય ભીડમય હોય છે.

બીજા શિષ્યે કહ્યું બીજા પિતા. સદ્ગુરુએ કહ્યું - બીજા પિતા ઉપેક્ષક છે. ઉપેક્ષાનો એક અર્થ છે અજાણ્યાપણું. જેમ અજાણ્યા માણસને એ બાળક સાથે કોઈ જ લેવા-દેવા નથી. એમ એ પિતાને પણ એની સાથે કોઈ જ લેવા-દેવા નથી. એક અજાણ્યા માણસની ઉપેક્ષા કરતા પણ એક પિતાની ઉપેક્ષા વધુ હાનિકારક હોય છે. બાળક આમાં અનાથ બને છે અને પિતા દ્રોહી બને છે.

શિષ્યે પૂછ્યું : ‘‘દીકરાને એની રીતે ચાલવા દેવામાં ખોટું શું છે ?’’ સદ્ગુરુ સ્મિત વેરીને બોલ્યા - એ ઉદારતા નથી, કઠોરતા છે. દીકરો પડે,

આથડે, એને વાગે, લોહી નિકળે, તો ય કાંઈ વાંધો નથી, એવી આ દશા છે. આડકતરી રીતે આ દીકરાને ધક્કો મારીને પાડી દેવાની ઘટના છે.

ત્રીજા શિષ્યને પૂછવાની હવે જરૂર નથી રહી. ત્રીજા પિતા એ ખરેખર પિતા છે. આ વસ્તુ ત્રણે શિષ્યોને સમજાઈ ગઈ છે.

**पितृभिः ताडितः पुत्रः शिष्यश्च गुरुशिक्षितः ।**
**घनाहतं सुवर्णं च, जायते जनमण्डनम् ॥**

પિતાથી માર મરાયેલ પુત્ર, ગુરુ દ્વારા શિક્ષા પામેલ શિષ્ય અને ઘણના ઘા ઝીલનાર સુવર્ણ - આ ત્રણે લોકોમાં આભૂષણની જેમ શોભે છે.

**लालनाद् बहवो दोषा - स्ताडनाद् बहवो गुणाः ।**
**तस्मात् पुत्रं च शिष्यं च, ताडयेन्न तु लालयेत् ॥**

લાડના નુકશાન ઘણા છે. માર ના ફાયદા ઘણા છે. માટે પુત્ર અને શિષ્યને મારવા, પણ લાડ ન લડાવવા.

એકાન્ત મધુર પિતા પુત્ર માટે એકાન્ત કટુ સાબિત થઈ શકે છે. એકાન્ત મધુર ગુરુ શિષ્ય માટે એકાન્ત કટુ સાબિત થઈ શકે છે. કડવાશમાં પણ મીઠાશ હોઈ શકે છે, મીઠાશમાં પણ કડવાશ હોઈ શકે છે.

**वैद्य-भाण्डारि-मन्त्रिणो यस्य राज्ञः प्रियंवदाः ।**
**शरीरकोशराष्ट्रेभ्यः, स क्षिप्रं परिहीयते ॥**

વૈદ, ખજાનચી અને મંત્રી - આ ત્રણ જે રાજાના મીઠાબોલા હોય, તે રાજા શરીર, કોષ અને રાષ્ટ્રથી જલ્દીથી હાનિ પામે છે.

એકાન્ત મીઠા પિતા એ એક જોખમ છે. બાળક ત્યાં ભ્રમણામાં રહે છે કે મારા કોઈ પિતા છે. એક્ચ્યુલી એના કોઈ પિતા હોતા જ નથી. આ પણ એક પ્રકારનું અનાથપણું છે. પિતાની ગેરહાજરીના અનાથપણા કરતાં પિતાની હાજરીનું અનાથપણું વધુ ભયાનક છે. પિતાની શોધ અને સાવધાની આ બે દ્વારા પિતાની ગેરહાજરીનું અનાથપણું હજી કંઈક સારી સંભાવનાવાળું હોય છે. પિતાની હાજરીના અનાથપણામાં આ સંભાવના પણ નથી રહેતી.

ત્રણે શિષ્યો સદ્ગુરુને એકીટસે જોઈ રહ્યા છે. સદ્ગુરુનો આશય હજી સ્પષ્ટ સમજાતો નથી. સદ્ગુરુની આંખોમાં કંઈક રહસ્ય દેખાઈ રહ્યું છે. સદ્ગુરુ હોઠ ખોલે છે અને એ રહસ્યને છતું કરે છે – ‘‘ગુરુ મને ખૂબ જ પંપાળીને રાખે આવી જ્યારે ઈચ્છા જાગે, ત્યારે આપણને પહેલા પિતા જેવા ગુરુ જોઈતા હોય છે. હકીકતમાં ત્યારે આપણને ગુરુના સ્વરૂપે શિષ્ય જોઈતા હોય છે. જે આપણી બધી જ અનુકૂળતા સાચવે. શારીરિક-માનસિક બધી જ. કોમળ અને મીઠા ગુરુની ઈચ્છા એ હકીકતમાં ગુરુની અનિચ્છા છે. ‘મને આવા ગુરુ જોઈએ છે’ – એનો અર્થ એ છે કે મને ગુરુ જોઈતા જ નથી. આવા ગુરુની શોધનો અર્થ છે ગુરુનો વિરોધ. આવા ગુરુ મળી જાય એટલે એ ગુરુએ આપણને આજીવન તેડી રાખવા પડે છે. પ્રસન્નતાપૂર્વક આ ભક્તિને ભોગવીએ છીએ અને આપણે ગુરુકૃપાપાત્ર છીએ એવું જાહેર કરીએ છીએ.

આ સમગ્ર ઘટનામાં આપણી શુદ્ધ છેતરપિંડી સમાયેલી હોય છે. આપણે ફક્ત મૂર્ખ બનીએ છીએ. આપણી એ ભ્રમણા હોય છે કે આપણે સાધનાપથ પર આવ્યા... આપણે મોક્ષમાર્ગ પર આવ્યા... હકીકતમાં આપણે સંસારમાર્ગે જ દોડી રહ્યા હોઈએ છીએ.

ગુરુ આપણામાં કોઈ જ દખલગિરી ન કરે એવું જ્યારે આપણે ઈચ્છતા હોઈએ છીએ, ત્યારે આપણને બીજા પિતા જેવા ગુરુ જોઈતા હોય છે. હું પડું એનો વાંધો નથી. મને લોહી નીકળે એ પણ ચાલશે. પણ ગુરુ મારામાં કોઈ પણ દખલગિરી કરશે એ તો નહીં જ ચાલે.

આ સ્થિતિમાં આપણને કોઈ ગુરુ નથી જોઈતા હોતા. પૂતળું જોઈતું હોય છે. એમ કહેવાય – કે એ છે. ને એ કશું કરે નહી. આપણે જેને ‘પૂતળું’ બનાવ્યા હોય, એમના માટે એમ કહેવું કે એ મારા ગુરુ છે, એ પણ ગુરુ શબ્દનું અપમાન હોય છે.

છગન એક વાર એક ઝૂંપડપટ્ટીમાં ગયો. ત્યાં ઘણી ચહલપહલ હતી. કેટલાય ગુંડા જેવા લોકો રુવાબ મારતા હતા. એક માણસ ખૂણામાં બેઠો

હતો. એનો કોઈ ભાવ ન'તું પૂછતું. જાણે એ હોય જ નહીં, એવી રીતે લોકો એની આજુ બાજુમાંથી પસાર થતા હતા. ત્યાં તો કોઈ આવ્યું. ત્યાંથી પસાર થતા થતા બોલ્યું – ''એ રાજા – હટ અહીંથી.'' ને છગન ચમક્યો. એણે કોઈને પૂછ્યું – ''એ કોણ છે ?'' તે વ્યક્તિએ જવાબ આપ્યો – ''એ રાજા છે.'' છગનની મૂંઝવણ મટવાને બદલે પાકી થઈ ગઈ. છગને ફરી પૂછ્યું. એ અહીંનો રાજા છે ? પેલા માણસે કહ્યું – ''ના રે ના, એનું તો નામ રાજા છે.''

રાજા હોવું એ વિશિષ્ટ વાત છે. રાજા ન હોવું એ સામાન્ય વાત છે. નામના રાજા હોવું એ નામોશીની વાત છે.

ચૂપ ગુરુ એ શિષ્યનું કલંક છે. શિષ્યની અપાત્રતાની બોલતી જાહેરાત છે. શિષ્યની દીર્ઘ-સંસારિતાનું લક્ષણ છે. ગુરુના બંધ હોઠનો અર્થ છે – મોક્ષના દ્વાર બંધ છે. ગુરુના ખુલ્લા હોઠનો અર્થ છે – મોક્ષના દ્વાર ખુલ્લા છે.

ચૂપ ગુરુ જોઈએ છે – નો અર્થ એ છે કે આપણને શિલ્પી જોઈએ છે ટાંકણા નથી જોઈતા. કુંભાર જોઈએ છે, ઘાટ નથી જોઈતો. તો પછી ગુરુ જોઈએ છે જ શા માટે ? આપણે કદાચ કબૂલ નહીં કરીએ, પણ એનો જવાબ કદાચ એ હશે કે આપણે દેખાડવું છે કે મારે માથે ગુરુ છે. હું કોઈનો શિષ્ય છું. હું કોઈને સમર્પિત છું. પણ એ દેખાડવા પૂરતું જ. બાકી આપણે માથે કોઈને રાખવા જ નથી.

તો 'ચૂપ ગુરુ જોઈએ છે' – નો અર્થ એ છે કે આપણે દેખાડવા માટે ગુરુ જોઈએ છે. સ્વીકારવા માટે નથી જોઈતા. એનો અર્થ – આપણે દુનિયાને છેતરવી છે. એનો અર્થ – આપણે આપણને છેતરવા છે. એનો અર્થ – આપણે મૂર્ખ છીએ.

**गृणाति शास्त्रार्थं तत्त्वं वेति गुरुः ।** જે શાસ્ત્રોપદેશ/તત્ત્વોપદેશ આપે તે ગુરુ. ચૂપ ગુરુ આ પરસ્પર વિરોધી શબ્દો છે. જેમ કે પોચો પથ્થર. પથ્થર હોય તો પોચો કઈ રીતે ? પોચો હોય તો પથ્થર કઈ રીતે ? એના જેવી આ વાત છે.

જેને બોલતા ગુરુ જોઈએ છે, એના માટે ગુરુનું મૌન પણ પ્રેરણા બને છે. ખરો સવાલ પ્રેરણા છે કે નહીં, એનો નથી. ખરો સવાલ પ્રેરણાની તરસ છે કે નહીં, એ જ છે. તરસ નથી, તો પ્રેરણાનો કોઈ અર્થ જ નથી. યાદ આવે પૂ. હરિભદ્રસૂરિ મહારાજા -

**शुश्रूषा चेहाद्यं लिङ्गं खलु वर्णयन्ति विद्वांसः ।**
**तदभावेपि श्रावण-मसिरावनिकूपखननसमम् ।। षोडशक ।।**

વિદ્વાનો કહે છે કે શુશ્રૂષા એ અહીં પહેલું લક્ષણ છે. એના વિના પણ સંભળાવવું એ શિરા વગરની ભૂમિમાં કૂવો ખોદવા બરાબર છે.

સદ્ગુરુ હવે ત્રીજા ભાઈના ઉદાહરણ પર આવે છે. ત્રીજા પિતા સાચા પિતા છે. એ ફક્ત પોતે ચાલતા નથી. પુત્રને ચલાવે પણ છે. ફક્ત પોતાને નથી સંભાળતા, પુત્રને પણ સંભાળે છે.

સદ્ગુરુનો સાર આ છે - મોક્ષમાર્ગ પર સ્વયં ચાલે અને બીજાને ચલાવે, તે સદ્ગુરુ. સદ્ગુરુ તેડી લે તો સારું પડે - એવું લાગે. પણ મુખ્યવૃત્ત્યા એ શક્ય નથી. ભૌતિક માર્ગ પર કોઈ તમારા પ્રયાસ વગર, તમારા આયાસ વગર તમને ઉંચકીને ક્યાંક પહોંચાડી દે તે શક્ય છે. આધ્યાત્મિક માર્ગ પર વધુમાં વધુ માર્ગદર્શન આપી શકાય છે. તમારી દરેક તસુની યાત્રા તમારા પર જ નિર્ભર હોય છે. તમે નિષ્ક્રિય હો ને કોઈ તમને એક તસુ જેટલા પણ આગળ વધારી શકે એ તદ્દન અશક્ય છે.

હા, સદ્ગુરુ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને પૂર્ણ સમર્પણ હોય, એટલે તમારો વ્યર્થ ક્લેશ સમાપ્ત થઈ જાય. યાત્રા તદ્દન સહજ અને સરળ બની જાય. એ અપેક્ષાએ સદ્ગુરુએ તમને તેડી લીધા હોય - એવું અવશ્ય કહી શકાય.

સદ્ગુરુ એ છે જે ત્રીજા પિતા જેવા હોય. સદ્શિષ્ય એ છે જેને ત્રીજા પિતા જેવા ગુરુ જોઈતા હોય.

* * * * *

|| ૧-૨૮ ||

ગુરુનું અનુશાસન જેને અળખામણું લાગે છે તે અસાધુ છે- અસાધક છે, એ મોક્ષયાત્રી નથી. ગુરુવચન પ્રત્યેની અપ્રીતિ અને મોક્ષયાત્રા આ બંને પરસ્પર વિરોધી વસ્તુ છે. આ બંને એક સાથે હોય, એવું શક્ય જ નથી.

સદ્ગુરુના સો શિષ્ય હતાં. આગમની એક વિધિ છે કે ગચ્છમાં અમુક ઉપધિ કોમન હોય. જેને ગુરુનિયુક્ત કહેવાય. મહાત્માઓની ફરજ છે કે પોતાનું પડિલેહણ કરતાં પહેલા ગુરુ, ગ્લાન વગેરેનું પડિલેહણ કરવું અને ગુરુનિયુક્તનું પણ પડિલેહણ કરવું. સદ્ગુરુને એક દિવસ ખ્યાલ આવ્યો કે આજે ગુરુનિયુક્ત ઉપધિનું પડિલેહણ કરવું રહી ગયું છે. એમણે સો શિષ્યોને ઉપાલંભ આપ્યુ. એમનો પ્રમાદ, બેદરકારી, આજ્ઞાભંગ આ દોષોની ગંભીરતા સમજાવી.

એક શિષ્યને આ સાંભળીને પોતાના પ્રમાદ માટે સખત પસ્તાવો થયો.

**हा हा दुट्ठु कडे साहू, हा दुट्ठु अणुचिंतिरे ।**

**हा दुट्ठु भाणिरे साहू, हा हा दुट्ठु अणुमए ॥**

હાય મેં ખોટું કર્યું, ખોટું વિચાર્યું, ખોટું બોલ્યો, ખોટી અનુમતિ આપી... પરમ સંવેગ રસમાં ઝીલી રહેલા તે મહાત્મા કેવળજ્ઞાન પામ્યા.

બીજા કેટલાંક શિષ્યોએ પશ્ચાત્તાપ દ્વારા ખૂબ કર્મનિર્જરા કરીને કેવળજ્ઞાનને નિકટ લાવી દીધું. અમુક શિષ્યોએ વિચાર્યું કે ગુરુ મહારાજનું વાત્સલ્ય ઓછું થઈ ગયું છે. અમુક શિષ્યોએ વિચાર્યું કે રોજ કરીએ છીએ, એનું કાંઈ નહીં ને આજે એક દિવસ ન કર્યું તો તરત નોંધ લીધી. અમુક શિષ્યોને થયું કે ગુરુ મહારાજને અમારો દોષ જ દેખાય છે. અમુક શિષ્યોને થયું કે ગુરુ મહારાજ આપણા પર તૂટી પડવાનો ચાન્સ જ શોધી રહ્યા છે. અમુક શિષ્યોને થયું કે ગુરુ મહારાજ આપણા દુશ્મન છે. એક શિષ્યે નક્કી કર્યું કે હવે હું ય ગુરુનું બરાબર ધ્યાન રાખું છું. એમની એક ભૂલ થવા દો, પછી જુઓ હું કેવો તૂટી પડું છું. !

સદ્ગુરુનું વચન એનું એ જ હતું. સો શિષ્યોએ એના આલંબને સો યાત્રાની શરૂઆત કરી હતી. કોઈએ મોક્ષની, કોઈએ સદ્ગતિની, કોઈએ દુર્ગતિની...

પાણી એનું એ હોય છે. સાપના મોઢામાં જાય એટલે ઝેર બને છે. ગટરમાં જાય એટલે ગંદકી બને છે. ગાયના પેટમાં જાય એટલે દૂધ બને છે. અને સ્વાતિ નક્ષત્રમાં છીપમાં જાય એટલે મોતી બને છે. પ્રકૃતિ સુંદર વસ્તુ પણ પાત્રવિશેષથી જુદું જુદું પરિણામ લાવી શકે છે. ગુરુવચન પ્રકૃતિસુંદર છે. સુંદર પાત્રમાં તેનું પરિણામ સુંદર આવે છે. ખરાબ પાત્રમાં તેનું પરિણામ ખરાબ આવે છે.

**ભગવદ્ગીતા**માં મજાની વાત કરી છે -

**अपि चेत् सुदुराचारो भजते मामनन्यभाक् ।**
**साधुरेव स मन्तव्यः सम्यग् व्यवसितो हि सः ॥**
**क्षिप्रं भवति धर्मात्मा, शश्वत् शान्तिं च विन्दति ।**
**कौन्तेय ! प्रतिजानीहि, न मे भक्तः प्रणश्यति ॥**

જે ખૂબ જ દુરાચારી છે, તે ય જો મને અનન્ય રીતે ભજે, તો એને ય સજ્જન જ માનવો, તે બરાબર જ કરે છે. તે જલ્દીથી ધર્માત્મા થાય છે. શાશ્વત શાંતિને પામે છે. અર્જુન ! તું સમજી લે, મારા ભક્તનો વિનાશ થતો નથી.

અહીં માર્ક કરવાની વસ્તુ એ છે કે અનેક દુરાચારોના માઈનસની વચ્ચે પણ એમનો જે પ્લસ પોઈન્ટ છે તે છે - અનન્યભાવે ભજન. અર્થાત્ એ વ્યક્તિના બીજા બધાં દોષોને આ એક ગુણ પહોંચી વળશે- પ્રભુ પ્રત્યેની નમ્રતા, ઉપાસના અને સમર્પણ. અહમ્‌ને ઓગાળવાના આ બધાં માધ્યમ હોય છે. જેનો અહમ્ ઓગળી ગયો એ સજ્જન થઈ ગયો. હવે એનામાં બધા જ ગુણો આવશે.

અહમ્ એ આત્માનો અભિશાપ છે. અહમ્ વધારનારી દરેક વસ્તુ આત્માનો અભિશાપ છે, પછી એ સત્તા હોય, સંપત્તિ હોય કે પ્રસિદ્ધિ

હોય, દુનિયા ભલે એને સારી માનતી હોય, એક્ચ્યુલી એ આત્માનું દુર્ભાગ્ય હોય છે. એના દ્વારા અહંકારગ્રસ્ત જીવ પોતાને જ દેવ-ગુરૂ માની લે છે. પોતે કરે તે ધર્મ ને પોતાની કોઈ ભૂલ કાઢે તે પાપ - આ બેઝ પર જીવે છે. પાપાનુબંધી પુણ્યનો ઉદય હોય ત્યાં સુધી એમની આ ભ્રમણા ટકી રહે છે. તેના બાદ તેમનો આ આત્મિક રોગ જ તેમને ભરખી જાય છે.

તમારી અને ગુરૂની વચ્ચે જે આવે છે એને ફગાવી દો. પછી ભલે ને એ અબજો રૂપિયા કેમ ન હોય ? પછી ભલે ને એ પી.એમ. ની સીટ પણ કેમ ન હોય ? એ જ તમારી નરક છે. એ જ તમારું ભયાનક ભવભ્રમણ છે. ગુરૂ પ્રત્યેનું પૂર્ણ સમર્પણ એ ખરા અર્થમાં અબજો રૂપિયા છે. ગુરુના ચરણોમાં સ્થાન એ ખરા અર્થમાં પી.એમ. ની સીટ છે.

ભિખારી ફૂટપાથ પર બેઠો હતો. તેના હાથમાં એક નોટ હતી. એમાં જોઈને એ વારંવાર ઝૂમી ઉઠતો હતો. કોઈ માણસે એને કારણ પૂછ્યું. એણે એ નોટ ધરી દીધી. માણસે જોયું. એ નોટ તો આખી કોરી હતી. ફક્ત એમાં વચ્ચે એક પાનામાં 'રામ' લખ્યું હતું. એ માણસે નોટ પાછી આપતા કહ્યું કે ''આ નોટમાં તો કાંઈ છે નહીં.'' ભિખારીએ કહ્યું, ''એમ તો મારા જીવનમાં પણ કાંઈ જ છે નહીં, પણ આ ખાલીપાના વચ્ચે પણ જો 'રામ' જડી જાય, તો એમાં ઓછું શું છે ? શું એટલું મળવાથી આપણે ન્યાલ નથી થઈ ગયા ?'' જેના પાસે ફૂટી કોડી પણ નથી, પણ ગુરુ છે, એ તમને મહાશ્રીમંત લાગે, જેની પાસે અબજો રૂપિયા છે, પણ ગુરૂ નથી એ તમને સાવ જ કંગાળ લાગે, ત્યારે તમે ગુરૂને બરાબર સમજ્યા હો છો.

આજે કદાચ તમારી પાસે અબજો રૂપિયા પણ નથી ને કદાચ પૂર્ણ ગુરુ સમર્પણ પણ નથી, છતાં ખરો પ્રશ્ન આ નથી - નો નથી. ખરો પ્રશ્ન એ છે કે તમે કોને ફાટી આંખે જુઓ છો ? તમને શેમાં શ્રીમંતાઈ ને સ્ટેટસ-ના દર્શન થાય છે ?

મને લાગે છે કે આપણે આપણા નામની પાછળ પદ, ફર્મ વગેરે

લગાડતા હોઈએ છીએ, તેને બદલે આપણા નામની આગળ આપણા ગુરૂનું નામ લગાડતા થઈ જઈએ... તો આ દિશાની યાત્રા શરૂ થઈ જાય, પેલી થોયના શબ્દો યાદ આવે...

**શ્રી તપગચ્છ નાયક વિજય સેન સૂરિ રાજ,**
**તસ કેરો શ્રાવક ઋષભદાસ ગુણ ગાય.**

મહાત્મા પોતાના નામની આગળ અમુક ગુરૂના શિષ્ય એમ લખે છે. જે કોઈના શિષ્ય નથી, તેમની કોઈ કિંમત નથી, તે મહાત્મા જ નથી. કોઈના શિષ્ય હોવાનો અર્થ એ છે કે એમણે જ્ઞાન અને આચરણની પરંપરાને આંશિક પણ ઝીલી છે. એ કંઈક પણ પામેલો છે.

ગુરૂ વગરના ગૃહસ્થો જે હદની ભૂલો અને છબરડાઓ કરે છે, એ તમને મહાત્મામાં કદી દેખાશે નહીં. ગુરૂ વગરના હોવું એ જ દુનિયાની સૌથી મોટી ભૂલ છે, સૌથી મોટો છબરડો છે. જે અનેક ભૂલો અને છબરડાઓનો આધારસ્તંભ બની રહે છે.

બે વ્યક્તિથી હંમેશા ડરતા રહો, (૧) ગુરૂથી. ગુરૂનો ભય હોવો એટલે પાપ કરતાં હોઈએ ત્યારે ગુરૂથી ડરવું અને પાપથી અટકવું. (૨) જેના કોઈ ગુરૂ નથી તેનાથી. એનાથી એટલા માટે ડરો, કે એ ગમે તે કરી શકે છે. બીજા શબ્દોમાં - (૧) ગુરુથી ડરો (૨) જે ગુરુથી નથી ડરતો એનાથી ડરો. જેના માથે કોઈ ગુરૂ નથી એ વ્યક્તિ પોતાના માટે અને બીજાના માટે જોખમરૂપ બની રહે છે.

**ઝાડ વિના પાન નહીં,**
**ગુરૂ વિના જ્ઞાન નહીં.**

ગુરૂ સાથેનું જોડાણ એ જ્ઞાન સાથેનું જોડાણ છે. ગુરૂ સાથેનું ભંગાણ એ જ્ઞાન સાથેનું ભંગાણ છે.

**ज्ञानेन हीनाः पशुभिः समानाः ।**

જેમનામાં જ્ઞાન નથી, તેઓ પશુ સમાન છે.

તો ફલિત એ થશે, કે તમારા કોઈ ગુરૂ હોય એ તમારા માનવપણાનું પ્રમાણપત્ર છે, ગુરૂ તમને પશુમાંથી માનવ બનાવે છે. તમારા માથે કોઈ જ ગુરૂ નથી, તો તમે પશુ છો. પશુના જીવનમાં કોઈ નીતિ-નિયમનો અવકાશ હોતો નથી. તેમ તમારા જીવનમાં પણ કોઈ નીતિ-નિયમનો અવકાશ નહીં રહે.

વૈદિક પરંપરામાં બ્રાહ્મણ માટે એક સરસ શબ્દ છે - દ્વિજ. જેના બે જન્મ છે તે દ્વિજ. એક જન્મ માતા આપે. બીજો જન્મ ગુરૂ આપે.

**जन्मना ब्राह्मणो जातः संस्काराद् द्विज उच्यते ।**

જન્મથી બ્રાહ્મણ થાય છે, સંસ્કારથી દ્વિજ થાય છે.

જન્મ વખતે આપણને માત્ર ખોળિયું મળે છે. ગુરૂ આપણી આંખોમાં પ્રવચન-અંજનથી અંજનશલાકા કરે, ત્યારે આપણી પ્રાણપ્રતિષ્ઠા થાય છે. ત્યારે ખરા અર્થમાં આપણો જન્મ થાય છે. ગુરૂની ગેરહાજરી એ જ આપણી શૂન્યતા. ગુરૂની હાજરી એ જ આપણી પૂર્ણતા.

સદ્ગુરૂ આપણામાં જેમ જેમ પ્રવેશ કરતા જાય, તેમ તેમ અહમ્ આપણામાંથી વિદાય લેતો જાય છે. અહમ્ આપણામાં જેમ જેમ પ્રવેશ કરતો જાય, તેમ તેમ સદ્ગુરૂ આપણામાંથી વિદાય લેતા જાય છે. અર્થાત્ આપણામાં અહમ્ વધે એવી બધી જ વસ્તુની કિંમત આપણું કલ્યાણ હોય છે.

'શ્રીમંતોથી શાસન ચાલે છે કે પૈસાથી જ ધર્મ થાય' - આવી માન્યતા શુદ્ધ ભ્રાન્તિ છે. પૈસા વગર દાનધર્મ શી રીતે થાય ? આ પ્રશ્નનો જવાબ એ છે કે દાનધર્મ પૈસાથી નથી થતો, પૈસાના ત્યાગથી થાય છે. આનું સમાંતર સત્ય એ પણ છે કે પૈસાના ત્યાગથી જ દાન-ધર્મ થાય એવું પણ નથી. રોટલીના એક ટુકડાથી પણ દાનધર્મ થઈ શકે છે. અડદના બાકુળાથી ય દાનધર્મ થઈ શકે છે.

શ્રીમંતોથી શાસન ચાલી શકે, પણ એ જિનશાસન નહીં, એમનું પોતાનું

શાસન. ધર્મને શ્રીમંતોને હવાલે કરીને પછી શ્રીમંત કહેશે એ જ ધર્મ કરવો પડશે. શ્રીમંતોને ધર્મનાયક બનાવવા અને સંવિજ્ઞ ગીતાર્થ પૂજ્યોની ઉપેક્ષા કરવી, આનો અર્થ છે ધર્મને સમાપ્ત કરવો. જ્યાં શ્રીમંતની આજ્ઞા ચાલતી હોય, ત્યાં ધર્મ જીવી જ ન શકે. તેથી ફલિત એ થશે કે શ્રીમંતોથી જે ચાલે છે, તે ધર્મ નથી હોતો, ધર્મનું મડદું હોય છે.

ધર્મની આગેવાની લેવાની યોગ્યતા અગીતાર્થ સાધુ સુદ્ધામાં નથી હોતી, તો પછી શ્રીમંતોનો તો અવકાશ જ ક્યાંથી રહે ? આપણા હજારો વર્ષોના ઈતિહાસમાં આપણા ધર્મક્ષેત્રમાં જે આર્થિક જરૂરિયાતો ન હતી, તેથી જરૂરિયાતોને બિનજરૂરી રૂપે ઉભી કરવાને કારણે આપણને શ્રીમંતોની જરૂર વર્તાતી હોય છે. એ આર્થિક જરૂરિયાતોને પૂરી કરવાના પ્રયાસને બદલે આપણે એ આર્થિક જરૂરિયાતોને પૂરી કરી દેશું, તો આપણે સર્વજ્ઞકથિત ધર્મને આરાધી શકશું અને શ્રીમંતકથિત ધર્મથી મૂક્ત થઈ શકશું.

જો શ્રીમંતો શાસન માટે જરૂરી હોત તો પૂનમચંદ શેઠને પોતાની બધી જ મૂડી-મિલકત સાત ક્ષેત્રમાં આપી દઈને પુણિયા શ્રાવક થવાની જરૂર શું હતી ? ભગવાને કે ગણધર ભગવંતોએ એમને રોક્યા કેમ નહીં ? સાધર્મિકભક્તિ માટે થોડી વધુ કમાણી કરવાના બદલે તેમણે સજોડે એકાંતરા ઉપવાસ કેમ શરૂ કર્યા ?

પૈસો એ જ પાપ - જ્યાં સુધી આ સત્ય સમજાશે નહીં, ત્યાં સુધી આપણું ઠેકાણું પડવાનું નથી. પૈસો એ પાપ, પૈસાદાર એ પાપી- આ બંને સમાનાર્થી વાક્યો છે. એક અપેક્ષાએ પરિગહ એ સૌથી મોટું પાપ છે, કારણ કે એ આપણને પાપ લાગતું નથી. **જે પાપ પાપ ન લાગે તે સૌથી મોટું પાપ.** કસાઈ વિશિષ્ટ હિંસા-કરતો હોવાથી આપણને મોટો પાપી લાગે છે. બરાબર તે જ રીતે શ્રીમંતો વિશિષ્ટ પરિગ્રહ કરતા હોવાથી મોટા પાપી કેમ નહીં ? ખરો ધર્મી એ છે કે જેને શ્રીમંતો પર દયા આવે છે. ખરો ધર્મી એ છે કે જેને શ્રીમંતોમાં એ તગડો બકરો દેખાય છે, જેને હલાલ કરી દેવાનો છે.

શ્રીમંતોને થાબડીને, સાચવીને છાવરીને જ ધર્મ થઈ શકે, આવી ભ્રાન્તિમાંથી આપણે જલ્દીથી બહાર આવી જવા જેવું છે. ધર્મને શ્રીમંતની જરૂર નથી. શ્રીમંતને ધર્મની જરૂર છે.

કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યની એક ઘટના ક્યાંક વાંચી હતી. તેમણે પોતાના ગુરૂ દેવચન્દ્રસૂરિજી પાસે માંગણી કરી, ''આપની પાસે સુવર્ણસિદ્ધિ છે. તે આપ આપો તો તેના દ્વારા કુમારપાળ મહારાજા બીજા પણ અનેક દેશોમાં અમારિ પ્રવર્તન કરાવી શકે.'' પૂ. દેવચન્દ્રસૂરિજીએ જવાબ આપ્યો, ''જો સોનાથી જ ધર્મપ્રવર્તન થતું હોત, તો પ્રભુ વીરે શ્રેણિક મહારાજાને સૌથી પહેલા સુવર્ણસિદ્ધિ આપી દીધી હોત. પણ તેવું નથી. પ્રભુએ તો શ્રેણિક મહારાજાને ય બધું છોડી દેવાનો ઉપદેશ આપ્યો હતો.''

કુમારપાળ મહારાજા દીક્ષા લે એ વધું સારું ? કે અઢાર દેશમાં અમારિ પ્રવર્તન કરાવે એ વધુ સારું ? કુમારપાળ મહારાજાને ખબર હતી કે શું વધુ સારું, માટે જ એ રોજ પ્રભુના ચરણોમાં ઝુરતા હતા..

**त्वच्छासनस्य भिक्षुत्वं देहि मे परमेश्वर !** પ્રભુ ! મને તમારા શાસનનું સાધુપણું આપી દો.

ધર્મ હંમેશા દેવ-ગુરુ પસાય જ ચાલે, શ્રીમંત પસાય નહીં. શ્રીમંતનો વિરોધ નથી, શ્રીમંત પોતાના નિસ્તારની ઈચ્છાથી સદ્વ્યય કરે એનો ય વાંધો નથી. શ્રીમંત પોતે જ આચાર્ય ને ગચ્છાધિપતિ થઈ જાય, ત્યારે બધી તકલીફ શરૂ થાય છે.

* * * * *

॥ ૧-૨૯ ॥

દવા અને વૈદનો વાંક કાઢનાર, એમને ભાંડનાર, એમની પાસે શરતો રજુ કરનાર રોગી હકીકતમાં પોતાના રોગનું હિત કરતો હોય છે.

* * * * *

અનુચ્ચ આસન પર બેસવું જોઈએ. દ્રવ્યથી બહુ હાઈટ ન હોય, તે અનુચ્ચ આસન કહેવાય. ભાવથી સસ્તુ હોય, તે અનુચ્ચ આસન કહેવાય. એવા આસનનો જ ઉપયોગ કરવાથી નમ્રતા આવે. અહં - થી બચી શકાય.

કોઈ પણ ખરીદી કરતા પહેલા એટલો વિચાર કરો, કે આનાથી મને રાગ તો નહીં થાય ને ? આનાથી મને અહંકાર તો નહીં જાગે ને ? **જેનાથી તમને અહંકાર થવાની સંભાવના છે, તેની ખરીદી કરવી એ સ્મશાનયાત્રાના સામાનની ખરીદી કરવા બરાબર છે. કારણ કે રાગ કે અહં એ આપણી સ્મશાનયાત્રા છે.**

ઉત્તરાધ્યયનસૂત્રના સાતમા અધ્યયનમાં એક ઘટના છે - ઘરના આંગણામાં એક બાજુ ગાય ને વાછરડું છે. બીજી બાજુ બકરો છે. બકરાને પૌષ્ટિક સ્વાદિષ્ટ ખોરાક ને પોતાને સૂકું ઘાસ. આ મુદ્દે વાછરડાને ઓછું આવે છે. એ ગાયને ફરિયાદ કરે છે. ગાય કહે છે -

**आउरचिण्हाइं एयाइं जाइ चरइ णंदओ ॥ उत्तराध्ययननिर्युक्ति ॥**

આજે એ બકરો મજામાં છે. માલ-પાણી ઉડાવે છે. પણ આ બધા એના મરવાના લક્ષણ છે.

વાછરડાને કશું સમજાતું નથી. ચાર દિવસ પછી એ જૂએ છે. ઘરે કોઈ મહેમાન આવ્યા છે. ઘરમાલિક મોટો છરો લઈને આવે છે. પેલા બકરાનું ગળું કાપી નાંખે છે. ચકળ વકળ આંખો ફેરવતો પેલો ઢળી પડે છે. લોહીનું ખાબોચિયું થઈ જાય છે. વાછરડું ગભરાઈને ગાયની સોડમાં સંતાઈ જાય છે. ગાય વાછરડાને કહે છે, તે માલ-પાણી નથી ખાધા માટે તારે ડરવાની કોઈ જરૂર નથી. સૂકું-સાદું વાપરવું એ દીર્ઘાયુનું લક્ષણ છે.

**આચારાંગસૂત્ર** કહે છે -

**पंतं लूहं च सेवंति वीरा समत्तदंसिणो ॥**

સમદર્શી વીર પુરુષો છેલ્લી ગુણવત્તાવાળી અને રૂક્ષ વસ્તુ વાપરે છે.

**अप्पेण वित्तिमेसिज्जा एयं पंडियलक्खणं ।**

થોડાથી નિર્વાહ કરી લેવો એ સમજદારનું લક્ષણ છે.

સાદગી એ ખરો વૈભવ છે. સાદગી ગમે ને સાદગી ફાવે એ કદી દુઃખી થઈ શકતો નથી. વિશિષ્ટ વસ્તુનો ઉપયોગ વિશિષ્ટ રાગ અને વિશિષ્ટ અહંકારનું કારણ બને છે. પછી કાયમ વિશિષ્ટ વસ્તુની આશા ઉભી થાય છે. તેનાથી દીનતા આવે છે. તેનાથી સત્ત્વહાનિ થાય છે, તેનાથી સર્વ કાર્યો સીદાય છે.

નાદિરશાહ દિલ્લીના તખ્તા પર બેઠો, તે દિવસની વાત. રાજદરબારમાં તેણે પાણી માંગ્યું. નર્તકી નૃત્ય કરતી કરતી પ્યાલીમાં પાણી લાવી. નાદિરશાહ આ બધું જોઈને કંટાળી ગયો. એણે એના માણસ પાસે પાણી માંગ્યું. એ મશકમાં પાણી લઈ આવ્યો. નાદિરશાહે એ પાણી પીધું અને કહ્યું, ''તમારા પરાજયનું કારણ મને સમજાઈ ગયું છે. એ છે તમારી વિલાસિતા.''

વિલાસીનો પરાજય નિશ્ચિત છે. **સાધક આત્મા એ છે જેને વિલાસ ત્રાસ લાગે છે.** વિલાસમાં એને પોતાનું મોત દેખાય છે. વધારાનું-બિનજરૂરી બધું જ એને ભાર લાગે છે.

**अकुए** - અસ્થિર આસન હિંસા અને ચંચળતાનું કારણ બને છે. એકાદ પાયો લાંબો/ટૂંકો હોય તેમાં કામ કરે જવામાં જીવો કચડાઈને મરી જાય તેની ઉપેક્ષા કરવાનું પાપ લાગે.

**थिरे** - સ્થિર આસન માનસિક સ્થિરતા માટે સહાયક બને છે. હાલક-ડોલક આસન મનને પણ હાલક-ડોલક બનાવી દે છે. **દશવૈકાલિક આગમ** કહે છે - **दिट्ठो तत्थ असंजमो ।**

સંક્રમણ માટ ગોઠવેલ પાટિયું વગેરે જો સ્થિર ન હોય, તો એમાં તીર્થંકરોએ અસંયમ જોયું છે.

મહાત્મા ચાતુર્માસ માટે ઘરોમાં અપારિશાટી સંસ્તારક લેવા જાય છે. આપણી ભાષામાં પાટ. એક ઘરે એક પાટ મળે છે. પણ એક પાયો ટૂંકો

હોવાથી હાલક-ડોલક થાય છે. મહાત્મા ના પાડીને પાછા જાય છે. આખો પરિવાર વિચાર કરે, આમાં શું વાંધો ? તે રાતે ઘરના વડીલ તે પાટ પર સૂવે છે. ને ટૂંકા પાયા પાસેથી સાપ પસાર થાય છે. તે જ સમયે પડખું ફેરવવાથી તે પાયો નીચે અડે છે. સાપને ઈજા થાય છે. એ છંછેડાઈને તેને ડંખ મારી દે છે. સવારે પરિવારને લીલુંછમ શબ મળે છે. પરિસ્થિતિ સમજાય છે. સર્વકથિત ધર્મ પર શ્રદ્ધા થાય છે. આખો પરિવાર દીક્ષા લે છે.

**એક નાના પણ જિનવચનનું અનુસરણ ઘણા સંકટોથી બચાવી શકે છે. એક નાના પણ જિનવચનની ઉપેક્ષા મોટા સંકટોને લાવી શકે છે.**

**अप्पुट्ठाई** - આવશ્યક કારણ વિના સાધનાને વિરામ આપવો જેના માટે શક્ય જ નથી, એનું નામ સાધક.

**यस्य ज्ञानसुधासिन्धौ, परब्रह्मणि मग्नता ।**
**विषयान्तरसञ्चार-स्तस्य हालाहलोपमः ॥ ज्ञानसारः ॥**

જ્ઞાનના અમૃતસાગર સમા પરમ બ્રહ્મમા જેની મગ્નતા છે, તેના માટે વિષયાન્તરનો સંચાર હળાહળ ઝેર સમાન છે.

ભૌતિક યાત્રા માટે પલાંઠીને છોડવી પડે છે. આધ્યાત્મિક યાત્રા માટે પલાંઠી વાળવી પડે છે. પલાંઠી એ કર્મો માટેની લાઠી છે. જે પલાંઠીને નથી સમજ્યા એ કશું નથી સમજ્યાં.

ડોશીમાં રોજ સામાયિક કરતા. શેઠ રોજ એક લાખ સોનામહોરનું દાન કરતાં. ડોશીમાની નિંદા કરતા. કે ખરો ધર્મ તો આ કહેવાય. તારી સામાયિકમાં શું બળ્યું છે ? શેઠ મરીને હાથી થાય છે. ડોશી મરીને રાજકુમારી થાય છે. જાતિસ્મરણ જ્ઞાન પામીને હાથીને શીખ આપે છે.

સામાયિક કરતાં બાહ્ય વ્યવહારો જેમને વધુ સારા લાગે છે ને દીક્ષા કરતા જેને મોટી રકમનું દાન વધુ મોટું લાગે છે, તેઓ વાસ્તવિક ધર્મને સમજ્યા જ નથી.

**णिरुट्ठाइ** - તમે તમારી સાધનામાં લયલીન થઈ જાઓ, એ કરોડો રૂપિયાના દાન કરતાં પણ મોટી વસ્તુ છે. દાન ન આપવું એવી વાત નથી

પણ પલાંઠીને એના કરતા નીચી સમજવામાં આવે છે, ત્યાં આપણે ગોથું ખાઈ ગયા હોઈએ છીએ.

એક બાજુ કોઈ નાના સાધુ કે સાધ્વીજી ભગવંત છે ને બીજી બાજુ દર વર્ષે દશ કરોડ રૂપિયાનું દાન આપનાર વ્યક્તિ છે. તમને અંતરથી કોણ વધુ મહાન લાગે ? કોના પર વધુ સદ્ભાવ જાગે ? જો દાનવીર પર વધુ સદ્ભાવ થાય છે તો આપણે ધર્મને સમજ્યા નથી.

બૌદ્ધ રાજા પાસે એક બૌદ્ધ ભિક્ષુ આવે છે.. ''મને રાજ્ય આપી દો. બધાને ધર્મ પમાડું. રાજાએ કહ્યું બધું આપનું જ છે. પહેલા આપ જે કાંઈ જાણ્યા છો, તે યાદ કરીને આવો.'' પંદર દિવસ પછી પાછા આવ્યા. ''હવે રાજ્ય આપો.'' રાજા કહે, ''હજી બરાબર યાદ કરીને આવો.'' ફરી મહિના પછી આવ્યા. રાજા કહે - ''હજુ બરાબર યાદ કરીને આવો.'' ભિક્ષુ ગયા. ચાર મહિના થઈ ગયા. પાછા આવ્યા જ નહીં. રાજા એમને શોધવા ગયા. છે'ક જંગલમાંથી મળ્યા. ''પધારો, આપને રાજ્ય આપુ.'' ભિક્ષુએ કહ્યું, ''મને મારું રાજ્ય મળી ગયું છે.''

પલાંઠીમાં કાંઈ ઓછું લાગે ત્યારે આપણે ભાવથી સાધનામાંથી ઉઠી ગયા હોઈએ છીએ. આખી દુનિયા ધર્મ પામે પણ આપણે આપણા ધર્મથી જો ચૂકી જતા હોઈએ તો એવું કરવાની ભગવાન ના પાડે છે.

**अप्पहियं कायव्वं जइ सक्का परहियं पि कारेज्जा ।**
**अप्पहियपरहियाणं अप्पहियं चेव कायव्वं ॥**

આત્મહિત કરવું જોઈએ, જો શક્ય હોય તો પરહિત પણ કરવું જોઈએ. આત્મહિત અને પરહિત આ બેમાંથી એક જ શક્ય હોય, તો આત્મહિત જ કરવું જોઈએ.

**णिरुट्ठाइ** - બિનજરૂરી ઉઠવાનો અર્થ છે સાધનાનું ઉઠમણું. એ પુરવાર કરે છે કે આપણને હજી સાધનામાં જોઈએ એવો રસ નથી. આપણે બેસશું તો સાધના આપણામાં બેસશે. આપણે બિનજરૂરી ઉઠશું તો સાધના આપણામાંથી ઉઠમણું કરશે.

દ્રવ્ય પલાંઠીનો અર્થ છે આપણે સાધના માટે બેસીએ. ભાવપલાંઠીનો અર્થ છે - સાધના આપણામાં બેસે. દ્રવ્ય પલાંઠી સાથે ભટકતા મનમાં સાધના નથી હોતી. ભાવપલાંઠી સાથે જિનાજ્ઞાપાલન માટેની બાહ્ય પ્રવૃત્તિમાં પણ સાધના હોઈ શકે છે. એક કવિએ મજાની વાત કરી છે -

પલાંઠી વળે તો મળે પદ પરમ પણ શું કરું આ અંદર થતી આવ - જાનું ?

* * * * *

॥ ૧-૩૧ ॥

ખેતર ખેડવાનો ને બી વાવવાનો સમય ચૂકી જાય, તે ખેડુત પછી આખું વર્ષ ગમે તેટલી મહેનત કરે, એનાથી તેને કોઈ ફાયદો થાય નહીં. બીજું બધું ભલે કદાચ ઓછું આવડે, અવસરને ઓળખતા આવડવું જોઈએ.

પિંડનિર્યુક્તિ આગમમાં કહ્યું છે કે ગામમાં ઘરોમાંથી ધુમાડા નીકળતા બંધ થઈ જાય, એટલે સમજવાનું કે ગોચરી જવાનો સમય થઈ ગયો.

સાધુએ જે ગામમાં લોકોનો જે જમવાનો સમય હોય એ સમયે ગોચરી માટે જવું જોઈએ. અને સમયસર પાછા ફરવું જોઈએ. ગોચરી ગયેલા મહાત્માએ ઘરોમાં કે રસ્તામાં વાતો ન કરાય, વ્યાખ્યાન ન અપાય. ખાસ કારણસર એકાદ-બે વાક્ય કહી શકાય.

આપણા ઘરે મહાત્મા ગોચરી માટે આવ્યા હોય, તેમને ગુરુવંદન કરવા માટે ઊભા ન રખાય. પચ્ચક્ખાણ ન મંગાય. આપણને કોઈ પ્રશ્ન કરવો હોય, તો ય એ સમયે ન કરાય. માંગલિક સંભળાવવા ન કહેવાય. મહાત્માને એક પણ સેકન્ડ વધારે ન રોકી રખાય. નહીં તો આપણને બાળ-વૃદ્ધાદિ પૂજ્યોના આહાર-અંતરાયનું પાપ લાગે.

જેમને થોડી ખબર હોય છે, તેઓ ઘણી ગરબડો કરતા હોય છે. લાઈટ, પંખા વગેરેને ઓન-ઓફ કરે, શાકના છોડા વગેરેને ઢસડે, શાનો ખપ છે - એમ સીધું પૂછે - તમને નહીં ખપે, એમ ન્યાય તોળી દે.

ઘર બતાવવા સાથે આવે તો 'રસોઈ થઈ છે ?' 'રોટલી થઈ છે ?' - એવા પ્રશ્નો કરે, બીજાના ઘરે રસોડા સુધી આવે. 'મહાત્માને તો આ ખપ હતો.' - ઈત્યાદિ તત્ત્વ પ્રકાશે. 'જો જો હં.. અમારા ઘર માટે જગ્યા રાખજો.' - ઈત્યાદિ શબ્દો દ્વારા ભક્તિના નામે અભક્તિ કરે. પોતાના જ્ઞાનનું પ્રકાશન કરવા માટે વહોરાવનારને ધધડાવી નાંખે. પેલા બિચારા મહાત્માની આમાન્યા સાચવવા ખમી ખાય. આ બધો અવિનય છે. આવી વ્યક્તિનો સથવારો મહાત્માને ભારરૂપ બને. મહાત્મા એમને જવાનું કહે તો એમનો ભક્તિભાવ ઓર ઉછળે. છેવટે મહાત્માએ તેમને સહન જ કરવા પડે.

સમય એ જ બધું છે. સમય સચવાય તો બધું સચવાય, સમય બગડે તો બધું જ બગડે. **काले कालं समायरे ।** કયા સમયે શું કરવું એનો વિવેક જેની પાસે નથી એનું બધું જ્ઞાન ફોગટ છે. પ્રવચનના સમયે પૂજા ન કરાય. પ્રતિક્રમણના સમયે પ્રભુભક્તિ પણ ન કરાય. વ્યાખ્યાન સાંભળવા સાથે માળા ન ગણાય. વિશેષ પર્વ દિવસોમાં ધંધો ન કરાય. સંઘમાં પ્રસંગ હોય ત્યારે બહારગામ ન જવાય.

**काले कालं समायरे...** કાળે કાળોચિત કર્તવ્ય બજાવવું, તે બુદ્ધિમાનનું લક્ષણ છે. **પંચસૂત્ર**માં કહ્યું છે કે શ્રાવકે રોજ ધર્મજાગરિકામાં વિચારવું જોઈએ - **को मम कालो ? किमेयस्स उचियं ?**

મારો કયો કાળ છે, એ કાળને ઉચિત શું છે ? શું ભૂંડના ભવનો કાળ એ જ આજનો કાળ છે ? શું ઉંદરના ભવનો કાળ એ જ આજનો કાળ છે ? હું માનવ છું. મારા આ સ્વર્ણિમ કાળમાં મારે સ્વર્ણિમ કાર્ય જ કરવું જોઈએ. 'ઉચ્ચ પ્રકાશના પંથે' પુસ્તકમાં દાદા ગુરુદેવશ્રીએ આ પદની અદ્‌ભૂત વ્યાખ્યા કરી છે.

**આચારાંગસૂત્ર**માં શ્રી સુધર્માસ્વામી ભગવાન કહે છે -

**खणं जाणाइ पंडिए ।**

જે અવસરને ઓળખે છે તે પંડિત છે.

એક કવિએ કહ્યું છે -

Miles to go before I Sleep.

હું સૂઈ જાઉં એની પહેલા મારે માઈલોનું અંતર કાપવાનું છે.

ખરો સાધક એ છે જે પ્રત્યેક ક્ષણને અતિ વિશિષ્ટ કર્મક્ષય દ્વારા સફળ કરે છે. પ્રત્યેક ક્ષણે પોતાની અને મોક્ષની વચ્ચેના અંતરને ઘટાડતો રહે છે.

સમયનો અર્થ છે વહેતી નદી, સમયનો અર્થ છે ઓગળતો બરફ. સમયનો અર્થ છે સતત પરિવર્તનશીલ તત્ત્વ, ચુસ્તી, સ્ફુર્તિ, તંદુરસ્તી, યુવાની આ પણ સમય હોય છે. રોગ, ઘડપણ, મૃત્યુ આ પણ સમય હોય છે. **પહેલા આપણે સમયની કતલ કરીએ છીએ અને પછી સમય આપણી કતલ કરે છે.**

છગન અડધી રાતે જાગી ગયો, જોયું તો ચોર એના ઘરમાં ખાખા-ખોળા કરતો હતો. એ ઘબરાઈ ગયો. છગને કહ્યું, તું ડર નહીં, શોધવાનું ચાલુ રાખ, તને કાંઈ મળે તો મને ઉઠાડજે. મને દિવસે કાંઈ મળતું નથી. તો તમને રાતે શું મળવાનું ?

માનવ જન્મ અને જૈનત્વ પામીને પણ જે પોતાના કલ્યાણની કેડીએ ચાલી શકતો નથી, તે બીજા ભવોમાં તો પોતાનું શું કલ્યાણ કરશે ?

* * * * *

॥ ૧-૩૨ ॥

સાધુ જો અનુચિત સ્થાને ઉભા રહે, તો લોકોને શંકા થાય, યા કોઈ ખાસ એમના માટે રસોઈ બનાવે, યા કોઈને અપ્રીતિ થાય. માટે સાધુનો વ્યવહાર ખૂબ જ વિવેકપૂર્ણ હોવો જોઈએ. આ વસ્તુ ધર્મી આત્માને પણ લાગુ પડે છે. ધર્મીની જવાબદારી વધી જાય છે. કારણ કે એ વગોવાય એટલે ધર્મ વગોવાય છે.

**परिवाडीए** - આ એક ઉપલક્ષણ છે. સાધુનુ અવસ્થાન જ્યા શંકાસ્પદ કે નિંદાસ્પદ બને, ત્યાં સાધુથી ન રહી શકાય.

**अपमत्तो पमत्तेहिं पिंडवायं गवेसए ।** અપ્રમત્તપણે પ્રમત્ત લોકો પાસેથી

સાધુ નિર્દોષ ગોચરીની ગવેષણા કરે. નિર્દોષ એષણાસમિતિ એ જિનશાસનની જ્વલંત પ્રભાવના છે. મેં અહીં પ્રવચન દ્વારા જે શાસન-પ્રભાવના નથી કરી, તે શાસન પ્રભાવના અમારા ગોચરી જનારા મહાત્માઓએ કરી છે. આજ સુધીમાં અનંત આત્માઓ જિનશાસનની ગોચરીચર્યાને જોઈને બોધિબીજ પામ્યા છે.

**पडिरुवेण एसित्ता** - સાધુ એનું જ ગ્રહણ કરે જે એને પ્રતિરૂપ હોય, જે એને શોભે એવું હોય. જીવનમાં કાંઈ પણ વસ્તુ લેતા પહેલા વિચારો, કે શું મને આ શોભે છે ? જે તમને શોભતું નથી, એ તમારા માટે ચપ્પલનો હાર છે.

મુંબઈના શ્રાવકને મોટો બેનિફિટ થાય એવી ભૂમિકા થઈ. એક પ્રોજેક્ટમાં તેમનું ટેન્ડર પાસ થયું. પછી તેમને ખબર પડી કે એ પ્રોજેક્ટ જે એકવીરા નામની વનસ્પતિનો હતો એ કંદમૂળ છે. તેમણે એ પ્રોજેક્ટને છોડી દીધો. લક્ષ્મીનો ચાંલ્લો લેવા જતા કેશરનો ચાંલ્લો ભૂંસાઈ જતો હતો, તો એ મરણોત્તર સમ્માન લેવા જવાની ચેષ્ટા છે.

શ્રમણજીવનની એક રોજિંદી ઘટના છે. આ ઘટના છે ગુરૂ-શિષ્યના સંવાદની. શિષ્ય ગુરુને પૂછે છે કે હું ગોચરી લેવા જાઉં છું, પણ હું કઈ રીતે ગોચરી વહોરું - **कहं लेसु ?** ગુરુ ત્રણ શબ્દમાં તેનો જવાબ આપે છે. **जह गहियं पुव्वसाहूहिं** - જે રીતે પૂર્વના સાધુઓએ ગોચરી વહોરી હતી, તે રીતે તમે પણ વહોરજો. આમાં બહુ જ મહત્ત્વનો શબ્દ છે- પૂર્વના.

'પૂર્વના'માં સમાયેલું છે પરંપરાનું હાર્દ. 'પૂર્વના'નો અર્થ છે સુધર્માસ્વામીથી માંડીને સ્વગુરુ સુધીના સુવિહિત શ્રમણો. સાધુ કદાચ શાસ્ત્રના આલંબને જેટલા દોષમુક્ત થઈ શકે, એના કરતા પણ વધુ પરંપરાના આલંબને દોષમુક્ત થઈ શકે. અમારા સંદર્ભમાં બીજા શબ્દોમાં કહીએ, તો પ્રેમસૂરિદાદા એ અમારું આચારાંગ આગમ છે. ભુવનભાનુસૂરિ દાદા એ અમારું દશવૈકાલિક આગમ છે.

પરંપરા એ આચરિત શાસ્ત્ર છે. દાદા ગુરુદેવના ચાલતી વખતના જે જે ફોટાઓ પ્રાપ્ત થાય છે, તે દરેક ફોટામાં દાદા ગુરુદેવની નજર નીચી જ છે. આ ફોટો ગુરુદેવનો છે, એનાથી વધુ આ ફોટો ઈર્યાસમિતિનો છે, આ ફોટો ઉત્તરાધ્યયનસૂત્રનો છે. અર્થાત્ ગુરુદેવ સ્વયં ઈર્યાસમિતિ છે. ગુરુદેવ સ્વયં ઉત્તરાધ્યયનસૂત્ર છે. નંદીસૂત્ર આગમ કહે છે - **से एवं आया** સાધુ સર્વ આગમોની એવી પરિણતિ પ્રાપ્ત કરે કે એ સ્વયં સર્વ આગમ સ્વરૂપ બની જાય.

કુમારપાળભાઈ વિ. શાહ ને ઉનાળામાં શાતા રહે તે માટે કલ્પેશભાઈએ એ.સી. રાખવાનો આગ્રહ કર્યો. કુમારભાઈએ તેમને એટલું જ કહ્યું, કે આપણે કોના શિષ્ય છીએ ? ગુરુદેવે દાદા ગુરુદેવની તિથિના દિવસે ગુણાનુવાદમાં પંકજ-સંઘમાં આ વાત કરી હતી.

હું માત્ર એટલો જ વિચાર કરું કે હું કોનો શિષ્ય ?... હું કોની પરંપરામાં ? ... આ પરંપરાના પૂર્વમુનિઓ કેવા ? તો મારા દોષ-પ્રમાદને દૂર કરવાનું સત્ત્વ મારામાં પ્રગટી જાય.

હું ગોચરી માટે નીકળ્યો છું. ગોચરીનો કોઈ દોષ લગાડીને વહોરી લેવાની મને ઈચ્છા થઈ છે. એ સમયે હું પ્રભુ વીરને યાદ કરું છું. ૧૭૫ ઉપવાસ ઉપર અભિગ્રહની બીજી બધી જ શરત પૂરી થઈ હોવા છતાં એક શરત પૂરી ન થઈ હોવાથી પ્રભુ પાછા ફરી રહ્યા છે. આ ઘટના મને યાદ આવે છે. હવે હું દોષ શી રીતે લગાડીશ ?

યથાશક્તિ તપ કરવામાં મારું સત્ત્વ નબળું પડે છે. ને એ સમયે મને છટ્ઠને પારણે આયંબિલના અખંડ તપથી શરીર શોષવી દેનાર ધન્ના અણગાર યાદ આવે છે. હવે મારું સત્ત્વ કેમ ઉલ્લસિત નહીં થાય ?

સ્વાદમાં મારું મન જાય, ને મને બાર વર્ષ અખંડ આયંબિલ કરનાર 'તપા' બિરુદ ધારક જગચ્ચન્દ્રસૂરિજી મહારાજ યાદ આવે. અભ્યાસમાં મને કંટાળો આવે ને ૧૪૪૪ ગ્રંથ કર્તા હરિભદ્રસૂરિજી મહારાજ યાદ આવે, રોગમાં મારું મન ચળે ને અંત સમયે ઔષધોનો ય ત્યાગ કરી દેનાર પૂ. હીરસૂરિજી

મહારાજ યાદ આવે. સંઘ માટે ઘસાતા મન પાછું પડે ને સંઘ માટે ૧૨૦૦ ગાઉનો ભયંકર ઉગ્ર વિહાર કરનાર પૂ. ધર્મસિંહસૂરિજી મહારાજ યાદ આવે. ક્રિયામાં હું પ્રમાદ કરવા જતો હોઉં ને હાર્ટ એટેક ને પેરાલિસિસ પછી પણ અપ્રમત્ત ક્રિયા કરતા પૂ. ભુવનભાનુસૂરિજી મહારાજ યાદ આવે... **जह गहियं पुव्वसाहूहिं** - એક વાક્યની અંદર વૈરાગ્ય, સત્ત્વ, ઉલ્લાસ અને અપ્રમાદનો અખૂટ ભંડાર પડ્યો છે.

શાસનરક્ષા માટે પાછળ પડતા શ્રાવકને વસ્તુપાળ મંત્રી યાદ આવે, જેમણે બાળમુનિને તમાચો મારનાર રાજાના મામાના આંગળા કપાવી દીધા હતાં. બેફામ બાઈક ચલાવનાર શ્રાવકને કુમારપાળ મહારાજા યાદ આવે જેમણે એક મંકોડાને બચાવવા માટે માંસના લોચા સાથે ચામડી ઉખાડી લીધી હતી. કાયોત્સર્ગમાં પ્રમાદ કરતાં શ્રાવકને સાગરચન્દ્ર યાદ આવે. જેમણે મરણાન્ત ઉપસર્ગ આવવા છતાં નિશ્ચલતા ટકાવી રાખી હતી. ધર્મખુમારીમાં પાછા પડતા શ્રાવકને કપર્દિમંત્રી યાદ આવે. જેમણે તિલકને ભૂંસવા કરતાં જીવતા તળાઈ જવું પસંદ કર્યું હતું. દર્શન ને પૂજામાં કોમ્પ્રોમાઈઝ કરતા શ્રાવકને સંપ્રતિ મહારાજ યાદ આવે, જેમને રોજ નવા જિનાલયનો પાયો ખોદાયાના સમાચાર સાંભળીને જ અન્ન-જળ લેવાનો નિયમ હતો. સામાયિકમાં પ્રમાદ કરતાં શ્રાવકને આનંદ શ્રાવક યાદ આવે જેણે અબજોની મિલકત છોડીને પૌષધશાળામાં સ્થિરવાસ કર્યો હતો.

**जह गहियं पुव्वसाहुहिं** । ગુરુ એમ નથી કહેતા કે નિર્દોષ ગોચરી લેજો. ગુરુ એમ પણ નથી કહેતા કે ૪૨ દોષ ન લાગે એમ ગોચરી લેજો. ગુરુ એટલું જ કહે છે કે ‘પૂર્વ સાધુઓએ જે રીતે ગોચરી લીધી હતી એ રીતે લેજો.’ એમાં નિર્દોષતા ય આવી જાય છે અને પરંપરાનું આલંબન પણ આવી જાય છે.

**पडिरुवेण एसित्ता** - મને પ્રતિરૂપ શું છે ? મને અનુરૂપ શું છે ? મને શું શોભે ? આ વિચાર વિવેકની કેડી છે. આ એક જ વિચાર આપણને ઘણા નુકશાનોથી બચાવી શકે છે.

**मियं कालेण भक्खए ।** યોગ્ય સમયે પરિમિત ભોજન કરે.

**નીતિવાક્યામૃત** ગ્રંથ કહે છે - **यो मितं भुङ्क्ते स बहु भुङ्क्ते ।** જે થોડું ખાય છે, તે ઘણું ખાય છે.

**अतिरिक्तं भुक्तं ह्युद्वामन-हादन-मारणानामन्यतमदसम्पाद्य नोपरमते ।**

વધારાનું ખાધેલું ઉલ્ટી, ઝાડા, મૃત્યુ - આ ત્રણમાંથી એકને તો નોતરે જ છે.

કોઈ વિદ્વાને કહ્યું છે. - તમે જે જમો છો તેનો ૧/૩ ભાગ તમને કામ લાગે છે. ૨/૩ ભાગ ડોક્ટરને કામ લાગે છે.

આપણે ત્યાં એક જૂની કહેવત છે -

**ભૂખ્યું એનું કદી ન દુખ્યું.**

અપોષણથી જેટલા લોકો મરે છે, તેના કરતા વધારે લોકો અતિપોષણથી મરે છે.

વિનોબા ભાવે કહેતા - મારા ખોરાકમાં પહેલા નંબરે છે સૂર્યપ્રકાશ, બીજા નંબરે છે હવા, ત્રીજા નંબરે છે પાણી અને ચોથા નંબરે - સૌથી ઓછો મહત્ત્વનો છે ખોરાક.

આગમ કહે છે -

**थोवाहारो य थोवणिद्दो य, जो होइ थोवभणिओ य ।**
**थोवोवहि - उवकरणं, तस्स हु देवा वि पणमंति ॥**

જેનો આહાર થોડો હોય, જે થોડી નિદ્રા લે, જે થોડું બોલો ને જે થોડી જ ઉપધિ-ઉપકરણ રાખે, તેને દેવો ય પ્રણામ કરે છે.

છગને જુવાન ભિખારીને કહ્યું - હટ્ટા કટ્ટા થઈને ભીખ માંગતા શરમ નથી આવતી ? ચાલ તને કામ આપું. ભિખારીએ કહ્યું, ભૂખ્યા પેટે કાંઈ કામ થતું હશે ? છગને એને એક હોટલમાં લઈ ગયો. પેટ ભરીને જમાડ્યું, ચાલ હવે કામ કરવા. ભિખારી કહે, ભરેલા પેટે કાંઈ કામ થતું હશે ?

થોડું જમે એ વધુ કામ કરી શકે. **मियं कालेण भक्खए ।** જેને કામ કરવું છે એને આકંઠ જમવું પોષાય એમ જ નથી. સાધકને તો હરગીઝ નહીં. એમાં બ્રહ્મચર્યની વાડનો પણ ભંગ થાય છે. માટે પરિમિત જમવું જોઈએ. તે પણ યોગ્ય સમયે જ જમવું જોઈએ. (અપૂર્ણ)

✳ ✳ ✳ ✳ ✳

## ✳ વિનય સંબંધી અન્ય સાહિત્ય ✳

- ❖ ધર્માચાર્ય બહુમાનકુલક
- ❖ સાધુતાનો ઉજાસ
- ❖ સાધુતાની જ્યોત
- ❖ ગુરુમાતા
- ❖ સમર્પણગીતા
- ❖ શ્રામણ્ય સંવાદ
- ❖ ગુરુસર્વસ્વમ્ ઉપનિષત્સર્વસ્વમ્-અંતર્ગત દ્વયોપનિષદ્-વાર્તિક)

પંચવસ્તુકમાં પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કહે છે - ‘‘રોજ તપચિંતવણીના કાઉસ્સગ્ગમાં તપની વિચારણા પહેલા એ વિચારણા કરવાની છે, કે ગુરુદેવે મને ક્યું કાર્ય સોપ્યું છે ?’’

તપ નંબર ટુ છે. ગુરુદેવનું કાર્ય નંબર વન છે. ગુરુદેવના કાર્યને ક્રોસ કરીને કરાતી કોઈ પણ આરાધના હકીકતમાં વિરાધના છે. મોહરાજાએ કરેલી આપણા આત્માની છેતરપિંડી છે.

# PRIYAM'S - *Upcoming Books*

| | | | |
|---|---|---|---|
| ૧. | સંયમની અંજલિ | – | દીક્ષોત્સવ પ્રવચન ઝલક |
| ૨. | જ્ઞાનની અંજલિ | – | વિવિધ વિષયક પ્રવચન ઝલક |
| ૩. | આદર્શની અંજલિ | – | વિવિધ વિષયક પ્રવચન ઝલક |
| ૪. | ઉજાસની અંજલિ | – | વિવિધ વિષયક પ્રવચન ઝલક |
| ૫. | અંતરની અંજલિ | – | વિવિધ વિષયક અંતરની વાતો |
| ૬. | ઉપમિતિની અંજલિ | – | ઉપમિતિ પ્રવચન ઝલક |
| ૭. | આત્મૈષણા | – | ધ્યાન શિબિર પ્રસ્તુતિ |
| ૮. | ધ્યાન | – | ધ્યાન શિબિર પ્રવચન ઝલક |
| ૯. | તપ | – | તપ અને પારણાની ગાઈડ |
| ૧૦. | જૈન 31st | – | સભાનતાની સરહદમાં સ્વાગત |
| ૧૧. | પારિષ્ઠાપનિકા સોલ્યુશન | – | હજાર કામ મુકીને કરવા જેવું કામ |
| ૧૨. | અહો જિનશાસનમ્ | – | હાઈટ જૈનીઝમ |
| ૧૩. | अहो जिनशासनम् | – | हाइट जैनीज़म |
| ૧૪. | ડાન્સ ગાઈડ | – | જિનશાસનના દર્પણમાં આધુનિક નૃત્ય |
| ૧૫. | ડ્રેસ ગાઈડ | – | બહેનને ભાઈની ભેટ |
| ૧૬. | Jain Organization | – | Guide - Lines |
| ૧૭. | MEDITATION | – | ગુજ.-હિંદ-અંગ્રેજી-ધ્યાનયોગ |
| ૧૮. | प्रथमोपनिषद् | – | અપ્રગટ પ્રાચીન કૃતિઓનું પ્રકાશન |
| ૧૯. | સંયમ-સંવાદ | – | વિશુદ્ધ સંયમજીવનનું પાથેય |

✳ ✳ ✳ ✳ ✳